અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

24 FEBRUARY-2026 TUESDAY | Vol. : 17 | Issue : 233 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886



3

અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરીને 80નો ખાતમો કર્યાનો પાકિસ્તાનનો દાવો: TTP-ISને ટાર્ગેટ કર્યા

4

એક વર્ષમાં ટ્રમ્પના 150 નિર્ણયોને યુએસ સુપ્રીમે અટકાવ્યા

6

ઈમરાન હાશમી 'ધુરંધર 2'નો 'મોટા સાહેબ' બનશે!: ફિલ્મમાં એક્ટરની એન્ટ્રીની ચર્ચા, 19 માર્ચે....

7

સોનું ₹3 હજાર મોંઘું, ₹1.58 લાખ પર પહોંચ્યું: ચાંદી ₹15 હજાર મોંઘી થઈને ₹2.65 લાખ પ્રતિ કિલો થઈ.....


# પશ્ચિમ બંગાળની જનતાને PM મોદીએ પત્ર લખ્યો

## CAA નો ઉલ્લેખ, ઘૂસણખોરી પર અંકુશ, રાજ્યના વિકાસની સાથે કાયદો અને વ્યવસ્થા પર વાત કરી

**નવી દિલ્હી, તા.23**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના નાગરિકોના નામે હિન્દી અને બંગાળી ભાષામાં એક પત્ર લખ્યો છે. જેમાં તેમણે CAAનો ઉલ્લેખ કરતા ઘૂસણખોરી પર લગામ, રાજ્યના વિકાસ, કાયદો અને વ્યવસ્થા અને કલ્યાણકારી યોજનાઓના મુદ્દાઓ પર પોતાની વાત રજૂ કરી છે.



PM મોદીએ પત્રની શરૂઆત જય મા કાલીના જયઘોષ સાથે કરી. તેમણે લખ્યું કે હવે બસ થોડા જ મહિનામાં પશ્ચિમ બંગાળનું ભાગ્ય સુનિશ્ચિત થઈ જશે. આવનારી પેઢીનું ભવિષ્ય કઈ દિશામાં આગળ વધશે, તે તમારા સુવિચારિત નિર્ણય પર નિર્ભર કરે છે.

મારા સોનાર બંગાળના સપના જોનાર દરેક યુવાન, વૃદ્ધ અને મહિલાઓ આજે ખૂબ પીડામાં છે. તેમની પીડાથી આજે મારું હૃદય પણ વ્યથિત છે. તેથી, મેં મનની ઊંડાઈઓથી એક સંકલ્પ લીધો છે, પશ્ચિમ બંગાળને 'વિકસિત' અને સમૃદ્ધ બનાવવાનો સંકલ્પ.

તેમણે આગળ લખ્યું- છેલ્લા 11 વર્ષમાં દેશવાસીઓના આશીર્વાદને તાકાત બનાવીને મારી સરકારે જનકલ્યાણ અને સર્વાંગી વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. ખેડૂતોના કલ્યાણથી લઈને યુવાનોના સપના સાકાર કરવા સુધી અને માતૃશક્તિના સશક્તિકરણથી લઈને સમાજના દરેક વર્ગ સુધી, અમારી નીતિઓ અને સતત પ્રયાસોના સકારાત્મક પરિણામો આજે સ્પષ્ટ દેખાઈ રહ્યા છે. રાજ્ય સરકારના અસહયોગ અને વિરોધ છતાં, આજે પશ્ચિમ બંગાળના લગભગ 5 કરોડ લોકો 'જન-ધન યોજના' દ્વારા બેંકિંગ વ્યવસ્થા સાથે જોડાયેલા છે. 'સ્વચ્છ ભારત અભિયાન' હેઠળ રાજ્યમાં 85 લાખ શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યારે રાજ્યની સત્તાધારી પાર્ટી ગરીબોનો કોળિયો છીનવી રહી છે, ત્યારે અમે નાના વેપારીઓ અને ઉદ્યોગસાહસિકોને 2.82 લાખ કરોડ રૂપિયાની લોન આપીને મદદનો હાથ લંબાવ્યો છે.

'અટલ પેન્શન યોજના' હેઠળ 56 લાખ વરિષ્ઠ નાગરિકોને વૃદ્ધાવસ્થામાં આત્મનિર્ભર બનાવવાનું સૌભાગ્ય મને મળ્યું છે. 'ઉજ્જવલા યોજના'ના માધ્યમથી 1 કરોડથી વધુ પરિવારોને રસોઈ ગેસ આપીને માતાઓ-બહેનોને ધુમાડાથી મુક્તિ અપાવીને હું ધન્ય થયો છું. જે ખેડૂતો આખા દેશનું પેટ ભરે છે, આજે પશ્ચિમ બંગાળમાં તે જ અન્નદાતા પોતાના પરિવારનું પેટ ભરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે. આવી કઠિન પરિસ્થિતિમાં 'કિસાન સન્માન નિધિ' દ્વારા 52 લાખથી વધુ ખેડૂતોને સીધી આર્થિક સહાય આપીને તેમના ચહેરા પર સ્મિત લાવીને, હું પોતાને ભાગ્યશાળી માનું છું. સ્વતંત્રતા પછી પશ્ચિમ બંગાળ દેશની અર્થવ્યવસ્થાની દિશા નક્કી કરતું હતું અને ઔદ્યોગિક વિકાસમાં અગ્રણી હતું. પરંતુ આજે આ ગૌરવશાળી રાજ્યની જર્જરિત હાલત જોઈને મારું મન વ્યથિત થઈ ઉઠે છે. છેલ્લા છ દાયકાના કુશાસન અને તુષ્ટિકરણની રાજનીતિના કારણે પશ્ચિમ બંગાળને જે અપુરણીય ક્ષતિ થઈ છે, તેનું વર્ણન કરી શકાતું નથી. સ્વામી વિવેકાનંદ અને ઋષિ અરવિંદે જે બંગાળનું સપનું જોયું હતું, તે આજે વોટ-બેંકની સંકુચિત રાજનીતિ, હિંસા અને અરાજકતામાં જકડાયેલું છે અને આ આપણા બધા માટે અત્યંત પીડાદાયક છે. પશ્ચિમ બંગાળની ધરતીના સપૂત નેતાજી સુભાષચંદ્ર બોઝના "આઝાદીના લલકાર"એ ક્યારેક આખા દેશને પ્રેરિત કર્યો હતો. તેમની જ પવિત્ર ભૂમિ ગેરકાયદેસર ઘૂસણખોરી અને મહિલાઓ વિરુદ્ધ હિંસાથી કલંકિત છે. કવિગુરુ રવીન્દ્રનાથ ઠાકુરના સોનાર બંગાળ પર નકલી મતદારો હાવી થઈ રહ્યા છે. અરાજકતાના અંધારામાં ડૂબતા પશ્ચિમ બંગાળને જોઈને આજે આખો દેશ ચિંતિત છે.

ક્યાં સુધી આપણે ચૂપચાપ આ બધું સહન કરતા રહીશું? હવે પરિવર્તન અનિવાર્ય છે. દેશના ઘણા રાજ્યોમાં આજે જીવનધોરણ સુધર્યું છે, ગરીબોના ચહેરા પર સ્મિત આવ્યું છે. 'આયુષ્માન ભારત'થી સ્વાસ્થ્ય સુરક્ષા મળી છે, યુવાનોને રોજગાર મળ્યો છે અને મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત થઈ છે. પશ્ચિમ બંગાળ પણ આ વિકાસ અને પ્રગતિનો પૂરો હકદાર છે. માતાઓ-બહેનોની સુરક્ષા સુનિશ્ચિત થાય. આપણા બાળકોને રોજગારની શોધમાં બીજા રાજ્યોમાં ન જવું પડે. બંગાળની સંસ્કૃતિ પોતાનું ખોવાયેલું ગૌરવ પાછું મેળવે. ધાર્મિક હિંસાનો ભોગ બનેલા આપણા શરણાર્થી ભાઈ-બહેનોને CAA દ્વારા નાગરિકતા મળે અને મારું પશ્ચિમ બંગાળ ગેરકાયદેસર ઘૂસણખોરીથી મુક્ત થઈને સુશાસનના માર્ગે આગળ વધે. ભારત માતાના વીર સપૂત ડો. શ્યામા પ્રસાદ મુખર્જીના અથાક પ્રયાસોથી જ આજે પશ્ચિમ બંગાળ ભારતનો એક અભિન્ન અંગ છે. ચાલો, તેમના સપનાના પશ્ચિમ બંગાળને ફરીથી જીવંત કરીએ અને ખભે ખભા મિલાવીને 2026માં 'વિકસિત પશ્ચિમ બંગાળ' બનાવવાની શપથ લઈએ.

# દિલ્હી વિધાનસભા અને લાલ કિલ્લામાં બોમ્બબ્લાસ્ટની ધમકી

## ખાલિસ્તાની ગ્રુપના નામે આવ્યો ઈ-મેલ, સવારે આર્મી-એરફોર્સ સ્કૂલને ધમકી મળી હતી

**નવી દિલ્હી, તા.23**

દિલ્હી વિધાનસભા ભવન અને લાલ કિલ્લાને બોમ્બબ્લાસ્ટમાં ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. સોમવારે ખાલિસ્તાની ગ્રુપ દ્વારા ધમકીનો ઈ-મેલ મોકલવામાં આવ્યો છે. માહિતી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ, વિધાનસભા ભવનની તપાસ કરવામાં આવી રહી છે. બોમ્બ-સ્કવોડ અને ડોગ-સ્કવોડ તપાસમાં લાગી ગઈ છે. હાલમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.



એ જ સમયે, લાલ કિલ્લાની સુરક્ષા પણ વધારી દેવામાં આવી છે. આ પહેલાં દિલ્હી સ્થિત ધૌલા કુંઆના આર્મી પબ્લિક સ્કૂલ અને લોધી રોડના એરફોર્સ બાલ ભારતી સ્કૂલને ઈ-મેલ દ્વારા ધમકી આપવામાં આવી હતી.

માહિતી મળતાં જ દિલ્હી પોલીસ, બોમ્બ-સ્કવોડ, ડોગ-સ્કવોડ અને દિલ્હી ફાયર સર્વિસની ટીમો સ્કૂલમાં પહોંચી આખો કેમ્પસ ખાલી કરાવવામાં આવ્યો, જોકે તપાસમાં કોઈ શંકાસ્પદ વસ્તુ મળી નથી.

19 ફેબ્રુઆરી: નોઈડાની 12 શાળાને મળ્યો ધમકીનો ઈ-મેલ નોઈડાની 12 શાળાને 19 ફેબ્રુઆરીએ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો ઈ-મેલ આવ્યો હતો. તપાસ કરતાં કોઈપણ પ્રકારનો વિસ્ફોટક મળ્યો નહોતો. આ ધમકી એવા સમયે મળી, જ્યારે શાળાઓમાં CBSEની પરીક્ષાઓ ચાલી રહી હતી.

રાજસ્થાન હાઈકોર્ટની જયપુર બેન્ચને 19 ફેબ્રુઆરીના રોજ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. આ છેલ્લા સાડાત્રણ મહિનામાં જયપુર બેન્ચને 9મી વખત આપવામાં આવેલી બોમ્બની ધમકી હતી. ડોગ-સ્કવોડ, બોમ્બ-સ્કવોડ અને પોલીસ ટીમે સમગ્ર પરિસરની તલાશી લીધી, પરંતુ કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. અફરાતફરીના કારણે નિયમિત સુનાવણી લગભગ અડધો કલાક મોડી શરૂ થઈ હતી.

17 ફેબ્રુઆરી: ગુજરાતની 6 અદાલતોને બોમ્બની ધમકી ગુજરાતની 6 અદાલતને 17 ફેબ્રુઆરીના રોજ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. એમાં ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, વલસાડ સહિત 6 જિલ્લા અદાલતોને ઈ-મેલ આવ્યા હતા. તમામ કોર્ટના કેમ્પસ ખાલી કરાવવામાં આવ્યા હતા, પરંતુ પોલીસને કંઈપણ શંકાસ્પદ મળ્યું ન હતું. 9 ફેબ્રુઆરી: હરિયાણાના પંચકુલા કોર્ટના સેશન જજને મળ્યો ઈ-મેલ હરિયાણાના પંચકુલા કોર્ટના સેશન જજને ઈમેલ દ્વારા ધમકી મળી હતી. 9 ફેબ્રુઆરીના રોજ આવેલા આ ઈ-મેલમાં કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની વાત લખેલી હતી. ત્યાર બાદ કોર્ટમાં ખળભળાટ મચી ગયો હતો. કોર્ટને ખાલી કરાવીને તપાસ કરવામાં આવી હતી.

# 'કાલનેમિ, રાહુ અને રાવણ...કેટલાક લોકો ભગવો પહેરીને આવી ગયા છે': અવિમુક્તેશ્વરાનંદે કહ્યું- હું ક્યાંય ભાગી રહ્યો નથી....

## પોલીસનો સામનો કરીશ, યૌનશોષણ FIR પર ભડક્યા શંકરાચાર્ય

**પ્રયાગરાજ, તા.23**

શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વિરુદ્ધ બાળકોના જાતીય શોષણના કેસમાં FIR નોંધાયા બાદ પોલીસે તપાસ તેજ કરી દીધી છે. સૂત્રો અનુસાર, પ્રયાગરાજ પોલીસની ટીમ વારાણસી જવા રવાના થઈ ગઈ છે. ટીમ તેમની પૂછપરછ કરી શકે છે. જરૂર પડ્યે તેમની ધરપકડ પણ કરી શકે છે. આ તરફ, શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે સોમવારે સવારે પોતાના વકીલો સાથે બેઠક કરી હતી. વકીલો પાસેથી કેસ અંગે સૂચનો લીધાં. એવું માનવામાં આવે છે કે તેઓ ધરપકડ પર રોક લગાવવા માટે હાઈકોર્ટનો સંપર્ક કરી શકે છે. બેઠક બાદ પ્રેસ-કોન્ફરન્સમાં તેમણે કહ્યું- અમે ક્યાંય ભાગી રહ્યા નથી, અમે તો અહીં તમારી સામે જ હાજર છીએ. પોલીસનો સામનો કરીશ, જે પૂછવું હોય એ પૂછી લે. અમે સહયોગ કરવા તૈયાર છીએ, તેથી ધરપકડનો કોઈ પ્રશ્ન નથી. જનતા કહી રહી છે કે તેમને યુપી પોલીસ પર ભરોસો નથી. બીજા રાજ્યની, જ્યાં ભાજપની



સરકાર ન હોય ત્યાંની પોલીસ દ્વારા તપાસ કરાવવામાં આવે. આ પહેલાં રવિવારે પોલીસ, ફરિયાદકર્તા આશુતોષ બ્રહ્મચારી મહારાજ સાથે માઘ મેળા વિસ્તારમાં પહોંચી. તેમણે માઘ મેળો-2026 અને મહાકુંભ-2025 દરમિયાન બાળકો સાથે જાતીય શોષણના આરોપો લગાવ્યા હતા. પોલીસે એ સ્થળનું નિરીક્ષણ કર્યું, જ્યાં શંકરાચાર્યનો શિબિર લાગ્યો હતો. શિબિરના પ્રવેશ-નિકાસ માર્ગ, પાછળના રસ્તા અને આસપાસના વિસ્તારનો નકશો તૈયાર કર્યો. જોકે, આશુતોષ મહારાજે પ્રયાગરાજની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં બે બાળકોને રજૂ કરીને ગંભીર આરોપો લગાવ્યા હતા. બાળકોના નિવેદનો કોર્ટમાં કેમેરા સામે નોંધવામાં આવ્યા. કોર્ટના આદેશ પર શનિવારે મોડી રાત્રે ઝૂંસી પોલીસ સ્ટેશનમાં FIR નોંધવામાં આવી. આ મામલામાં અવિમુક્તેશ્વરાનંદ, તેમના શિષ્ય મુકુંદાનંદ અને 2-3 અજાણ્યા લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે.

# 'તરત જ ઈરાન છોડી દે ભારતીય નાગરિકો': અમેરિકા ગમે ત્યારે હુમલો કરી શકે છે, યુદ્ધના ભણકારા વચ્ચે ભારત સરકારની એડવાઈઝરી....

**તહેરાન, તા.23**

ઈરાન પર મંડરાઈ રહેલા અમેરિકી હુમલાના ખતરા વચ્ચે ભારત સરકારે ઈરાનમાં રહેતા પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે નાગરિકોને સલાહ આપી છે કે તેઓ કોમર્શિયલ ફ્લાઈટ સહિત ઉપલબ્ધ પરિવહન સાધનોનો ઉપયોગ કરીને તરત જ ઈરાન છોડી દે. તેહરાનમાં સ્થિત ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે આ એડવાઈઝરી 5 જાન્યુઆરી અને 14 જાન્યુઆરી 2026ના રોજ જારી કરાયેલી નોટિસ સાથે સંબંધિત છે. દૂતાવાસે વિદ્યાર્થીઓ, યાત્રાળુઓ, વેપારીઓ અને પ્રવાસીઓને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તાત્કાલિક દેશ છોડવા જણાવ્યું છે.



દૂતાવાસે તમામ ભારતીય નાગરિકો અને PIOને અપીલ કરી છે કે તેઓ વિરોધપ્રદર્શનવાળા વિસ્તારોથી દૂર રહે, સ્થાનિક મીડિયા પર નજર રાખે અને ભારતીય દૂતાવાસના સંપર્કમાં રહે. મુસાફરી અને ઓળખ સંબંધિત દસ્તાવેજો, જેમ કે પાસપોર્ટ અને ID, હંમેશાં પોતાની પાસે રાખવાની પણ સલાહ આપવામાં આવી છે.

તેમજ જે ભારતીયોએ હજુ સુધી દૂતાવાસમાં રજિસ્ટ્રેશન કરાવ્યું નથી તેમને તાત્કાલિક ઓનલાઈન રજિસ્ટર કરવા જણાવાયું છે. ઈન્ટરનેટમાં અવરોધની સ્થિતિમાં ભારતમાં રહેતા સંબંધીઓ રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

દૂતાવાસે જણાવ્યું કે ભારતીય નાગરિકો અને વ્યક્તિઓએ યોગ્ય સાવચેતી રાખવી જોઈએ. નાગરિકોએ વિરોધપ્રદર્શનો કે રેલીઓવાળા વિસ્તારોમાં જવાનું ટાળવું જોઈએ.

ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકો દૂતાવાસના સંપર્કમાં રહે અને કોઈપણ ઘટનાક્રમ માટે સ્થાનિક મીડિયા પર નજર રાખે.

દૂતાવાસે ઈરાનમાં હાજર તમામ ભારતીય નાગરિકોને, જેમણે દૂતાવાસ પર ભારતીય સુરક્ષા કાર્યાલયમાં રજિસ્ટ્રેશન કરાવ્યું નથી, તેમને (https://www.meaers.com/request/home) લિંક પર નોંધણી કરાવવા વિનંતી કરવામાં આવી છે.

સત્તાવાર આંકડાઓ અને વિદેશ મંત્રાલયના અહેવાલ મુજબ, હાલમાં ઈરાનમાં લગભગ 9,000થી 10,000 ભારતીય નાગરિકો નિવાસ કરી રહ્યા છે. આમાં મોટી સંખ્યામાં એવા વિદ્યાર્થીઓ છે, જેઓ ત્યાંની યુનિવર્સિટીઓમાં મેડિકલ અને એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહ્યા છે. આ ઉપરાંત હજારો ભારતીય નાગરિકો તીર્થયાત્રા, વેપાર અને ત્યાંનાં બંદરો પર કામ કરવા માટે પણ રહે છે. યુદ્ધ જેવી પરિસ્થિતિને જોતાં આ બધાની સુરક્ષા ભારત સરકાર માટે એક પડકાર છે.

સીધી ફ્લાઈટ્સ: જ્યાં સુધી પરિસ્થિતિ સામાન્ય ન થાય ત્યાં સુધી તેહરાનથી દિલ્હી અને મુંબઈ માટે સીધી ફ્લાઈટ્સ કાર્યરત હોય છે. નાગરિક એરલાઈન વેબસાઈટ્સ પર જઈને સીધા આ કોમર્શિયલ ફ્લાઈટ્સની ટિકિટ બુક કરી શકાય છે.

વાયા ફ્લાઈટ્સ: જો બંને દેશો વચ્ચે સીધી ફ્લાઈટ્સ રદ થાય છે, તો મુસાફરો મિડલ ઈસ્ટના અન્ય રસ્તાઓનો ઉપયોગ કરી શકે છે. તેઓ દુબઈ (UAE), મસ્કટ (ઓમાન), અથવા દોહા (કતાર) ના રસ્તે 'વાયા ફ્લાઈટ્સ' લઈને ભારત પહોંચી શકે છે.

તેહરાન (ઈરાન) થી દિલ્હી માટે સીધી ફ્લાઈટ: મુખ્યત્વે મહાન એર દ્વારા સંચાલિત થાય છે, જે અઠવાડિયામાં સામાન્ય રીતે મંગળવાર અને શુક્રવારે ચાલે છે.

જો કોઈ કારણસર હવાઈક્ષેત્ર બંધ કરી દેવામાં આવે, તો દરિયાઈ માર્ગ એક ખૂબ મોટો અને સુરક્ષિત વિકલ્પ સાબિત થશે. ઈરાનના બંદર અબ્બાસ અથવા ચાબહાર પોર્ટથી વ્યાવસાયિક જહાજો અથવા ભવિષ્યમાં ભારત સરકાર દ્વારા મોકલવામાં આવનારા નૌકાદળના બચાવ જહાજો દ્વારા સુરક્ષિત વાપસી કરી શકાય છે.




# ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી વચ્ચે અમદાવાદમાં માવઠું, આગામી 24 કલાક વાવાઝોડા જેવી સ્થિતિની આગાહી

અમદાવાદ, તા.23

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે આજે (23મી ફેબ્રુઆરી) અમદાવાદના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. અમદાવાદમાં વહેલી સવારથી વાદળછાયું વાતાવરણ બાદ સિંધુ ભવન રોડ, ગોતા, ચાંદલોડિયા અને એસ.જી. હાઈવે જેવા વિસ્તારોમાં કમોસમી વરસાદના ઝાપટાં પડ્યા હતા. શિયાળના અંતે અને ઉનાળાની શરૂઆતમાં માવઠું થતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. મહત્વનું છે કે, આજે અમદાવાદના દરેક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે રાજ્યમાં વાવાઝોડા જેવી સ્થિતિ સાથે માવઠાની શક્યતા છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લીમાં માવઠા થઇ શકે છે, જ્યારે દક્ષિણ ગુજરાતના ભરૂચ, તાપી, સુરત, નર્મદા અને છોટાઉદેપુરમાં પવન સાથે હળવા ઝાપટાંની આગાહી કરવામાં આવી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગોમાં પણ કમોસમી વરસાદની પૂરેપૂરી શક્યતા છે, જેને પગલે ખેડૂતોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે.

આગામી 24 ફેબ્રુઆરીથી રાજ્યમાં હવામાન પલટાશે અને વાતાવરણ મુખ્યત્ત્વે સૂકું રહેવાની શક્યતા છે. જોકે, તાપમાનમાં વધ-ઘટ ચાલુ રહેશે, જેમાં બપોરના સમયે મહત્તમ તાપમાન 34 ડિગ્રી સુધી પહોંચી શકે છે, જ્યારે લઘુત્તમ તાપમાન 18થી 20 ડિગ્રીની વચ્ચે રહેશે. હવામાન વિભાગના મતે આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં 2-3 ડિગ્રીનો ઘટાડો થતા ઠંડીનું જોર ફરી થોડું વધી શકે છે, આમ લોકોને બેવડી ઋતુનો સામનો કરવો પડશે.

ઉલ્લેખનીય છેકે, આજે વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં કમોસમી વરસાદનો ભારે માર જોવા મળ્યો હતો. શિનોર, માલસર અને દામાપુરા ગામોમાં જોરદાર વરસાદ પડ્યો હતો, જેના કારણે રસ્તાઓ પર પાણી વહેતા થયા હતા. જ્યારે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર અને જંબુસર સહિતના તાલુકાઓમાં તેજ ઠંડા પવનો સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો.

માવઠાની આગાહીને પગલે ખેડૂતોના પાકને નુકસાની પહોંચવાની ભીતિ છે. જેમાં કમોસમી વરસાદને કારણે ઊભા પાક અને લણણી કરેલા પાકને નુકસાનની શક્યતા છે, ત્યારે પાકની કાપણી કરી લીધી હોય અને પાક ખેતરમાં ઢાંક્યા વિના પડ્યો હોય તેવા ખેડૂતોએ ત્વરિત ધોરણે પોતાના ખેત ઉત્પાદિત પાકને સલામત સ્થળે ખસેડવા. જો પાક ખસેડવો શક્ય ન હોય, તો તેને પ્લાસ્ટિક અથવા તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવો. વધુમાં વાદળછાયા અને વરસાદી વાતાવરણ દરમિયાન જંતુનાશક દવાઓનો છંટકાવ તેમજ ખાતરનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.

# અમદાવાદમાં એક વર્ષમાં 13.62 કરોડનો દારૂ અને 3.88 કરોડનું ડ્રગ્સ ઝડપાયું.....

અમદાવાદ, તા.23

અમદાવાદમાં વર્ષ 2024ની સરખામણીએ વર્ષ 2025માં દારૂ ઝડપાવવાના પ્રમાણમાં બમણો વધારો નોંધાયો છે. વર્ષ 2024માં રૂપિયા 6.96 કરોડની કિંમતનો દારૂ પકડાયો હતો, જે આંકડો વર્ષ 2025માં વધીને રૂપિયા 13.62 કરોડથી વધુ પર પહોંચ્યો છે. આ ઉપરાંત, વર્ષ 2025 દરમિયાન શહેરમાંથી રૂપિયા 3.88 કરોડની કિંમતના માદક દ્રવ્યો અને ડ્રગ્સ પણ જપ્ત કરવામાં આવ્યા હોવાનું સામે આવ્યું છે.

અમદાવાદ શહેરમાં વર્ષ 2024ની સરખામણીએ વર્ષ 2025માં દેશી અને વિદેશી દારૂ ઝડપાવવાના પ્રમાણમાં બમણો વધારો જોવા મળ્યો છે. વર્ષ 2025ના આંકડા મુજબ, વિદેશી દારૂની વાત કરીએ તો 11.85 કરોડનો જથ્થો ઝડપાયો છે, જે વર્ષ 2024માં 6.12 કરોડ હતો. તેવી જ રીતે, દેશી દારૂમાં પણ મોટો ઉછાળો આવ્યો છે; વર્ષ 2024માં 83.55 લાખનો જથ્થો પકડાયો હતો, જે 2025માં વધીને 1.77 કરોડ પર પહોંચ્યો છે.



પોલીસ સ્ટેશન મુજબની કાર્યવાહીમાં, અમદાવાદના સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી સૌથી વધુ વિદેશી અને દેશી દારૂનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. જ્યારે ડ્રગ્સ અને અન્ય કેફી પદાર્થો પકડવાની કામગીરીમાં ડી.સી.બી.(DCB) પોલીસ સ્ટેશન સમગ્ર શહેરમાં મોખરે રહ્યું છે.

અમદાવાદ શહેરમાં નશાબંધીની અમલવારીના આંકડા જોતા માલૂમ પડે છે કે, શહેરમાંથી દરરોજ સરેરાશ 3.73 લાખની કિંમતનો દારૂ ઝડપાય છે. વર્ષ 2025માં પોલીસની કાર્યવાહી દરમિયાન સરદારનગર પોલીસ સ્ટેશન સૌથી વધુ સક્રિય રહ્યું હતું, જ્યાંથી 8,941 લિટર દેશી દારૂ અને 71,932 વિદેશી દારૂની બોટલો જપ્ત કરવામાં આવી હતી. વર્ષ 2025માં ડી.સી.બીમાંથી 21 કિલો 819 ગ્રામ, મેઘાણીનગરમાંથી 10 કિલો 250 ગ્રામ, ખોખરામાંથી 9 કિલો 91 ગ્રામ જેટલું ડ્રગ્સ ઝડપાયું હતું.

# 5 વર્ષમાં મનરેગામાં 9.58 લાખ મજૂરોની સંખ્યા ઘટી ગઇ, 120 દિવસ રોજીનો વાયદો ખોટો ઠર્યો

અમદાવાદ, તા.23

ગુજરાતમાં મનરેગા યોજનામાં થયેલાં ભ્રષ્ટાચારને લીધે સરકારને ભારે બદનામી વ્હોરવી પડી છે. જોકે, સરકારે મનરેગામાં 120 દિવસ રોજી આપવાનું વચન આપ્યું હતું, પરંતુ તે વાયદો ખોટો ઠર્યો હતો. છેલ્લાં પાંચ વર્ષમાં જ મનરેગા યોજનામાં 9.58 લાખ મજૂરોની સંખ્યા ઘટી ગઇ હતી. આપરથી ગરીબ મજૂરોને રોજી આપવાનો મૂળહેતુ સિદ્ધ થઈ શક્યો ન હતો.

રાજ્યમાં દાહોદ, મહીસાગર, પંચમહાલમાં મનરેગા યોજનામાં ભ્રષ્ટાચાર આચરાયો હોવાનું બહાર આવ્યું છે. સરકારના મળતિયાઓએ મનરેગા યોજનાને કમાણીની યોજના બનાવી દીધી છે. તેમાં મનરેગા યોજનામાં મટિરિયલ્સ કરતાં વેતન પાછળ ખર્ચ કરવાનો હતો તેના બદલે મળતિયાઓને ફાયદો કરવા



મટિરિયલ્સ પાછળ ઘૂમ ખર્ચ કરાયો છે.

કેન્દ્રએ મનરેગા માટે ગુજરાતને વર્ષ 2024-25માં 1101 કરોડ રૂપિયા, જ્યારે વર્ષ 2025-26માં 914 કરોડ રૂપિયા ફાળવ્યા હતાં. ગુજરાતમાં મનરેગામાં વેતન પાછળ 36.03 કરોડ રૂપિયા, જ્યારે મટીરિયલ્સ પાછળ 29.47 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો હતો. મનરેગા યોજનામાં સરકારે વચન આપ્યુ હતુંકે, પ્રત્યેક મજૂરને 120 દિવસ રોજગારી અપાશે. પરંતુ એવું થઈ શક્યુ નહીં. ગુજરાતમાં વર્ષ 2020-21માં મનરેગા થકી 19.32 લાખ મજૂરોને રોજી મેળવી હતી. વર્ષ 2021-22માં મજૂરોની સંખ્યા ઘટીને 18.44 લાખ થઈ ગઈ હતી. આ સિલસીલો યથાવત્ રહ્યો હતો. વર્ષ 2025-26માં મનરેગામાં રોજગારી મેળવનારાં મજૂરોની સંખ્યા માત્ર 9.74 લાખ રહી હતી.

ઉલ્લેખનીય છેકે, હવે મનરેગા યોજનાનું નામ બદલીને આખીય યોજનાનો નવો ઓપ અપાયો છે જેનો કોંગ્રેસ દેશભરમાં વિરોધ શરૂ કર્યો છે. કેન્દ્રએ દાવો કર્યો છેકે, મજૂરોને વધુ દિવસ સુધી રોજગારી મળી રહેશે.

# બેટી બચાવો-બેટી પઢાવોનું સુરસુરિયું, ગુજરાતમાં બાળકીઓ પર દુષ્કર્મ વધ્યા, પોક્સોના 5135 કેસ પેન્ડિંગ

અમદાવાદ, તા.23

ગુજરાતમાં સુરક્ષા અને 'બેટી બચાવો-બેટી પઢાઓ'ના દાવાઓ વચ્ચે એક ચિંતાજનક વાસ્તવિકતા સામે આવી છે. રાજ્યમાં માસૂમ બાળકીઓ પરના દુષ્કર્મની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. આઘાતજનક બાબત એ છે કે, આ ગંભીર ગુનાઓના 5135 જેટલા કેસો હજુ પણ અદાલતોમાં પેન્ડિંગ છે. ન્યાય પ્રક્રિયામાં થઈ રહેલા આ વિલંબને કારણે 'દીકરીઓને ન્યાય ક્યારે મળશે?' તેવો ગંભીર સવાલ ઉભો થયો છે.

ગુજરાતમાં 'સબ સલામત'ના દાવાઓ વચ્ચે બાળકીઓની સુરક્ષાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. કેન્દ્ર સરકારના રિપોર્ટ મુજબ, વર્ષ 2020થી 2025 દરમિયાન રાજ્યમાં



પોક્સો(POCSO) હેઠળ કુલ 31,617 ગુનાઓ નોંધાયા છે, જે દર્શાવે છે કે સરેરાશ દર વર્ષે 5,000થી વધુ બાળકીઓ શિકાર બની રહી છે.

સૌથી ચિંતાજનક બાબત ન્યાયમાં થઈ રહેલો વિલંબ છે. રાજ્યમાં 35 ફાસ્ટટ્રેક કોર્ટ કાર્યરત હોવા છતાં, હજુ પણ 5,135 કેસો પેન્ડિંગ છે, જેમાંથી 2,642 કેસો તો બે વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે. આ આંકડાઓએ વાલીઓમાં ફાળ પાડી છે અને દીકરીઓની સલામતી સામે મોટું પ્રશ્નાર્થ ચિન્હ મૂક્યું છે.

ગુજરાતમાં માસૂમ બાળકીઓ પર વધતી દુષ્કર્મની ઘટનાઓએ રાજ્યની કાયદા વ્યવસ્થાની પોલ ખોલી દીધી છે. એક સમયે 'સુરક્ષિત ગુજરાત' ગણાતું રાજ્ય હવે પોતાનું આ બિરુદ ગુમાવી રહ્યું હોય તેવું ચિંતાજનક ચિત્ર ઉપસી રહ્યું છે. દીકરીઓની સુરક્ષાના બણગાં ફૂંકતી સરકારના દાવાઓ વચ્ચે ગુનેગારોમાં કાયદાનો કોઈ ખોફ રહ્યો નથી. માસૂમ બાળકીઓની સલામતી હવે માત્ર નેતાઓના ભાષણો અને મંત્રીઓના નિવેદનો પૂરતી જ સીમિત રહી ગઈ છે. વાસ્તવિકતામાં, સતત વધતા જતા આ ગુનાઓએ ગુજરાતની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

ગુજરાતમાં સતત વધી રહેલા પોક્સોના કેસ અને ડ્રગ્સના દરોડા રાજ્યની કથળતી કાયદો-વ્યવસ્થાની સાક્ષી પૂરે છે. ગુનાખોરીનો ગ્રાફ જે રીતે ઊંચે જઈ રહ્યો છે, તેવું ભયાનક ચિત્ર ગુજરાતમાં અગાઉ ક્યારેય જોવા મળ્યું નથી. તેમ છતાં, સત્તાધીશો અને ગૃહમંત્રી હર્ષ સંઘવી કાયદો-વ્યવસ્થા સુધારવાને બદલે ઉદ્ઘાટનો અને પ્રોટોકોલના ઠાઠમાં જ વ્યસ્ત હોય તેવું જણાય છે.

રાજ્યના મુખ્યમંત્રીના વહીવટ પર પણ ગંભીર સવાલો ઊઠી રહ્યા છે. 'માસ્ટર મારે પણ નહીં અને ભણાવે પણ નહીં' તેવી સ્થિતિમાં ગુજરાતનું શાસન ચાલી રહ્યું હોય તેવો ઘાટ સર્જાયો છે. હાઈકમાન્ડના રક્ષણ હેઠળ નેતાઓ જે રૂઆબ બતાવી રહ્યા છે, તેની સામે સામાન્ય જનતા અને માસૂમ દીકરીઓની સુરક્ષા રામભરોસે છોડી દેવામાં આવી હોય તેવું ચિંતાજનક વાતાવરણ ઊભું થયું છે.

# ગુજરાત પોલીસમાં 10 IPS અને 240 PIને પ્રમોશન મળ્યું પણ પોસ્ટિંગના વાંધા!

અમદાવાદ, તા.23

ગુજરાત પોલીસ પહેલાં હર્ષ પછી દુઃખની અવસ્થામાંથી પસાર થઈ રહી છે. IPS અને PI કેડરમાં પ્રમોશન આપી દેવાયા પછી મહિનાઓથી પોસ્ટિંગ નહીં અપાતાં હર્ષ પછી દુઃખની સ્થિતિ સર્જાઈ છે. ચર્ચા તો એવી છે કે, નિર્ણયશક્તિના અભાવનું નુકસાન પોલીસ ભોગવી રહી છે. ગાંધીનગર, ભાવનગર, જામનગર અને મહેસાણા-કલોલને પોલીસ કમિશનરેટ બનાવવા અને કચ્છ-બનાસકાંઠા બોર્ડર રેન્જનું વિભાજન કરવાના મુદ્દે કોકડું ગુંચવાયું છે. હવે, ગુજરાત દિવસે ગિફ્ટ આપી ગૂંચવાડો દૂર કરાશે તેવી ચર્ચા છે.

ગુજરાતમાં 12 આઈપીએસ મહિના વિતી ગયાં પછી પણ પોસ્ટિંગની રાહ જૂએ છે. ડીજીપી અને એસપી રેન્કના એક-એક ઉપરાંત 10 આઈપીએસને



એસ.પી.માંથી ડીઆઈજી રેન્કમાં પ્રમોશન આપી દીધા પછી છ-છ મહિના વિતવા છતાં પોસ્ટિંગ અપાયાં નથી. હવે, આઈપીએસ લોબીમાં એવો ગણગણાટ શરૂ થયો છે કે, 10 આઈપીએસને પ્રમોશન પછી છ મહિનાથી પગાર મળ્યો નથી. પગાર કયા હેડમાંથી કરવો તેની અસમંજસના કારણે 10 આઈપીએસને જ્યારે પોસ્ટિંગ અપાશે તે પછી જેટલા મહિનાનો બાકી હશે તે પગાર અપાશે.

ચાલુ નાણાંકીય વર્ષે પોસ્ટિંગ નહીં થાય તે લગભગ નિશ્ચિત છે એટલે આગામી નાણાંકીય વર્ષમાં આઠ-નવ મહિનાનો પગાર જમા થશે, ત્યારે આ દસ આઈપીએસ અધિકારીઓએ ખૂબ જ વધારે ટેક્સ ભરવાનો વખત આવશે. 10 આઈપીએસને લાખો રૂપિયાનો ટેક્સ વધારે ભરવો પડશે. બીજી તરફ, છ મહિનાથી નોકરી છે છતાં રજા જેવી મજા છે. પણ, પોસ્ટ ન હોવાથી પોતાના વતન જાય તો ક્યા હોદ્દા ઉપર નોકરી કરો છો તેનો જવાબ આપવો મુશ્કેલ પડી રહ્યો છે. કંઈક આવી જ હાલત 240 પી.આઈ.ની છે. પી.એસ.આઈ.માંથી પી.આઈ. બનેલાં 240 અધિકારીઓ હાલ જુની જગ્યાએ જ ફરજ બજાવે છે. પીઆઈ તરીકે પ્રમોશન મળ્યાં તેને 11 મહિના વિતી ગયા છતાં પીએસઆઈનો પગાર મેળવતા 240 અધિકારીઓની હાલત પણ આઈપીએસ જેવી જ થવાની છે.

રાજ્યના 250 પોલીસ અધિકારી પ્રમોશન પછી પોસ્ટિંગ વગરના હોવા પાછળનું કારણ નિર્ણયશક્તિનો અભાવે ગણાવાઈ રહ્યો છે. ચર્ચા છે કે, ગાંધીનગર, ભાવનગર, જામનગર અને મહેસાણા- કલોલને પોલીસ કમિશનરેટમાં પરવર્તિત કરવાના છે. જ્યારે, બોર્ડર રેન્જ એટલે કે કચ્છ - બનાસકાંઠા રેન્જ આઈજીપીનું વિકેન્દ્રીકરણ કરવાનું છે. કચ્છ-મોરબી રેન્જ ઉપરાંત બનાસકાંઠા અલગ રેન્જ બનાવી બે આઈજીપી રેન્જ બનાવવાની છે.

આમ, ચાર કમિશનર અને બે આઈજીપી મળી છ જગ્યાઓ માટે મુકવા 10 ડીઆઈજીને અનામત રખાયાં છે. અમદાવાદ રેન્જ આઈજી ઉપરાંત સીઆઈડી અને આઈ.બી.માં ડીઆઈજીની પાંચ જગ્યાઓ ખાલી છે. પણ, નિર્ણયશક્તિના અભાવના કારણે પ્રમોશન મેળવી હર્ષ અનુભવી ચૂકેલાં ગુજરાતના 250 પોલીસ અધિકારીઓ અત્યારે દુઃખના દિવસો પસાર કરી રહ્યાં છે.

# અમદાવાદમાં વસ્ત્રાલ રિંગ રોડ નજીક અકસ્માત, કન્ટેઇનરની અડફેટે મોપેડ ચાલક મહિલાનું મોત

અમદાવાદ, તા.23

અમદાવાદ પૂર્વમાં આવેલા વસ્ત્રાલ રિંગ રોડ ચાર રસ્તા પર આજે એક અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં પૂરપાટ ઝડપે આવી રહેલા એક કન્ટેઈનર ચાલકે મોપેડ લઈને પસાર થઈ રહેલા પાયલબેન ગજ્જર નામની મહિલાને જોરદાર અડફેટે લીધા હતા. આ અકસ્માત એટલો ગંભીર હતો કે ગંભીર ઈજાઓને કારણે પાયલબેનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતને પગલે આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

ભોગ બનનાર મહિલા પાયલબેન ગજ્જર મોપેડ લઈને વસ્ત્રાલ રિંગ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી ઓવર સ્પીડમાં આવી રહેલા કન્ટેઈનર ચાલકે જોરદાર ટક્કર



મારી હતી, જે બાદ પાયલબેન ટ્રક નીચે ચગદાઈ ગયા જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, હાજર સ્થાનિક લોકોએ 108 ટીમ અને પોલીસને જાણ કરી હતી. પરંતુ ત્યાં સુધીમાં ઘટનાસ્થળે જ પાયલબેનના ખોળિયામાંથી જીવ જતો રહ્યો હતો.

કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલયે જાહેર કરેલા આંકડા પ્રમાણે ગુજરાતમાં હાલ ચિંતાજનક રીતે અકસ્માતો વધી રહ્યા છે. બે વર્ષ (2023 અને 2024)માં રોડ અકસ્માતમાં કુલ 15,571 લોકોના મોત થયા છે, જેમાં ગ્રામીણ રસ્તાઓ પર 6,684 અને રાજ્યના ધોરી માર્ગો પર 4,462 લોકોના મોત નીપજ્યા છે. અમદાવાદ શહેરમાં પણ ટ્રાફિકની સમસ્યાની સાથે સાથે અકસ્માતની સંખ્યાઓમાં પણ વધારો થયો છે. જેમાં મોટા ભાગના અકસ્માતો ઓવરસ્પીડ, બેદરકારીભર્યા ડ્રાઈવિંગના કારણે થયા છે.

# અમદાવાદના ધોળકામાં રાજકારણ ગરમાયું, રામપુરના ઠાકોર સમાજના 700 લોકોએ ભાજપ સાથે છેડો ફાડ્યો

અમદાવાદ, તા.23

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના રામપુર ગામે રાજકીય ધરતીકંપ જેવી સ્થિતિ સર્જાઈ છે. સિકોતર માતાના મંદિરની દીવાલ તોડી પાડવાના મુદ્દે ભભૂકેલા રોષ વચ્ચે ઠાકોર સમાજ દ્વારા 'જન આક્રોશ સભા' યોજવામાં આવી હતી. આ સભામાં ભાજપને મોટો ઝટકો આપતા ગામના અંદાજે 700 જેટલા લોકોએ કોંગ્રેસનો ખેસ ધારણ કરી આગામી સમયમાં કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું છે.

મળતી માહિતી અનુસાર, રામપુર ગામે આવેલા સિકોતર માતાના મંદિરે ઠાકોર સમાજ દ્વારા રક્ષણ માટે દીવાલ બનાવવામાં આવી રહી હતી. સમાજનો આક્ષેપ છે કે, તંત્ર અને ભાજપના સ્થાનિક



કાર્યકરો દ્વારા આ દીવાલને તોડી પાડવામાં આવી છે. ધાર્મિક લાગણી દુભાતા અને તંત્રની એકપક્ષીય કામગીરી સામે ઠાકોર સમાજમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો, જે અંતે સામૂહિક પક્ષ પલટામાં પરિણમ્યો છે.

આ આક્રોશ સભામાં કોંગ્રેસના નેતાઓ હાજર રહ્યા હતા, જેમાં બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર, ભરતસિંહ સોલંકી અને વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા હાજર રહ્યા હતા. આ નેતાઓની હાજરીમાં 700 જેટલા ગ્રામજનોએ કેસરિયો મૂકી કોંગ્રેસનો હાથ પકડ્યો હતો.

સભાને સંબોધતા કોંગ્રેસી નેતાઓએ સરકાર અને પોલીસ તંત્ર પર આકરા પ્રહારો કર્યા હતા. નેતાઓએ જણાવ્યું કે, 'અમે તમારી સાથે છીએ, જ્યાં જરૂર પડશે ત્યાં કોંગ્રેસ લડત આપશે. સરકારનો હાથો બનીને નાના માણસોને હેરાન કરવાનું બંધ કરો. પોલીસનું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે, નહીં કે સરકારના ઈશારે સામાન્ય જનતાને ડરાવવાનું.

એકસાથે 700 લોકોના પક્ષ પલટાથી ધોળકા પંથકમાં ભાજપના ગઢમાં ગાબડું પડ્યું હોય તેમ જણાઈ રહ્યું છે. ઠાકોર સમાજના અગ્રણીઓએ સ્પષ્ટ કર્યું છે કે, હવે તેઓ કોંગ્રેસની સાથે રહીને અન્યાય સામે અવાજ ઉઠાવશે.

# મેટ્રો સિટી અમદાવાદ ગુનાખોરીનું હોટસ્પોટ, પોલીસ સામે પડકાર, દર મહિને સરેરાશ 25 દુષ્કર્મના કેસ....

અમદાવાદ, તા.23

ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. કેમ કે, મેટ્રો સિટી અમદાવાદ શહેરમાં હત્યા, લૂંટ-ધાડ, ચોરી જ નહીં, દુષ્કર્મ, છેડતી, અપહરણના કિસ્સામાં વધારોમાં થયો છે. આ પરથી કાયદામાં રહેશો તો ફાયદામાં રહેશો તે તકિયા-કલામ માત્ર કાગળ પર જ રહ્યુ છે. જે રીતે ગુનાખોરી વકરી છે તે જોતાં ગુનેગારો બેખોફ બન્યા છે તે વાત પ્રસ્થાપિત થઈ છે. આ જોતાં પોલીસ સામે પડકાર ઊભો થયો છે.

સલામત ગુજરાતમાં જ અસલામતીનો માહોલ પ્રવર્તી રહ્યો છે. ખુદ રાજ્ય ગૃહ વિભાગે જ સ્વીકાર કર્યો છે કે, અમદાવાદ




શહેરમાં ગુનાખોરી વકરી રહી છે. છેલ્લાં બે વર્ષમાં જ અમદાવાદમાં 197 લોકોની હત્યા થઈ છે. વર્ષ 2024ની સરખામણીમાં વર્ષ 2025માં હત્યાના કિસ્સા વધ્યા છે. આ ઉપરાંત લૂંટ, ધાડ અને ચોરીના કેસોમાં ય વધારો થયો છે. ચોર લૂંટારાઓને ખાખીનો ડર જ રહ્યો નથી. કારણ કે, અમદાવાદમાં 183 લૂંટના કિસ્સા બન્યાં છે. જ્યારે 71,48 ચોરીના કિસ્સા થયાં છે.

મહિલાઓ અડધી રાતે બિન્ધાસ્ત ફરી શકે તેવો દાવો કરવામાં આવી રહ્યો છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ છે. રોમિયો બેખોફ બનીને મહિલા-યુવતીઓની છેડતી કરી રહ્યાં છે. અમદાવાદમાં છેડતીના 267 કેસો પોલીસ ચોપડે નોધાયા છે. મહિને 11 મહિલા-યુવતીઓની છેડતીના કિસ્સા બની રહ્યાં છે. આ ઉપરાંત દુષ્કર્મના પણ 565 કેસો નોધાયાં છે. શહેરમાં મહિને 20થી વધુ દુષ્કર્મની ઘટનાઓ બની રહી છે. આ જોતાં અમદાવાદ શહેરમાં મહિલાઓ જાણે અસલામત હોય તેમ લાગી રહ્યુ છે.

બે વર્ષમાં જ અપહરણના 402 કિસ્સા બન્યાં છે. અમદાવાદમાં બે વર્ષમાં 107 લોકોએ આપઘાત કરીને મોતને વ્હાલ કર્યું છે. પોલીસનો દાવો છેકે, કુલ મળીને 62,726 આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી દેવાયાં છે. આ ઉપરાંત 44,288 ગુનાનો ભેદ ઉકેલાયો છે. જોકે, પોલીસ હજુ સુધી 385 આરોપીઓને પકડી શકી નથી. ટૂંકમાં, અમદાવાદ શહેરમાં જે રીતે હત્યા, લૂંટ, દુષ્કર્મ અને છેડતીના કિસ્સા વધી રહ્યાં છે તે જોતાં અમદાવાદ ગુનાખોરીનું હોટસ્પોટ બની રહ્યું છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

# અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરીને 80નો ખાતમો કર્યાનો પાકિસ્તાનનો દાવો: TTP-ISને ટાર્ગેટ કર્યા...

## આત્મઘાતી હુમલાઓનો બદલો લીધો, અફઘાનિસ્તાને કહ્યું- 16 નાગરિકો માર્યા ગયા

**ઈસ્લામાબાદ, તા.23**

પાકિસ્તાનના નાયબ ગૃહમંત્રી તલાલ ચૌધરીએ સોમવારે જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ના ઠેકાણાઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી. તેમના મતે ઓછામાં ઓછા 70 લડવૈયાઓ માર્યા ગયા હતા.

બાદમાં પાકિસ્તાની મીડિયા ડોને દાવો કર્યો હતો કે મૃત્યુઆંક વધીને 80 થઈ ગયો છે. જોકે, સરકારે આ દાવાના સમર્થનમાં કોઈ પુરાવા જાહેર કર્યા નથી.

જોકે, પાકિસ્તાની સેનાએ રવિવારે વહેલી સવારે અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા. સેનાએ જણાવ્યું હતું કે TTP અને ઈસ્લામિક સ્ટેટ (IS) સાથે સંકળાયેલા 7 કેમ્પને નિશાન બનાવવામાં આવ્યા હતા.

પાકિસ્તાન સરકારે તેને તાજેતરના આત્મઘાતી હુમલાઓ પછીનો વળતો હુમલો ગણાવ્યો હતો. પાકિસ્તાને કહ્યું, 'અમારી પાસે પાકા પુરાવા છે કે આ હુમલા અફઘાનિસ્તાનની ધરતી પરથી કાર્યરત નેટવર્ક દ્વારા કરાવવામાં આવ્યા હતા.'



જ્યારે અફઘાનિસ્તાન સરકારે કહ્યું કે હુમલામાં નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. મીડિયા ચેનલ ટોલો ન્યૂઝ અનુસાર, હુમલામાં નાંગરહારના એક ઘરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના કારણે એક જ પરિવારના 23 લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા. અમેરિકી માનવાધિકાર સંગઠન ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન (IHRF) અનુસાર, તેમાં 16 લોકોના મોત થયા હતા. તેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે.

પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સમુદાયને અપીલ કરી છે કે તે 2020માં દોહામાં અમેરિકા સાથે થયેલા કરાર હેઠળ તાલિબાન પર દબાણ લાવે, જેથી અફઘાન જમીનનો ઉપયોગ અન્ય દેશો વિરુદ્ધ ન થાય.

2020નો દોહા કરાર જેને અફઘાનિસ્તાનમાં શાંતિ પ્રયાસ પણ કહેવાય છે. આ કરાર અમેરિકા અને તાલિબાન વચ્ચે 29 ફેબ્રુઆરી 2020ના રોજ કતારની રાજધાની દોહામાં હસ્તાક્ષરિત થયો હતો. આ કરાર અફઘાનિસ્તાનમાં 2001થી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા અને અમેરિકી દળોની વાપસીનો માર્ગ બનાવવા માટે કરવામાં આવ્યો હતો.

તાલિબાને પ્રતિબદ્ધતા વ્યક્ત કરી કે તે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ અમેરિકા અને તેના સહયોગી દેશોની સુરક્ષા માટે ખતરો ઉભો કરનાર કોઈપણ જૂથ કે વ્યક્તિને કરવા દેશે નહીં.

આમાં ખાસ કરીને અલ-કાયદા અને અન્ય આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠનો સાથે સંબંધો તોડવા અને તેમને અફઘાનિસ્તાનમાં ભરતી, તાલીમ, ભંડોળ અથવા હુમલાની મંજૂરી ન આપવાનું વચન શામેલ હતું. કરાર પછી, અમેરિકાએ 2021માં તેના સૈનિકો પાછા ખેંચી લીધા, ત્યારબાદ તાલિબાને ઝડપથી કાબુલ પર કબજો કરી લીધો.

અફઘાનિસ્તાનના રક્ષા મંત્રાલયે યોગ્ય સમયે પાકિસ્તાનને જવાબ આપવાની ચેતવણી આપી છે. મંત્રાલયે આ હુમલાઓને અફઘાનિસ્તાનની ગોપનીયતા નીતિનું ઉલ્લંઘન ગણાવ્યું. અફઘાન સૂત્રો અનુસાર, પક્તિકામાં એક ધાર્મિક શાળા પર ડ્રોન હુમલો થયો અને નાંગરહાર પ્રાંતમાં પણ કાર્યવાહી કરવામાં આવી.

પાકિસ્તાન લાંબા સમયથી તાલિબાન સરકાર પાસેથી માગ કરી રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈ પણ આતંકવાદી સંગઠનને ન કરવા દે. ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી કાર્યરત છે, જ્યારે તાલિબાન આ આરોપોને નકારતું રહ્યું છે. એરસ્ટ્રાઈકથી થોડા કલાકો પહેલા ખૈબર પખ્તુનખ્વાના બન્નૂ જિલ્લામાં સુરક્ષા કાફલા પર આત્મઘાતી હુમલો થયો હતો, જેમાં બે સૈનિકો, જેમાં એક લેફ્ટનન્ટ કર્નલ પણ માર્યા ગયા હતા.

16 ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાનના બાજોરમાં વિસ્ફોટકો ભરેલી ગાડી સુરક્ષા ચોકી સાથે અથડાઈ હતી. આ હુમલામાં 11 સૈનિકો અને એક બાળકનું મોત થયું હતું. અધિકારીઓએ હુમલાખોરને અફઘાન નાગરિક ગણાવ્યો હતો.

આ પહેલા 6 ફેબ્રુઆરીના રોજ ઈસ્લામાબાદમાં શુક્રવારની નમાઝ દરમિયાન શિયા મસ્જિદ (ઈમામબાડા)માં આત્મઘાતી હુમલો થયો હતો. પાકિસ્તાની અખબાર ધ ડોન અનુસાર, આ હુમલામાં 31 લોકોના મોત થયા હતા અને 169 ઘાયલ થયા હતા. આ હુમલાની જવાબદારી ઈસ્લામિક સ્ટેટે લીધી હતી. ઓક્ટોબરમાં સરહદ પર થયેલી અથડામણોમાં બંને તરફના સૈનિકો અને નાગરિકોના મોત બાદથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના સંબંધો તણાવપૂર્ણ બન્યા છે. કતારની મધ્યસ્થીથી 19 ઓક્ટોબરે યુદ્ધવિરામ થયો હતો, પરંતુ તુર્કીના ઈસ્તંબુલમાં વાટાઘાટો ઔપચારિક કરાર સુધી પહોંચી શકી નહીં.

# ટ્રમ્પના રિસોર્ટમાં ગન લઈને ઘૂસ્યો યુવક: હાથમાં ફ્યૂઅલ કેન પણ હતું, સુરક્ષાકર્મીઓએ જોતાં જ ગોળી મારી, ઘટનાસ્થળે મોત

**વોશિંગ્ટન, તા.23**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના માર-એ-લાગો રિસોર્ટમાં રવિવારે ઘૂસવાનો પ્રયાસ કરનાર એક યુવકને સુરક્ષાકર્મીઓએ ગોળી મારી દીધી. તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું છે. ઘટના સમયે રાષ્ટ્રપતિ ટ્રમ્પ રાજધાની વોશિંગ્ટનમાં હતા.

રાષ્ટ્રપતિની સુરક્ષા કરતી એજન્સી સિક્રેટ સર્વિસે જણાવ્યું હતું કે એક વ્યક્તિ ગેરકાયદે રીતે અંદર ઘૂસવાનો પ્રયાસ કરી રહી હતી. જ્યારે તેણે સુરક્ષિત વિસ્તારમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો ત્યારે સિક્રેટ સર્વિસના એજન્ટે તેને ગોળી મારી દીધી. જાણકારી અનુસાર, યુવક શોટગન જેવી બંદૂક અને ફ્યૂઅલ કેન લઈને આવ્યો હતો. તેની ઉંમર 20 વર્ષ હતી. ઘટના સમયે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસમાં હાજર હતા. સામાન્ય રીતે તેઓ વીકેન્ડ પર માર-એ-લાગોમાં સમય વિતાવે છે. એ વ્યક્તિની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આ મામલે તપાસ ચાલુ છે.

રિસોર્ટના નોર્થ ગેટ પરથી એક કાર બહાર નીકળી રહી હતી, એ જ સમયે યુવકે અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. તેની પાસે શૉટગન અને ફ્યૂઅલ કેન હતું. સિક્રેટ સર્વિસના બે એજન્ટોએ તેને રોક્યો અને તેને હથિયાર તથા કેન નીચે મૂકી દેવા કહ્યું. યુવકે કેન તો નીચે મૂકી દીધું, પરંતુ શૉટગનને ગોળી ચલાવવાની પોઝિશનમાં ઊંચી કરી લીધી.



ત્યાર બાદ સુરક્ષા કર્મીઓએ ગોળીબાર કર્યો અને તે ત્યાં જ માર્યો ગયો. તપાસમાં જાણવા મળ્યું છે કે તેના પરિવારે થોડા દિવસો પહેલાં જ તેના ગુમ થયાની રિપોર્ટ નોંધાવ્યો હતો. તે નોર્થ કેરોલિનાથી દક્ષિણ તરફ આવ્યો હતો અને રસ્તામાં જ તેણે શૉટગન ખરીદી હતી. તેની કારમાંથી ગનનું બોક્સ પણ મળ્યું છે. ટ્રમ્પની સુરક્ષામાં અગાઉ પણ મોટી ચૂક થઈ ચૂકી છે. 13 જુલાઈ 2024ના રોજ એક રેલી દરમિયાન એક હુમલાખોરે ટ્રમ્પ પર ગોળીબાર કર્યો હતો. એ સમયે તેઓ રાષ્ટ્રપતિ નહોતા. તેમના પર આ હુમલો રાષ્ટ્રપતિની ચૂંટણીના બરાબર 4 મહિના પહેલાં થયો હતો. 20 વર્ષના હુમલાખોરે 400 ફૂટના અંતરેથી ટ્રમ્પ પર એસોલ્ટ રાઈફલથી ગોળી ચલાવી હતી. આ ગોળી તેમના કાનને સ્પર્શીને પસાર થઈ ગઈ હતી. ત્યાર બાદ ટ્રમ્પની સુરક્ષામાં તહેનાત સિક્રેટ સર્વિસના સ્નાઈપર્સે હુમલાખોરને તાત્કાલિક ઠાર માર્યો હતો. અમેરિકામાં રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની સુરક્ષાની જવાબદારી યુનાઈટેડ સ્ટેટ્સ સિક્રેટ સર્વિસ (USSS) પાસે હોય છે. આ એક ફેડરલ એજન્સી છે, જે હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ હેઠળ કામ કરે છે. સિક્રેટ સર્વિસની શરૂઆત 1865માં થઈ હતી. શરૂઆતમાં તેનું મુખ્ય કામ નકલી નોટો રોકવાનું હતું, પરંતુ 1901માં રાષ્ટ્રપતિ વિલિયમ મેકિન્લેની હત્યા બાદ સંસદે તેને રાષ્ટ્રપતિની સુરક્ષાનું કામ સોંપ્યું. 1902થી આ સિક્રેટ સર્વિસની ફુલ-ટાઈમ જવાબદારી બની ગઈ. 1906માં કોંગ્રેસે આ માટે ફંડ અને કાયદાકીય અધિકારો આપ્યા. રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ માટે આ સુરક્ષા ફરજિયાત છે, તેઓ એનો ઇનકાર કરી શકતા નથી. બાકીના લોકો ઈચ્છે તો સુરક્ષા લેવાની મનાઈ કરી શકે છે. સિક્રેટ સર્વિસના સ્પેશિયલ એજન્ટો હંમેશાં તહેનાત રહે છે. જ્યારે પણ કોઈ અમેરિકન રાષ્ટ્રપતિ ક્યાંય જાય છે, ઘરમાં રહે છે અથવા વિદેશ પ્રવાસ કરે છે, ત્યારે સિક્રેટ સર્વિસ જ તેમની સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરે છે. એજન્ટ રાષ્ટ્રપતિના આગમન પહેલાં એ સ્થળનો સર્વે કરે છે, તેઓ સંભવિત ખતરાની માહિતી એકઠી કરે છે અને દરેક જોખમને અગાઉથી જ રોકવાનો પ્રયાસ કરે છે. ટ્રમ્પના રિસોર્ટમાં કાર્ડ વગર એન્ટ્રી મળતી નથી. તેની લાઈફટાઈમ મેમ્બરશિપ ફી 8.50 કરોડ રૂપિયા છે. પૈસા હોવા છતાં પણ દરેકને મેમ્બરશિપ મળતી નથી. એના માટે પહેલા તેની હિસ્ટ્રી ચેક કરવામાં આવે છે, જેમ કે બેંક એકાઉન્ટ ડિટેલ્સ, સોશિયલ સ્ટેટસ અને ફેમિલી બેકગ્રાઉન્ડ.ન્યૂઝ એજન્સી AFP ના જણાવ્યા અનુસાર, દર વર્ષે વિશ્વભરના અમીર લોકો આના માટે અરજી કરે છે, પરંતુ માત્ર અમુક લોકોને જ મેમ્બરશિપ મળે છે.

# નેપાળમાં બસ હાઈવે પરથી નદીમાં ખાબકી, 18નાં મોત: 25 ઘાયલ, મૃત્યુ પામનાર લોકોમાં 2 વિદેશી નાગરિક, કંટ્રોલ ગુમાવવાથી દુર્ઘટના ઘટી....

**કાઠમંડુ, તા.23**

નેપાળના ધાદિંગ જિલ્લામાં સોમવારે વહેલી સવારે એક પેસેન્જર બસ હાઈવે પરથી નદીમાં ખાબકી. નેપાળી મીડિયા અનુસાર, આ અકસ્માતમાં 18 લોકોના મોત થયા છે, જ્યારે 25 લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં એક પુરુષ અને એક મહિલા વિદેશી નાગરિકનો સમાવેશ થાય છે. જોકે, તેઓ કયા દેશના હતા અને તેમના નામ હજુ સામે આવ્યા નથી. પોલીસ દળ (APF) અનુસાર, અત્યાર સુધીમાં 17 મૃતદેહો મળી આવ્યા છે. બાદમાં અન્ય એક મુસાફરના મોતની પુષ્ટિ થઈ, જેનાથી મૃત્યુઆંક 18 પર પહોંચી ગયો. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને બચાવીને અલગ-અલગ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકો અને ઘાયલોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.



બસ (Ga 1 Kha 1421) પોખરાથી કાઠમંડુ તરફ જઈ રહી હતી, ત્યારે કોઈ કારણસર ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવ્યો અને બસ ત્રિશૂલી નદીમાં ખાબકી. આ અકસ્માત મોડી રાતે લગભગ 1:30 વાગ્યે ધાદિંગ જિલ્લાના બેનિઘાટ રોરાંગ ગ્રામીણ નગરપાલિકા-5 ના ભૈંસિગૌડા વિસ્તારમાં થયો હતો. હાલમાં અકસ્માતનું કારણ સ્પષ્ટ થયું નથી. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. પોખરાથી કાઠમંડુ જઈ રહી બસ નદીમાં ખાબકી. તેમાં 44 લોકો સવાર હતા. પોખરાથી કાઠમંડુ જઈ રહી બસ નદીમાં ખાબકી. તેમાં 44 લોકો સવાર હતા. બસમાં ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરતા બચાવ દળના કર્મચારીઓ. બસમાં ફસાયેલા લોકોનું રેસ્ક્યુ કરતા બચાવ દળના કર્મચારીઓ. મૃતકોમાં 12 પુરુષો અને 6 મહિલાઓનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું કે દુર્ઘટના સમયે બસમાં કુલ 44 મુસાફરો સવાર હતા. ઘાયલ 26 મુસાફરોને બચાવી લેવામાં આવ્યા છે. કેટલાકની સારવાર સ્થાનિક હોસ્પિટલમાં ચાલી રહી છે, જ્યારે મોટાભાગનાને વધુ સારવાર માટે કાઠમંડુ રિફર કરવામાં આવ્યા છે. આ દુર્ઘટના મધ્યરાત્રિએ થઈ હોવાથી બચાવ અભિયાનમાં મુશ્કેલી પડી હતી. જોકે, સુરક્ષા એજન્સીઓના કર્મચારીઓએ સ્થાનિક નિવાસીઓ સાથે મળીને બચાવ કાર્ય કર્યું.

# તારિક રહેમાનના PM બનતા જ બાંગ્લાદેશી સેનામાં ફેરબદલ: ભારતમાં રક્ષા સલાહકારને પાછા બોલાવીને પ્રમોશન આપ્યું, ચીફ ઓફ જનરલ સ્ટાફ પણ બદલાયા

**ઢાકા, તા.23**

તારિક રહેમાનના વડાપ્રધાન બન્યાના થોડા દિવસો પછી બાંગ્લાદેશી સેનામાં મોટા પાયે ફેરબદલ કરવામાં આવ્યો છે. રવિવારે જારી કરાયેલા આદેશોમાં ઓપરેશનલ અને ઈન્ટેલિજન્સ પદો પર નવી નિમણૂંકો કરવામાં આવી.

ભારતમાં તૈનાત સંરક્ષણ સલાહકાર બ્રિગેડિયર જનરલ એમડી હાફિઝુર રહેમાનને મેજર જનરલના પદ પર પ્રમોટ કરવામાં આવ્યા છે. તેમને પાછા બોલાવીને 55મી ઈન્ફન્ટ્રી ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડિંગ (GOC) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

લેફ્ટનન્ટ જનરલ મુહમ્મદ મૈનૂર રહેમાનને સેનાના ચીફ ઓફ જનરલ સ્ટાફ (CGS) બનાવવામાં આવ્યા છે. તેઓ આ પહેલા આર્મી ટ્રેનિંગ એન્ડ ડોક્ટ્રિન કમાન્ડના પ્રમુખ હતા. તેમણે લેફ્ટનન્ટ જનરલ મિઝાનુર રહેમાન શમીમનું સ્થાન લીધું છે, જેમને રિટાયરમેન્ટ લીવ પર મોકલી દેવામાં આવ્યા હતા. મેજર જનરલ કૈસર રશીદ ચૌધરીને ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ફોર્સિસ ઈન્ટેલિજન્સ (DGFI) ના ડાયરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ આર્મી હેડક્વાર્ટરમાં બ્રિગેડિયર જનરલના પદ પર કાર્યરત હતા. તેમણે મેજર જનરલ મોહમ્મદ જહાંગીર આલમનું સ્થાન લીધું છે, જેમને હાલમાં વિદેશ મંત્રાલયમાં રાજદૂત તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

લેફ્ટનન્ટ જનરલ મીર મુશફિકુર રહેમાનને સશસ્ત્ર દળ ડિવિઝનના પ્રિન્સિપલ સ્ટાફ ઓફિસર (PSO) બનાવવામાં આવ્યા છે. તેઓ આ પહેલા ચટગાંવ સ્થિત 24મી ઈન્ફન્ટ્રી ડિવિઝનના જનરલ ઓફિસર કમાન્ડિંગ (GOC) હતા. વર્તમાન PSO લેફ્ટનન્ટ જનરલ એસએમ કામરુલ હસનને વિદેશ મંત્રાલયમાં રાજદૂતના પદ પર ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. મેજર જનરલ જેએમ એમદાદુલ ઈસ્લામને ઈસ્ટ બંગાળ રેજિમેન્ટલ સેન્ટરના કમાન્ડન્ટ નિયુક્ત કરવામાં આવ્યા છે. જ્યારે મેજર જનરલ ફિરદોસ હસન સલીમને 24મી ઈન્ફન્ટ્રી ડિવિઝનના



GOC બનાવવામાં આવ્યા છે. આ મોટો ફેરબદલ તારિક રહેમાનની નવી BNP સરકાર માટે સેના પર પોતાની મજબૂત પકડ બનાવવા માટેનું પ્રથમ મોટું પગલું માનવામાં આવી રહ્યું છે. ફેબ્રુઆરી 2024માં વિદ્યાર્થી આંદોલનથી શેખ હસીનાની સરકાર પડ્યા પછી મુહમ્મદ યુનુસની વચગાળાની સરકાર બની હતી, જેણે સેનાના ઘણા ટોચના પદો પર પોતાના નજીકના અથવા જૂની વ્યવસ્થા સાથે સંકળાયેલા અધિકારીઓને તૈનાત કર્યા હતા. હવે 12 ફેબ્રુઆરી 2026ની ચૂંટણીમાં BNPની ભવ્ય જીત પછી તારિક રહેમાન 17 ફેબ્રુઆરીએ વડાપ્રધાન બન્યા, ત્યારે નવી સરકારે ઝડપથી આ પદો પર ફેરફારો કર્યા. આની પાછળનું મુખ્ય કારણ એ માનવામાં આવી રહ્યું છે કે જૂના અધિકારીઓને (જે યુનુસ સરકાર અથવા હસીનાના સમયગાળા સાથે સંકળાયેલા હતા) હટાવીને BNPના નજીકના અથવા નવી સરકાર પ્રત્યે વફાદાર અધિકારીઓને મહત્વપૂર્ણ કમાન્ડ અને ગુપ્તચર પદ આપી રહી છે, જેથી સેના નવી સરકાર વિરુદ્ધ કોઈ અસંતુલન પેદા ન કરે અને સેના મજબૂત બની શકે. નવી સરકારની સ્થિરતા મજબૂત થશે- સેનાના ચીફ ઓફ જનરલ સ્ટાફ, ગુપ્તચર વિભાગ અને અન્ય મુખ્ય પદો પર નવા ચહેરા આવવાથી તારિક રહેમાનની સરકારને સેનાનો સંપૂર્ણ સમર્થન મળશે. આનાથી કોઈ વિદ્રોહ કે અસ્થિરતાનો ખતરો ઓછો થઈ જશે, ખાસ કરીને જ્યારે દેશમાં તાજેતરમાં રાજકીય ઉથલપાથલ થઈ છે. જૂની વ્યવસ્થાના પ્રભાવો ઓછા થશે- યુનુસ સરકાર કે હસીના કાળના વફાદાર અધિકારીઓને હટાવવામાં આવી રહ્યા છે અથવા રાજદૂત જેવા પદો પર મોકલવામાં આવી રહ્યા છે, જેનાથી BNP વિરોધી તત્વોની તાકાત ઓછી થશે. ભારત સાથેના સંબંધો પર અસર- ભારતમાં તૈનાત સંરક્ષણ સલાહકાર બ્રિગેડિયર જનરલ હાફિઝુર રહેમાન (જેમને કેટલીક રિપોર્ટ્સમાં ભારત-સમર્થક માનવામાં આવે છે) ને પાછા બોલાવીને પ્રમોશન આપીને ડિવિઝન કમાન્ડ આપવામાં આવ્યું છે. આનાથી દિલ્હીમાં બાંગ્લાદેશના સૈન્ય પ્રતિનિધિ બદલાઈ જશે, જે ભારત-બાંગ્લાદેશ સંબંધોમાં નવું સંતુલન લાવી શકે છે.

# દુનિયાનો સૌથી મોટો ડ્રગ ડોન કેવી રીતે માર્યો ગયો?: અમેરિકાએ 'અલ મેન્ચો'ની ગુપ્ત જાણકારી આપી

## ■ મેક્સિકન સેનાની કાર્યવાહીથી શહેર ભડકે બળ્યું, એરપોર્ટ પર ગોળીબાર થયો

**વોશિંગ્ટન, તા.23**

મેક્સિકન સેનાએ રવિવારે એક ઓપરેશન હેઠળ દેશના સૌથી મોટા ડ્રગ કાર્ટેલના લીડરને ઠાર માર્યો. નેમેસિયો રુબન ઓસેગુએરા સર્વેન્ટેસ ઉર્ફે અલ મેન્ચો જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ (CJNG)નો લીડર હતો અને દુનિયાના મોસ્ટ વોન્ટેડ ગુનેગારોમાં સામેલ હતો.

સંરક્ષણ મંત્રાલય અનુસાર, જલિસ્કોમાં સેનાની કાર્યવાહી દરમિયાન તે ઘાયલ થયો. તેને એરલિફ્ટ કરીને મેક્સિકો સિટી લઈ જવામાં આવી રહ્યો હતો, પરંતુ રસ્તામાં તેણે દમ તોડી દીધો.

તેના મૃત્યુ પછી જલિસ્કો સહિત ઘણાં રાજ્યોમાં અલ મેન્ચોના સમર્થકોએ હિંસક પ્રદર્શન કર્યું. ઘણી જગ્યાએ વાહનોમાં આગચંપી અને હાઈવે જામની ઘટનાઓ સામે આવી. ગ્વાડલાહારા અને પ્યુર્ટો વાલાર્ટાથી ધુમાડા અને અફરાતફરીના વીડિયો વાઈરલ થયા છે.

આ કાર્ટેલને સિનાલોઆ કાર્ટેલ જેટલું જ શક્તિશાળી માનવામાં આવે છે, જે મેક્સિકોના સૌથી બદનામ ક્રિમિનલ ગ્રુપમાંથી એક છે. તેની હાજરી અમેરિકાનાં 50 રાજ્યમાં છે. અમેરિકી સરકારે અલ મેન્ચો ઉપર 136 કરોડ રૂપિયાનું ઈનામ રાખ્યું હતું.

મેક્સિકોના રક્ષા મંત્રાલય અનુસાર, અલ મેન્ચોને પશ્ચિમી દરિયાકાંઠાના રાજ્ય જલિસ્કોના તપલપા શહેરમાં પકડવામાં આવ્યો. આ લગભગ 20,000 વસ્તી ધરાવતું શહેર છે, જ્યાં તેનું કાર્ટેલ શરૂ થયું હતું અને સક્રિય હતું. સૈનિકો સાથેની અથડામણમાં અલ મેન્ચો ઘાયલ થયો અને સારવાર માટે મેક્સિકો સિટી લઈ જતી વખતે તેનું મૃત્યુ થયું. નિવેદનમાં જણાવાયું છે કે "કાર્યવાહી દરમિયાન સૈનિકો પર ગોળીબાર થયો અને ઘટનાસ્થળે ચાર લોકો માર્યા ગયા. ઓસેગુએરા સર્વાન્ટેસ (અલ મેન્ચો) સહિત અન્ય ત્રણ લોકો ઘાયલ થયા અને બાદમાં તેમનું મૃત્યુ થયું."

અન્ય બે લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને બખ્તરબંધ વાહનો, રોકેટ લોન્ચર્સ અને અન્ય હથિયારો જપ્ત કરવામાં આવ્યાં હતાં. આમાં ત્રણ સુરક્ષાક્મીઓ પણ ઘાયલ થયા હતા, જેમની સારવાર ચાલી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ કાર્યવાહીમાં ઓછામાં ઓછા નવ અન્ય કાર્ટેલ સભ્યો પણ માર્યા ગયા હતા.

રોઈટર્સના અહેવાલ મુજબ એક અમેરિકી રક્ષા અધિકારીએ



રોઈટર્સને જણાવ્યું હતું કે અમેરિકી સેનાના નેતૃત્વ હેઠળ બનેલી એક નવી ટાસ્કફોર્સે એ લશ્કરી કાર્યવાહીમાં ભૂમિકા ભજવી, જેમાં અલ મેન્ચો માર્યો ગયો. આ ટાસ્કફોર્સનું નામ જોઈન્ટ ઈન્ટરએજન્સી ટાસ્કફોર્સ-કાઉન્ટર કાર્ટેલ છે. એમાં અમેરિકી સરકારની ઘણી એજન્સીઓ સામેલ છે. અધિકારીઓ અનુસાર, તેને ગયા વર્ષના અંતમાં ગુપ્ત રીતે શરૂ કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ અમેરિકા-મેક્સિકો સરહદની બંને બાજુ ડ્રગ કાર્ટેલના નેટવર્કની માહિતી એકત્રિત કરવી અને તેમનો નકશો તૈયાર કરવાનો છે.

રોઈટર્સ સાથે નામ ન આપવાની શરતે વાત કરનાર અમેરિકી અધિકારીએ જણાવ્યું ન હતું કે આ ટાસ્કફોર્સે મેક્સિકોને કઈ ખાસ માહિતી આપી હતી. તેમણે એ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે દરોડા સંપૂર્ણપણે મેક્સિકોની સેના દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી હતી.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લિવિટે પણ કહ્યું હતું કે અમેરિકાએ આ કાર્યવાહીમાં ગુપ્ત માહિતી આપીને મદદ કરી હતી. તેમણે X પર લખ્યું, ''અલ મેન્ચો' મેક્સિકો અને અમેરિકા બંને સરકારોનું મોટું નિશાન હતું, કારણ કે તે આપણા દેશમાં ફેન્ટાનિલની તસ્કરી કરનારાઓમાં ટોચ પર હતો.' તેમણે મેક્સિકોની સેનાની પ્રશંસા પણ કરી. જ્યારે અમેરિકી ઉપ-વિદેશમંત્રી ક્રિસ્ટોફર લેન્ડાઉએ કહ્યું હતું કે તેમને જાણ કરવામાં આવી છે કે મેક્સિકોની સેનાએ "અલ મેન્ચો"ને મારી નાખ્યો છે. તેમણે તેને 'સૌથી લોહિયાળ અને નિર્દય ડ્રગ સરગનાઓમાંનો એક' ગણાવ્યો.

યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે અલ મેન્ચોની ધરપકડમાં મદદ કરતી માહિતી આપનારને 15 મિલિયન ડોલર (136 કરોડ રૂપિયા) સુધીનું ઈનામ આપવાની ઓફર કરી હતી. જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ જેને CJNGના નામથી ઓળખવામાં આવે છે.

મેક્સિકોના સૌથી શક્તિશાળી અને ઝડપથી વિકસતાં ગુનાહિત સંગઠનોમાંનું એક છે. આ કાર્ટેલ 2009માં બન્યું હતું. આ જ વર્ષે ફેબ્રુઆરીમાં ટ્રમ્પ વહીવટીતંત્રે કાર્ટેલને વિદેશી આતંકવાદી સંગઠન જાહેર કર્યું હતું.

મેક્સિકોને વિશ્વના સૌથી મોટા ડ્રગ્સ તસ્કરી નેટવર્કનો ગઢ માનવામાં આવે છે, જ્યાંથી કોકેન, હેરોઈન, મેથ અને ફેન્ટેનાઈલ જેવાં અત્યંત ખતરનાક ડ્રગ્સ અમેરિકા સુધી પહોંચે છે. અમેરિકી એજન્સીઓ અનુસાર, દેશમાં ડ્રગ્સનો સૌથી મોટો પુરવઠો મેક્સિકન કાર્ટેલ્સ દ્વારા થાય છે.

અમેરિકા વિશ્વનું સૌથી મોટું ડ્રગ્સ માર્કેટ છે. દર વર્ષે લાખો લોકો નશાની લતનો શિકાર બને છે અને ફેન્ટેનાઈલ જેવી દવાઓથી હજારો મૃત્યુ થાય છે. અમેરિકી સરકાર પર સતત દબાણ રહે છે કે ડ્રગ્સ તસ્કરી પર કડક પગલાં લેવામાં આવે અને આ જ કારણોસર તેની નજર મેક્સિકોમાં હાજર કાર્ટેલ્સ પર રહે છે.

બીજી તરફ, કાર્ટેલ્સ મેક્સિકોમાં એટલા શક્તિશાળી બની ગયા છે કે ઘણા વિસ્તારોમાં તેઓ પોલીસ અને સરકારને પડકારે છે. હથિયારબંધ ગેંગ, ધમકી, ભ્રષ્ટાચાર અને હિંસાને કારણે સ્થાનિક વહીવટીતંત્ર પણ ઘણીવાર તેમને રોકી શકતું નથી. કેટલાક કાર્ટેલ્સ તો પોતાને શેડો ગવર્નમેન્ટની જેમ ચલાવે છે.

વેનેઝુએલા પર કાર્યવાહી કર્યા પછી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપતાં કહ્યું હતું કે તેમનું પ્રશાસન ટૂંક સમયમાં જમીન પર હાજર ડ્રગ કાર્ટેલને નિશાન બનાવવા માટે કાર્યવાહી શરૂ કરશે.

ટ્રમ્પે ફોક્સ ન્યૂઝને આપેલા એક ઈન્ટરવ્યૂમાં દાવો કર્યો હતો કે મેક્સિકો પર ડ્રગ કાર્ટેલનું રાજ છે. આ અમેરિકામાં દર વર્ષે 2.5 લાખથી 3 લાખ લોકોનાં મોતનું કારણ બની રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે સમુદ્રના રસ્તેથી ડ્રગ્સની તસ્કરીને 97% સુધી રોકી દેવામાં આવી છે, તેથી હવે જમીન પર કાર્યવાહી કરવામાં આવશે, જોકે તેમણે યોજનાઓ વિશે વધુ કોઈ માહિતી આપી ન હતી.

મેક્સિકોના રાષ્ટ્રપતિ ક્લાઉડિયા શીનબૉમે ટ્રમ્પના નિવેદનોનો સખત જવાબ આપ્યો છે. તેમણે માદુરોની ધરપકડ પછી કહ્યું કે અમેરિકા કોઈપણ ક્ષેત્રનો માલિક નથી.

ધ ગાર્ડિયનના એક રિપોર્ટ અનુસાર, મેક્સિકોના સૌથી મોટા સિનાલોઆ કાર્ટેલ પાસે 600થી વધુ વિમાન અને હેલિકોપ્ટર છે. આ સંખ્યા મેક્સિકોની સૌથી મોટી એરલાઈન્સ એયરો મેક્સિકો કરતાં પાંચ ગણી વધારે છે.

કાર્ટેલ્સ હવે ડ્રોન અને આર્મર્ડ વાહનો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જેમ કે જલિસ્કો ન્યૂ જનરેશન કાર્ટેલ (CJNG) પાસે મશીન ગન, ટેન્ક અને બોડી આર્મરથી સજ્જ જૂથો છે. કુલ મળીને કાર્ટેલ્સની 'ખાનગી સેના' અથવા સભ્યોની સંખ્યા 2022-2023માં 160,000થી 185,000 અંદાજવામાં આવી હતી, જે મેક્સિકોમાં પાંચમી સૌથી મોટી નોકરીદાતા બનાવે છે.

મેક્સિકો ગૃહ મંત્રાલયના 2022ના રિપોર્ટ અનુસાર, કાર્ટેલ પાસે AK-47 અને M-80 જેવી એસોલ્ટ રાઈફલોનો મોટો જથ્થો છે. દર વર્ષે સુરક્ષા એજન્સીઓ દ્વારા ડ્રગ કાર્ટેલના કબજામાંથી 20 હજારથી વધુ એસોલ્ટ રાઈફલો જપ્ત કરવામાં આવે છે.

મેક્સિકો સરકાર કાર્ટેલ પાસેથી જપ્ત કરાયેલાં હથિયારોનો નાશ કરે છે. એનો ફરીથી ઉપયોગ કરવામાં આવતો નથી. કાર્ટેલ આ હથિયારો અમેરિકી માફિયા પાસેથી ડ્રગ્સના સપ્લાયના બદલામાં મેળવે છે. 5 વર્ષના ગાળામાં કાર્ટેલે રોકેટ લોન્ચર્સ પણ મેળવી લીધા છે. એનો ઉપયોગ સરકારી જાસૂસી વિમાનો પર હુમલો કરવા માટે કરે છે.

UN વર્લ્ડ ડ્રગ રિપોર્ટ 2025 અનુસાર, મેક્સિકોના ડ્રગ કાર્ટેલ હવે વિશ્વના સૌથી વધુ કમાણી કરતાં ગુનાહિત જૂથો છે, જે વાર્ષિક $12.1 બિલિયન (લગભગ 1 લાખ કરોડ રૂપિયા)થી વધુ કમાણી કરે છે. આ મુખ્યત્વે કોકેન, હેરોઈન, મેથ અને ફેન્ટેનિલની તસ્કરીમાંથી આવે છે, અને મેક્સિકોના કાર્ટેલ કોલંબિયાના કાર્ટેલથી આગળ નીકળી ગયા છે.

## તંત્રી લેખ

# AI, રોજગાર તેમજ વસતીવિષયક લાભ અને વિક્ષેપ વચ્ચે ભારતની દોડ

ભારતની માનવીય સ્રોતની સંપત્તિ વિશાળ છે અને સતત વધતી રહી છે (ઓછામાં ઓછુ ૨૦૫૦ સુધી તો ખરી જ). જો કે તેની ગુણવત્તા વિકસીત દેશોના માનવ સ્રોતથી નોંધપાત્ર રીતે અલગ છે. એક વિકસીત દેશમાં લગભગ તમામ લોકો સ્કૂલ શિક્ષિત હોય છે અને બહુમતિ સંખ્યા કોલેજ શિક્ષિત હોય છે. ત્યાં જીવનભર શીખવાની અને નવી કુશળતાઓ હાંસલ કરવાની તક હોય છે. ભારતમાં વસતીવિષયક લાભ વસતીવિષક જવાબદારીઓ સાથે આવે છે. મેં ડેરિયો એમોડી (સીઈઓ, એન્થ્રોપિક)ના કોપીરાઈટ કરાયેલા ૩૮ પાનાના નિબંધ 'ધી એડોલેસેન્સ ઓફ ટેકનોલોજી'નો સારાંશ વાંચ્યો છે. આર્થિક વિક્ષેપ બાબતે તેમણે કહ્યું છે કે એઆઈ અભૂતપૂર્વ ઝડપથી અને વ્યાપક વ્યાવસાયિક શ્રેણીઓમાં શ્રમ બજારોને વિક્ષેપિત કરી શકે છે, જેના કારણે આગામી નજીકના સમયમાં નોકરીઓનો એક મોટો હિસ્સો, ખાસ કરીને વ્હાઈટ કોલર કામ સમાપ્ત થઈ શકે છે. આ બાબત ભયાવહ છે. ભારતમાં કરાયેલ એક અન્ય અભ્યાસમાં એવી પણ જાણકારી મળી છે કે એઆઈ જાતિની ઓળખ કરી શકે છે. જો માનવીઓએ એઆઈને જાતિ પૂર્વગ્રહ શીખવ્યા હોય તો તે વધુ ભયાવહ છે.

એઆઈ ભાવિ અને ભાગ્યના દરવાજા ખોલી નાખશે તેવી માનનીય વડા પ્રધાનની વાત સાચી છે. પણ નોકરીઓ જશે તેવો ભય પણ તોળાઈ રહ્યો છે. ટિકિટ જારી કરનારા અને ચેક કરનારા, બસ અને ટ્રેન કંડકટર્સ, રેલ સિગ્નલ કર્મીઓ, ટ્રાફિક પોલીસ અધિકારીઓ અને ટાઈપિસ્ટો, ટૂરીસ્ટ ગાઈડ, અનુવાદકો, લેબ ટેકનીશિયનો, બેંક ટેલરો, ખાનગી ટ્યુટરો, ઈ. જેવા નિયમિત અને પુનરાવર્તિત કામ ગાયબ થઈ શકે છે. માઈક્રોસોફ્ટના સીઈઓએ જણાવ્યું કે વ્હાઈટ કોલર નોકરીઓના અનેક કામ સ્વયંસંચાલિત થઈ શકે છે. કંપનીએ ૨૦૨૫માં હજારો નોકરીઓમાં કપાત કરી હતી. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસે ૨૦૨૫માં જાહેરાત કરી હતી કે તે પુનર્ગઠન કવાયતના ભાગ રૂપે બાર હજારથી વધુ કર્મચારીઓને કાઢી મુકશે. વિનોદ ખોસલાએ આગાહી કરી હતી કે એઆઈ આઈટી સેવાઓને નાબૂદ કરી શકે અને આગામી પાંચ વર્ષમાં બીપીઓ કંપનીઓ લગભગ નામશેષ થઈ જશે. ભારતની સૌથી મોટી સમસ્યા છે નોકરીઓનો અભાવ. ભારતનો વર્તમાન બેરોજગારી દર ૫.૧ ટકા છે, પણ આપણે જાણીએ છીએ કે ખરો આંકડો તેનાથી વધુ છે. યુવા બેરોજગારી દર પંદર ટકા છે. લગભગ ૫૫ ટકા રોજગાર સ્વ-રોજગાર અથવા અસ્થાયી રોજગાર છે. ભારત અને વિશ્વ આ અનિવાર્ય પડકારોનો સામનો કરવા કેટલા તત્પર છે? મને જાણ છે ત્યાં સુધી ભારત સહિત વિશ્વ પાસે હજી સુધી આ સમસ્યાનું કોઈ સમાધાન નથી. મુખ્ય આર્થિક સલાહકાર (સીઈએ)એ આધુનિક અર્થતંત્રો પર એઆઈની અસર (વસતી વિષયક ઘટાડો અનુભવતા હોય તેના માટે એઆઈ લાભકારક સાબિત થઈ શકે) અને વિકસતા દેશો (રાજ્યની ક્ષમતા માટે એઆઈ તણાવ સર્જી શકે) વચ્ચે તફાવત દર્શાવ્યો છે. સ્વાભાવિક છે કે નિરાકરણ અલગ હોઈ શકે. તેમનું નિરાકરણ છે કે 'અવિરત અમલીકરણ ભારતને વ્યાપક રોજગારક્ષમતા સાથે ટેકનોલોજી અપનાવનાર પ્રથમ વિશાળ સમાજ બનાવી શકે. હું ઈચ્છું છું કે નિરાકરણ આટલું સરળ હોત.

ટેકનોલોજીના અવિરત અપનાવવાના પ્રારંભિક પરિણામો તરીકે નોકરીઓમાં ઘટાડો થયો છે, ઓછામાં ઓછો ભારતીય ફેક્ટરીઓમાં. પણ જેમ અર્થશાસ્ત્રીઓ કહે છે તેમ 'આવિષ્કાર અને પ્રસાર' વચ્ચે, અને ટેકનોલોજી અપનાવવાની અસર શોષી શકે તેવા કઠણ પગલા લેવાનો એક સમય હોય છે. દાખલા તરીકે, નોકરી શોધનારાની વિશાળ સંખ્યા અને નોકરીની સંખ્યાને જોતા, ભારતે આટલી તૈયારી કરવી જોઈએ: વિકસિત દેશોથી વિપરીત ઉચ્ચ પ્રાથમિક, માધ્યમિક અથવા ઉચ્ચ માધ્યમિક સ્તરે સ્કૂલ છોડી દેનારા યુવાનો માટે ભારતે વિવિધ પ્રકારની નોકરીઓની જરૂર છે તે સ્વીકારવું. ઉચ્ચ માધ્યમિક સ્તરે અભિરુચિ અને ગુણવત્તાના આધારે વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રવાહ અને બિન-શૈક્ષણિક પ્રવાહને અલગ કરવો.

**ટ્રમ્પ સત્તામાં આવ્યા ત્યારથી એક વર્ષ દરમિયાન તેમના 150 ચુકાદા સુપ્રીમ કોર્ટે અટકાવી દીધા છે. જાણકારોના મતે તેનો સીધો અર્થ એવો થાય છે કે, અમેરિકી અદાલતે સરેરાશ દર બીજા દિવસે ટ્રમ્પના ચુકાદાને રદ કર્યા છે અથવા તો તેની ઉપર પ્રતિબંધ મુકી દીધો છે : અમેરિકી કોર્ટ દ્વારા ટ્રમ્પના વિવિધ અન્ય નિર્ણયોને પણ અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતા. જન્મજાત નાગરિકતા, ઈલેક્શન રિફોર્મ, ફેડરલ ફંડ, ટ્રાન્સજેન્ડર્સ, કાયદા અને ન્યાયતંત્ર સાથે સંકળાયેલી એજન્સીઓને નિશાન બનાવવાના નિર્ણયો મુદ્દે કોર્ટે પ્રતિબંધ મુકેલા છે. તે ઉપરાંત નેશનલ ગાર્ડ્સનું ફેડરલાઈઝેશન કરવાનો પણ સમાવેશ થાય છે : અમેરિકી ન્યાયતંત્રનો સ્પષ્ટ સંકેત છે**

# એક વર્ષમાં ટ્રમ્પના 150 નિર્ણયોને યુએસ સુપ્રીમે અટકાવ્યા

## ટ્રમ્પના બીજા કાર્યકાળમાં અણઘડ નીતિઓ સામે ન્યાયતંત્ર લાલઘુમ, દર બીજા દિવસે સરકારી નિર્ણયો સામે પ્રતિબંધના ચુકાદા અપાયા



દુનિયાભરના દેશો સાથે સતત ટેરિફ મુદ્દે સંઘર્ષ કરી રહેલા અને વૈશ્વિક અર્થતંત્રને ડામાડોળ કરવા મથી રહેલા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાની જ સુપ્રીમ કોર્ટે મોટા ઝાટકા આપ્યા છે. તાજેતરમાં જ તુંડ મિજાજી ટ્રમ્પ દ્વારા વિશ્વભરમાં લાગુ કરાયેલા વિવિધ ટેરિફ દરો ઉપર અમેરિકી સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મુકી દીધો છે. ટ્રમ્પ પોતાના બીજા કાર્યકાળમાં અદાલતોનું પણ માન જાળવતા નથી. તેઓ સુપ્રીમના જજને ચમચા અને પાગલ ગણાવી રહ્યા છે. તેમણે બેશરમરીતે અદાલતા હુકમનું અપમાન કરીને દુનિયાભરના વ્યાપારિક સંબંધ ધરાવતા દેશો ઉપર ૧૦ ટકાનો નવો ટેરિફ જાહેર કરી દીધો છે. ટ્રમ્પે કરેલી જાહેરાતો સ્પષ્ટ કરે છે કે, અમેરિકામાં રાજતંત્ર અને ન્યાયતંત્ર વચ્ચે એક મોટો જંગ ખેલાઈ રહ્યો છે. તેનું એકમાત્ર કારણ છે, ટ્રમ્પના અવિચારી નિર્ણયો.

ઉલ્લેખનીય છે કે, અમેરિકી મીડિયા અહેવાલો જ જણાવે છે કે, ગત જાન્યુઆરીમાં ટ્રમ્પે સત્તા હાથમાં લીધી ત્યારથી આ વર્ષની શરૂઆતમાં એટલે કે ફેબ્રુઆરીના મધ્ય સુધીમાં ટ્રમ્પના તંત્રને દેશના ન્યાયતંત્ર દ્વારા વિવિધ તબક્કે ઝાટકા આપવામાં આવ્યા છે. અહેવાલો જણાવે છે કે, અત્યાર સુધીમાં ન્યાયતંત્ર દ્વારા ટ્રમ્પના ૧૪૯ નિર્ણયો ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અથવા તો તેને રદ કરવામાં આવ્યા છે. તેમાંય તાજેતરમાં સુપ્રીમે ટ્રમ્પ વિરુદ્ધ ૧૫૦મો જે ચુકાદો આપ્યો તેની વૈશ્વિક અસર જોવા મળી છે. તેનો સીધો અર્થ એ છે કે, ટ્રમ્પ સત્તામાં આવ્યા ત્યારથી એક વર્ષ દરમિયાન તેમના ૧૫૦ ચુકાદા સુપ્રીમ કોર્ટે અટકાવી દીધા છે. જાણકારોના મતે તેનો સીધો અર્થ એવો થાય છે કે, અમેરિકી અદાલતે સરેરાશ દર બીજા દિવસે ટ્રમ્પના ચુકાદાને રદ કર્યા છે અથવા તો તેની ઉપર પ્રતિબંધ મુકી દીધો છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકી સુપ્રીમ કોર્ટે ૨૦ ફેબ્રુઆરીએ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવાના ચુકાદાને રદ કરી દીધો હતો. અમેરિકી કોર્ટ દ્વારા ૬-૩ની સરેરાશ સાથે ઈન્ટરનેશનલ ઈમર્જન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ હેઠળ લગાવવામાં આવેલા ગ્લોબલ ટેરિફને ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યા હતા. અદાલતે સ્પષ્ટ જણાવ્યું કે, કોઈપણ દેશ સાથે ટ્રેડ ડીલ દરમિયાન આટલા મોટા પ્રમાણમાં ટેક્સ લગાવવાનો અધિકાર રાષ્ટ્ર પ્રમુખ પાસે ન હોઈ શકે. અમેરિકી કોંગ્રેસ પાસે જ આ અધિકાર છે. અમેરિકી કોંગ્રેસમાં આવા નિર્ણયો બહુમતીથી પસાર થાય ત્યારબાદ જ પ્રમુખ દ્વારા તેની જાહેરાત કરી શકાય અથવા તો તેને લાગુ કરી શકાય છે.

ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે જ્યારે ટેરિફ જાહેર કર્યો ત્યારે નીચલી અદાલતે તેને ગેરકાયદે અને ગેરબંધારણીય ગણાવ્યા હતા. તે વખતે પણ ટ્રમ્પ અદાલતનો નિર્ણય માન્યા નહોતો. હવે સુપ્રીમ દ્વારા પણ બહુમત સાથે ટ્રમ્પના નિર્ણયોને ગેરબંધારણીય જાહેર કરીને તેના ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

મહત્ત્વની વાત એ છે કે, ટ્રમ્પ દ્વારા દુનિયાભરના દેશો ઉપર રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવામાં આવ્યો હતો. તે સમયે ચીન ઉપર ૩૪ ટકા ટેરિફ જ્યારે બાકીના દેશો ઉપર ૧૦ ટકાનો બેઝલાઈન ટેરિફ જારી કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત કેનેડા, મેક્સિકો અને ચીનના કેટલાક સામાન ઉપર ૨૫ ટકા વધારાનો ટેરિફ લાગુ કરવામાં આવ્યો હતો. ફેન્ટાનિલ પ્રોહિબિશનના નામે આ વધારાનો ટેરિફ લાગુ કરવામાં આવ્યો હતો. કોર્ટ દ્વારા તેમાંથી મોટાભાગના ટેક્સને ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યા છે. સ્ટિલ, એલ્યુમિનિયમ જેવા કેટલાક સેક્ટરમાં ટેરિફ યથાવત્ રાખ્યા છે. તેમ છતા ટ્રમ્પે ૧૦ ટકા ટેરિફની ફરીથી જાહેરાત કરી દીધી છે. અમેરિકી પ્રમુખ શાંત બેસે તેમ પણ નથી. જાણકારોના મતે અમેરિકી અદાલતો દ્વારા અપાયેલા રાહતને ઝડપથી દૂર કરવા માટે ટ્રમ્પ આકાશ-પાતાળ એક કરી રહ્યા છે. ૧૯૭૪ની કલમ ૧૨૨ હેઠળ તેમણે ૧૦ ટકા ટેરીફ જારી કરી દીધો છે.

આ ટેરિફ પણ ૧૫૦ દિવસ જ લાગુ રહી શકે છે. તે પહેલાં તેને કોંગ્રેસમાં પાસ કરવો જરૂરી છે. અમેરિકી કોંગ્રેસ ઈચ્છે તો જ આગળ આ ટેરિફદર લાગુ રહી શકે છે. બીજી તરફ ટ્રમ્પે કહી દીધું છે કે, કલમ ૩૦૧ હેઠળ તપાસ કરવામાં આવી રહી છે અને તેના આધારે વધારાના ટેરિફ લાગુ કરવામાં આવી શકે છે.

ઉલ્લેખનીય છે કે, આ ટેરિફના તોફાન ઉપર પ્રતિબંધ મુકતા પહેલાં અમેરિકી કોર્ટ દ્વારા ટ્રમ્પના વિવિધ અન્ય નિર્ણયોને પણ અયોગ્ય ઠેરવવામાં આવ્યા હતા. જન્મજાત નાગરિકતા, ઈલેક્શન રિફોર્મ, ફેડરલ ફંડ, ટ્રાન્સજેન્ડર્સ, કાયદા અને ન્યાયતંત્ર સાથે સંકળાયેલી એજન્સીઓને નિશાન બનાવવાના નિર્ણયો મુદ્દે કોર્ટે પ્રતિબંધ મુકેલા છે. તે ઉપરાંત નેશનલ ગાર્ડ્સનું ફેડરલાઈઝેશન કરવાનો પણ સમાવેશ થાય છે.

આ તમામ મુદ્દે અમેરિકી ન્યાયતંત્રનો સ્પષ્ટ સંકેત છે કે, રાષ્ટ્રપ્રમુખ પાસે અસીમિત શક્તિઓ નથી. તેઓ કાયદો અને બંધારણથી બંધાયેલા છે. તેમણે બંધારણના માળખાને આધિન રહીને અમેરિકી કોંગ્રેસની કામગીરીના માળખામાં આવીને કાયયાકીય રીતે કામ કરવું પડશે. અમેરિકી અદાલતોનો સ્પષ્ટ સંકેત છે કે, સરકારી તંત્ર દ્વારા જો મર્યાદા છોડવામાં આવશે તો ન્યાયતંત્ર દ્વારા લગામ કસવામાં આવશે. અમેરિકાના સરકારી તંત્ર અને ન્યાયતંત્ર વચ્ચેના શક્તિ સંતુલનની આ અમેરિકી બંધારણની ખાસિયત છે.

અમેરિકી ન્યાયંત્ર દ્વારા ટ્રમ્પની તુમાખી ઉપર પ્રતિબંધ લગાવ્યાના ઘણા ઉદાહરણો છે. તેમાંથી કેટલાક મોટા અને મહત્ત્વના છે. જન્મસિદ્ધ નાગરિકતાનો વિવાદ તેમાંનો એક છે. તેના વિશે ટ્રમ્પે લીધેલા નિર્ણયોને કોર્ટે અટકાવી દીધા છે. એક્ઝિક્યુટિવ ઓર્ડર ૧૪૧૬૦ કે જેનો આશય અમેરિકામાં જ જન્મ લેનારા કેટલાક બાળકોને દેશની નાગરિકતાથી વંચિત રાખવાનો હતો.

નીચલી ફેડરલ કોર્ટ દ્વારા તેના ઉપર તરત જ રોક લગાવી દેવામાં આવી હતી. તેના વિશે અન્ય અદાલતોમાં કાયદાકીય લડાઈ ચાલી રહી છે પણ આ વિષય અત્યંત સંવેદનશીલ છે અને તેના ઉપર કાયદાકિય લડાઈ ચાલે તેમ છે.

આ ઉપરાંત બીજો મહત્ત્વનો ચુકાદો વોટિંગ સાથે જોડાયેલા કાર્યકારી આદેશ ઉપર સ્ટે મુકવાનો હતો. માર્ચ ૨૦૨૫માં ટ્રમ્પ દ્વારા આ મુદ્દે કાર્યકારી આદેશ જારી કરવામાં આવ્યા હતા. તેની સામે ઓક્ટોબર ૨૦૨૫ અને ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૬માં ફેડરલ કોર્ટે દ્વારા તેના ઉપર સ્ટે મુકી દેવામાં આવ્યો છે. તેમાં મતદારોને પોતાના નાગરિકતા સિદ્ધ કરવા માટે પાસપોર્ટ અથવા તો નાગરિકતાના અન્ય દસ્તાવેજો બતાવવાનું ફરજિયાત કરવાનો આદેશ અપાયો હતો. કોર્ટે જણાવ્યું કે, રાષ્ટ્રપ્રમુખ પાસે ચૂંટણી પ્રક્રિયાઓને એકતરફી બદલવાનો કોઈ અધિકાર નથી. આ સત્તા માત્ર કોંગ્રેસ અને રાજ્યો પાસે છે.

બીજી તરફ નિર્વાસન કામગીરી અને પગલાં ઉપર પણ કોર્ટે સ્ટે મુકી દીધો છે. એ.એ.આર.પી.વી ટ્રમ્પમાં સુપ્રીમ કોર્ટે તંત્રના એલિયન એનીમી એક્ટ ૧૭૯૮નો ઉપયોગ કરીને લોકોને અલ સાલ્વાડોરની અત્યંત સુરક્ષિત જેલમાં મોકલવાના નિર્ણયને અટકાવી દીધો હતો. કોર્ટે જણાવ્યું કે, આ સમગ્ર કાયદાનો ઉપયોગ આ પ્રકારની કામગીરી માટે જરાય યોગ્ય નથી.

આ ઉપરાંત ટ્રમ્પ સરકાર દ્વારા કાર્યકારી આદેશ ૧૩૭૭૧ હેઠળ કોઈપણ કાર્યકારી વિભાગ અથવા એજન્સીને કોઈ નવો નિયમ જાહેર કરવાની સત્તા આપવાની તૈયારી કરવામાં આવી હતી જેમાં ઓછામાં ઓછા બેને રદ કરવાનો પ્રસ્તાવ આપવો જરૂરી હતો. આ નવા નિયમો હેઠળ કામગીરીનો ખર્ચ ઝીરો ડોલર અથવા તો તેને સમાંતર લાવવો જરૂરી હોવાનું જણાવાયું હતું. તે ઉપરાંત કાર્યકારી આદેશ ૧૩૯૮૮ કે જેમાં જાતીની ઓળખ અથવા તો જાતીની માહિતીના આધારે થતા ભેદભાવને અટકાવવો અથવા તેનો વિરોધ કરવો તેમ થતો હતો.

ઉલ્લેખનીય છે કે, પૂર્વ અમેરિકી પ્રમુખ જો બાઈડેન દ્વારા ૨૦ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ આ ચોથો કાર્યકારી આદેશ જારી કરાયો હતો. ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સત્તા સંભાળતાની સાથે જ કેટલાક જ કલાકોમાં રદ કરી દીધો હતો. આ મુદ્દે પણ કોર્ટ દ્વારા ટ્રમ્પ સરકારની વિરુદ્ધ ચુકાદા આપવામાં આવ્યા અને તેમની કામગીરીઓ અટકાવી દેવામાં આવી.

અમેરિકી ન્યાયતંત્ર દ્વારા ટ્રમ્પના કેટલાક તઘલખી નિર્ણયોને પણ અટકાવવામાં આવ્યા હતા. તેમાં નેશનલ ગાર્ડનું સંઘીયકરણ કરવાનો નિર્ણય પણ હતો.

ડિસેમ્બર ૨૦૨૫માં ટ્રમ્પ વિરુદ્ધ ઈલિનોઈસમાં સુપ્રીમ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. તેમાં સુપ્રીમમાં ૬-૩ સરેરાશે ચુકાદો આપવામાં આવ્યો કે, રાષ્ટ્રપ્રમુખ જરૂરી બંધારણીય શરતોની પૂર્તિ કર્યા વગર ઈલિનોઈસના નેશનલ ગાર્ડને સંઘીય નિયંત્રણમાં લઈ શકે નહીં. કોર્ટે સ્પષ્ટ કરી દીધું કે, સંઘીયકરણ કરવા માટે જરૂરી કાયદાકીય માપદંડોનું પાલન કરવું જરૂરી છે. આ ઉપરાંત કાયદાકિય સંસ્થાઓની પણ તોડવાના અને દબાવવાના ટ્રમ્પના ચુકાદાને અટકાવી દેવાયો હતો. પર્કિન્સ કોઈ અને વિલ્મરહેલ જેવી વિશેષ કાયદાકીય સંસ્થાઓને દબાવવાના અને નિશાના બનાવવાના ટ્રમ્પના દેશને અદાલતોએ ગેરકાયદે જાહેર કર્યા હતા.

ટ્રમ્પ તંત્ર દ્વારા જારી કરાયેલા તમામ કાર્યકારી આદેશોને અયોગ્ય ગણાવી રદ કરવાના આદેશ આપવામાં આવ્યા હતા. કોર્ટોએ જણાવ્યું હતું કે, આવા નિર્ણયો લેવાથી કે આદેશો બંધારણ દ્વારા અપાયેલા વિશેષ અધિકારો અને નિષ્પક્ષ ન્યાય પ્રક્રિયાના સિદ્ધાંતોથી તદ્દન વિપરિત છે. આ સિવાય સૈન્યની હાજરી અને તેમને વિવિધ સ્થાને ડિપ્લોય કરવાના નિર્ણયોને પણ અટકાવાયા હતા. શિકાગો જેવા શહેરમાં નેશનલ ગાર્ડની તહેનાતીને સુપ્રીમ કોર્ટે અટકાવી હતી.

ડીઈઆઈ પ્રોગ્રામ અને ફંડિંગ ઉપર પણ કોર્ટ દ્વારા પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. ટીચર્સની ટ્રેનિંગ અને મેડિકલ રિસર્ચ માટે ગ્રાન્ટ, કોલંબિયા યુનિવર્સિટી સહિતની કેટલીક યુનિવર્સિટી તથા કાયદાકીય સંસ્થાઓ સામે દંડાત્મક પગલાં અને ફંડિંગ રોકવાના આદેશોને પણ સુપ્રીમે ફગાવી દીધા હતા. વિદેશી મદદ અંગેનો પણ નિર્ણય કોર્ટે અટકાવ્યો હતો. જોકે, કેટલાક કિસ્સામાં કોર્ટે સરકારને રાહત પણ આપી હતી. તે સિવાય ૪ અબજ ડોલરની વિદેશી મદદ રોકવા મુદ્દે પણ કાયદાકીય વિવાદ ચાલી રહ્યો છે.

# પ્રિન્સ એન્ડ્રયુ બ્રિટિશ રાજાશાહી માટે બ્લેક શીપ સાબિત થયા



બ્રિટનના પ્રિન્સ એન્ડ્રયુ માઉન્ટબેટનનું નામ કલંકિત જેફરી એપસ્ટીન સાથે જોડાયું હતું. થોડા સમય પહેલાં જારી થયેલા એપસ્ટીન કાંડની ફાઈલોમાં તેમનું નામ ઉછળ્યું હતું. તે સમયે પ્રિન્સ એન્ડ્રયુ સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. તાજેતરમાં બ્રિટનની પોલિસ દ્વારા પ્રિન્સ એન્ડ્રયુની ધરપકડ કરવામાં આવી છે. બ્રિટનના રાજવી પરિવાર માટે આ ઘટના એક મોટા આઘાત સમાન અને કલંક સમાન છે. ઉલ્લેખનીય છે કે, પ્રિન્સ એન્ડ્રયુ બ્રિટનના રાજા કિંગ ચાર્લ્સ ત્રીજાના ભાઈ છે. ગત અઠવાડિયે એપસ્ટીન ફાઈલ્સમાં તેમનું નામ આવ્યા બાદ કિંગ ચાર્લ્સે તેમને તમામ શાહી પદ ઉપરથી દૂર કર્યા હતા. હવે તેમની ધરપકડ કરવામાં આવી છે. તેના કારણે રાજવી પરિવારની સમસ્યા વધે તેમ દેખાઈ રહ્યું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેમના ઉપર દબાણ આવે તેમ લાગી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, પ્રિન્સ એન્ડ્રયુ પહેલેથી જ બ્રિટનના રાજવી પરિવાર માટે સમસ્યાનું કારણ રહ્યા છે. સમયાંતરે તેઓ કોઈને કોઈ વિવાદમાં કે કાંડમાં અટવાયેલા જ રહ્યા છે. એક સમય હતો જ્યારે તેમને બ્રિટનના હીરો માનવામાં આવતા હતા. તેઓ બ્રિટિશ રોયલ આર્મીના પાઈલટ હતા. તે સમયે તેમને ઘણી નામના હતી. ત્યારબાદ ધીમે ધીમે તેમણે બધું જ ગુમાવી દીધું. તેમની છબી એક બગડેલા, ખરડાયેલા રાજવી નબીરા તરીકેની થઈ ગઈ હતી. તેમનું લગ્ન જીવન પણ ઘણા વર્ષો પહેલાં ડામાડોળ થઈ ગયું હતું અને તુટી ગયું હતું.

જાણકારોના મતે પ્રિન્સ એન્ડર્યુની છાપ પહેલેથી જ ખરાબ છે. યુવાનીના થોડા સમયમાં તેઓ બ્રિટિશ રોયલ આર્મી સાથે જોડાયા હતા ત્યારે તેમની ઈમેજ સુધરી હતી પણ પછી બધું જ યથાવત્ થઈ ગયું હતું. તેમની ઈમેજ પ્લેબોયની છે, તેઓ ઘણા સેક્સ સ્કેન્ડલમાં ફસાયા છે, આર્થિક કૌભાંડોમાં અને ગોટાળામાં તેમનું નામ આવ્યું છે. આ બધાના કારણે તેઓ બ્રિટિશ રાજવી પરિવાર માટે બ્લેક શીપ સાબિત થયા છે. એન્ડ્રયુનું પ્રિન્સ તરીકે બાળપણ ખૂબ જ સામાન્ય રહ્યું હતું. તેમનો જન્મ ૧૯ ફેબ્રુઆરી ૧૯૬૦ના રોજ થયો હતો. તેઓ લંડનના બકિંગહામ પેલેસમાં જન્મ્યા હતા. તેઓ ક્વીન એલિઝાબેથ બીજા અને પ્રિન્સ ફિલિપના ત્રીજા સંતાન હતા.

પ્રિન્સ એન્ડ્રયુનું બાળપણ સરેરાશ સામાન્ય હતું છતાં તેમની પાસે વિશેષાધિકારો હતા. તેઓ સ્કુલમાં સૌથી વધારે તોફાનમસ્તી કરતા હતા. આ ઉપરાંત તેઓ અનેક તોફાનો કરતા અને તેના કારણે ૧૩ વર્ષની ઉંમરે તેમને ગોર્ડનસ્ટાઉન સ્કુલમાં મોકલવામાં આવ્યા જેનું અનુશાસન ખૂબ જ કડક હતું. ત્યાં ઠંડા પાણીથી નહાવું, દરરોજ વહેલી સવારે જાગીને કસરત કરવી વગેરે ફરજિયત હતું. એન્ડ્રયુએ ત્યાં રગ્બી અને ક્રિકેટ શીખ્યું અને નિયમિત રીતે રમતા હતા. જાણકારોના મતે ત્યારબાદ ૧૯૭૦ના દાયકાના અંતમાં જ્યારે તેમનો શાળાકિય અભ્યાસ પૂરો થયો ત્યારે તેઓ રોયલ નેવીમાં જોડાયા હતા. ત્યાં જોડાવું કદાચ તેમની જિંદગીનો ટનગ પોઈન્ટ હતો. તેમણે બ્રિટાનિયા રોયલ નેવલ કોલેજમાં ટ્રેનિંગ લીધી હતી. તેઓ હેલિકોપ્ટર પાઈલટ બન્યા હતા. ત્યાં તેમના તોફાનો શાંત થયા હતા. આર્મી અને નેવીની શિસ્ત અને કડકાઈએ તેમને શાંત બનાવ્યા હતા. તેમ છતાં અંગત જીવનમાં તો તેમની પ્લેબોયની છાપ ઓછી થઈ નહોતી. તેઓ પાર્ટીઓ કરતા રહેતા. તત્કાલિન બ્રિટિશ મીડિયા દ્વારા તેમને રેંડી એન્ડી એટલે કે પ્લેબોય એન્ડી કહીને બોલાવવામાં આવતા હતા.

મહત્ત્વની વાત એ છે કે, ૧૯૮૦ના દાયકામાં પ્રિન્સ એન્ડ્રયુ બે બાબતે જાણીતા થયા હતા. એક તો તેઓ નેવી પાઈલટ તરીકે જાણીતા બન્યા અને બીજી તેમની વ્યક્તિગત ખરાબ આદતોએ તેમને ચર્ચામાં લાવી દીધા. ૧૯૮૨માં ફોકલેન્ડ યુદ્ધ દરમિયાન તેઓ એક આર્મી નેવલ શિપ ઉપર હેલિકોપ્ટર પાઈલટ હતા. તેમણે બ્રિટિશ જહાજને દુશ્મનની મિસાઈલોથી બચાવ્યું હતું અને આ ઘટનાએ તેમને નેવલ હીરો બનાવી દીધા હતા. યુદ્ધ પૂરું થયા બાદ એન્ડર્યુની આદતો ફરી બદલાવા લાગી. તેઓ ફરી પ્લેબોય પ્રિન્સ બની ગયા. મોડલ્સ, એક્ટ્રેસ અને સોશિયલાઈટ્સ સાથે તેમના અફેર્સ અને સિક્રેટ રિલેશન્સના સમચારો અખબારો અને રેડિયોમાં ચાલવા લાગ્યા. અમેરિકન અભિનેત્રી કૂ સ્ટાર્ક સાથે તેમનો સંબંધ ઘણો વિવાદાસ્પદ રહ્યો હતો.

કહેવાય છે કે, પ્રિન્સ એન્ડ્રયુની રોમેન્ટિક લાઈફ અને અફેર્સ ખૂબ જ ચર્ચામાં હતા. તેના કોઈ નક્કર આંકડા નતી. તેમની જિંદગીમાં ઘણી મહિલાઓ આવી હતી અને ઘણી મહિલાઓ સાથે તેમના અફેરની ચર્ચાઓ છે. તેમાં જાણીતી એક્ટ્રેસ અને મોડલ્સનો સમાવેશ થાય છે. તત્કાલિન મિસ બ્યૂટી અને પ્લેબોય મોડલ્સનો પણ તેમની સાથે રિલેશન હોવાની ચર્ચાઓ છે. તેમાંય તેમના વન નાઈટ અફેરની સંખ્યા તો ઘણી મોટી હોવાનું કહેવાય છે. માત્ર અખબારો, મીડિયા અને પુસ્તકોમાં રજૂ થયેલા અહેવાલો ઉપર વિશ્વાસ કરીએ તો પણ તેમણે પોતાના જિંદગીમાં ૧૦૦૦થી વધારે મહિલાઓ સાથે શારીરિક સંબંધો રાખ્યા હતા. કહેવાય છે કે, તેઓ જ્યારે થાઈલેન્ડ ગયા હતા ત્યારે એક જ દિવસમાં તેમના રૂમમાં ૧૦ મહિલાઓ આવી હતી. ૨૦૦૬માં થાઈલેન્ડની ડાયમંડ જ્યુબિલી ઉપર તેમણે ૪૦થી વધારે મહિલાઓને બોલાવી હતી.

તેમના વિશે ઘણા પુસ્તકોમાં જઘન્ય દાવા કરવામાં આવ્યા છે. તેમના શોખ અને તેમના અફેર્સ તથા શારીરિક સંબંધોના અનેક દાવા કરાયા છે.

સેક્સ ટ્રાફિકિંગમાં ઝડપાયેલો એપસ્ટીન તેની સેક્સ પાર્ટીઓ માટે ધનિકોમાં જાણીતો હતો. તે પોતાના પ્રાઈવેટ આઈલેન્ડ ઉપર પાર્ટીઓ કરતો હતો અને જેટ ટ્રિપ્સ કરાવતો હતો. એપસ્ટીનની ૨૦૦૮માં ધરપકડ થઈ ત્યારબાદ પણ એન્ડર્યુના તેની સાથે સંપર્ક હતા. ૨૦૧૦માં એપસ્ટીનના ન્યૂયોર્કના ઘરમાં એન્ડ્રયુની હાજરીની તસવીરો વાઈરલ થઈ હતી.

તેઓ એક મહિલા સાથે દેખાયા હતા અને તેના કારણે બ્રિટિશ રાજવી પરિવારને ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડ્યું હતું. તેમના માટે ચિંતાજનક બાબત એ હતી કે, ક્વીનના અવસાન બાદ પણ એન્ડ્રયુએ પોતાના પોતાના વિવાદો અટકાવ્યા નહોતા. તે જાસુસીમાં ફસાયેલા ચીની ઉદ્યોગપતિ સાથે જોડાયેલા હતા. તે ઉપરાંત એપસ્ટીનની નવી ફાઈલો જારી થઈ તેમાં પણ એન્ડ્રયુનું નામ આવ્યું અને તેમની પાસેથી રાજવી પરિવારે તમામ જવાબદારીઓ પાછી લઈ લીધી. જાણકારોના મતે પ્રિન્સ એન્ડ્રયુ બાળપણથી લઈને વર્તમાન સમય સુધી બ્રિટિશ રાજવી પરિવાર માટે બ્લેક શીપ જ સાબિત થયા.

# વડાપ્રધાનના નિવાસસ્થાન નજીકની ત્રણ ઝુપડપટ્ટી દુર કરાશે



દિલ્હીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સરકારી નિવાસસ્થાન નજીક આવેલી ઝુપડપટ્ટીઓને દુર કરવાનું કામ શરૂ થઈ ગયું છે. ઝુપડપટ્ટી હટાવવા માટે કેન્દ્ર સરકારે ઝુપડામા રહેનારાઓને નોટીસ આપવાની શરૂ કરી છે. આ નોટીસમાં એમણે માર્ચ મહિનાની ૯ તારીખ સુધીમાં એમના ઝુપડા ખાલી કરી દેવા માટે કહેવાયું છે. ઝુપડાવાસીઓને કહેવામાં આવ્યું છે કે, સવદાગેવર સ્થિત ડીયુએસઆઈબી કોલોનીમાં આવેલા ફ્લેટમાં તેઓ રહી શકે છે. રેસકોર્સ રોડ સ્થિત ભાઈરામ કેમ્પ, મસ્જિદ કેમ્પ અને ડીઆઈડી કેમ્પમાં રહેતા ઝુપડાવાસીઓને ક્યાં તો જગ્યા ખાલી કરવા ક્યાં તો કાયદાકીય કાર્યવાહીનો સામનો કરવા તૈયાર રહેવા કહેવાયું છે. આ ઝુપડપટ્ટીઓમાં કુલ ૭૧૭ કુટુંબો રહે છે. આમ તો વડાપ્રધાનનું નિવાસસ્થાન ૭ લોક કલ્યાણ માર્ગ આ ઝુપડપટ્ટીથી થોડા કિલોમીટર દુર છે. જોકે કદાચ સત્તાધિશોને એવું લાગતું હશે કે થોડા કિલોમીટર દુર આવેલી ઝુપડપટ્ટીઓને કારણે વડાપ્રધાનના નિવસસ્થાનની સુંદરતા ઘટે છે.

કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આસામ વિધાનસભાની ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. તેઓ આસામના પ્રવાસે હતા ત્યારે એમણે કહ્યું હતું કે, ચૂંટણી સમયએ રાજકીય નેતાઓ પક્ષ પલટો કરે એની નવાઈ નથી. પ્રિયંકા ગાંધીનું આ નિવેદન કોંગ્રેસના ભૂતપૂર્વ પ્રમુખ ભૂપેન બોરાના રાજીનામા અને ત્યાર પછી તેઓ ભાજપમાં જોડાયા એ સંદર્ભ હતું. પ્રિયંકાએ જોકે બોરા વિશે બીજી લાંબી ટીપ્પણીઓ કરીને એમને મહત્ત્વ આપવાનું યોગ્ય ગણ્યું નહોતું. આસામની ૧૨૬ બેઠકોવાળી વિધાનસભાની ચૂંટણી માર્ચ - એપ્રિલમાં યોજાઈ શકે છે. આસામ જઈને પ્રિયંકા ગાંધીએ વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી બાબતે સ્થાનીક નેતાઓ સાથે ચર્ચા કરી હતી. એમણે કહ્યું હતું કે, 'અમે એક સાથે મળીને પુરા જુસ્સાથી ચૂંટણી લડીશું. અમે આ ચૂંટણીને સંઘર્ષ માનીએ છીએ. અમારી પાસે સમર્પિત કાર્યકરો છે અને અમને વિશ્વાસ છે કે અમે વિજય મેળવીશું.'

જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટીના સ્ટૂડન્ટ યુનિયન (જેએનયુએસયુ)એ કુલપતિ શાંતિશ્રી ડી પંડીતએ કરેલા નિવેદનની ટીકા કરીને એમનું રાજીનામું માંગ્યુ છે. જેએનયુના કુલપતિએ એક પોડકાસ્ટમાં કહેવાતી જાતિવાદી ટીપ્પણી કરીને આરએસએસ સાથેના જોડાણને ગૌરવવાળુ જાહેર કર્યું હતું. જેએનયુના વિદ્યાર્થી યુનિયનના કહેવા પ્રમાણે કુલપતિના નિવેદનથી એમને આંચકો લાગ્યો છે. આ નિવેદનને એમણે શરમજનક ગણાવ્યું હતું. પોડકાસ્ટમાં કુલપતિએ કહ્યું હતું કે, યુજીસીના નિયમો ગેરજરૂરી હતા. એમણે કહ્યું હતું કે, 'પોતાની જાતને પીડિત તરીકે બતાવવાની ફેશન છે. તમે હંમેશા પીડિત બની રહીને વિક્ટીમ કાર્ડ રમીને આગળ નહીં વધી શકો. આ માનસિકતા અશ્વેતોની હતી. આ વસ્તુ હવે આપણે ત્યાં પણ દલીતો માટે લાવવામાં આવી છે. કોઈકને ખરાબ ગણાવીને આગળ વધવુ સહેલુ નથી. આ એક પ્રકારનું ડ્રગ છે.'

ગુજરાત જેવા કહેવાતા દારૂબંધી સ્ટેટ સહિત દેશના બીજા રાજ્યોના લોકો પણ એવું માને છે કે જે રાજ્યોમાં દારૂબંધી નથી ત્યાં કોઈપણ વ્યક્તિ નિયમો વગર લીકરની બોટલની હેરફેર કરી શકે છે. જોકે એક વ્યક્તિ દારૂની કેટલી બોટલો લઈને પ્રવાસ કરી શકે એના પણ કાયદા હોય છે. હિમાચલ પ્રદેશની સુક્ખુ સરકારે હવે નવી એક્સાઈઝ નીતિ જાહેર કરી છે. રાજ્યમાં દારૂની કિંમતથી માંડીને એમા મળતા કમિશન સુધીના નિયમો બદલવામાં આવ્યા છે. પહેલા એક વ્યક્તિ પોતાની સાથે લીકરની ફક્ત બે બોટલો લઈ જઈ શકતો હતો. આ નિયમ બદલવામાં આવ્યો છે. નવા નિયમ પ્રમાણે હવે લીકરની છ બોટલો એક સાથે લઈ જઈ શકાશે. લીકરની બોટલો પર ક્યુઆર કોડ પણ લગાવવામાં આવશે જેને કારણે ગેરકાયદેસર વેચાણ અટકે.

પંજાબ કેડરના ૧૯૮૯ બેન્ચના રીટાયર્ડ આઈએએસ અધિકારી અને પંજાબના ભૂતપૂર્વ ચીફ સેક્રેટરી વિજયકુમાર જજુઆની મુશ્કેલી વધી ગઈ છે. એક જમાનામાં આ અધિકારીની ગણના પંજાબના સૌથી શક્તિશાળી આઈએએસ અધિકારી તરીકે થતી હતી. કેન્દ્ર સરકારે ૧૬ વર્ષ જૂના એક કહેવાતા ભ્રષ્ટાચારના કેસમાં એમની સામે કેસ ચલાવવાની મંજૂરી આપી દીધી છે. કિસ્સો ૨૦૦૯ના વર્ષનો છે. એ વખતે વી કે જજુઆ ઉદ્યોગ અને વાણિજ્ય વિભાગમાં ડિરેક્ટર તેમજ સેક્રેટરીના પદ પર હતા. વીજીલન્સ બ્યુરોએ ૨૦૦૯માં ૯મી નવેમ્બરે ટ્રેપ ગોઠવીને એમને બે લાખની લાંચ લેતા પકડ્યા હતા. ફરિયાદ કરનાર તુલસીરામ મિશ્રાના જણાવ્યા પ્રમાણે એમના પ્લોટની બાજુમાં આવેલો ખાલી પ્લોટની ફાળવણી માટે એમણે અરજી કરી હતી. શરૂઆતમાં આ અરજી ટેક્નીકલ કારણસર ફગાવી દેવામાં આવી હતી. ત્યાર પછી અરજી મંજુર કરવા માટે જજુઆએ ૬ લાખ રૂપિયાની માંગણી કરી હતી. ૨૦૧૫ના વર્ષમાં મોહાલીની ખાસ કોર્ટે તેમને ડિસ્ચાર્જ કર્યા હતા. ત્યાર પછી અરજી કરનાર હાઈકોર્ટમાં પણ ગયા હતા પરંતુ અધિકારીને પ્રમોશન પર પ્રમોશન મળતા ગયા હતા.

મહારાષ્ટ્રના અકોલા શહેરમાં આજે એક જ ચર્ચા થઈ રહી છે. અકોટ શહેરના ભાજપ પ્રમુખ હરીશ તાવરીને લોરેન્સ બિશ્નોઇ ગેંગના નામે બે કરોડ રૂપિયાની ખંડણી માંગીને ધમકી આપવામાં આવી છે. આ ધમકી સિગ્નલ એપ્લિકેશન મેસેજ દ્વારા કોલ મારફતે આપવામાં આવી હતી. ધમકી આપનાર વ્યક્તિ એ પોતાને બિશ્નોઇ ગેંગનો માણસ હોવાનું કહ્યું હતું.

ઉત્તર પ્રદેશના સિદ્ધાર્થનગરમાં રહેતા એક ગરીબનો આ કિસ્સો છે. અહીં ડુમરિયાગંજ તાલુકામાં રહેતા યુવકને જીએસટી વિભાગે બે કરોડ રૂપિયાનો ટેક્સ તાત્કાલીક ભરવા નોટીસ ફટકારી દીધી છે. આ નોટીસને કારણે ઓમ પ્રકાશ વર્મા હેબતાઇ ગયો છે. યુવકનું કહેવું છે કે એ ગરીબ માણસ છે. છ હજાર રૂપિયાની નોકરી કરે છે. એને ફસાવી દેવામાં આવ્યો છે. જીએસટી વિભાગે એને ૧,૯૯,૪૨,૩૧૩ રૂપિયા ટેક્સ જમા કરવાની નોટીસ આપી છે.

આ નોટીસ ટપાલ દ્વારા એને મળી હતી. નોટીસ વાંચતા જ ઓમ પ્રકાશને ચક્કર આવી ગયા હતા. જોકે મિત્રોની સલાહ પ્રમાણે ઓમ પ્રકાશએ ડુમરીયાગંજ પોલીસ સ્ટેશનમાં અરજી આપી છે. ત્યાર પછી યુવાને સેલટેક્સ ડિપાર્ટમેન્ટમાં તપાસ કરી તો ખબર પડી કે ઓમ પ્રકાશના પાનકાર્ડનો કોઈએ દુરઉપયોગ કર્યો હતો. આ પ્રકારના કિસ્સા દેશ આખામાં બનતા રહે છે, પરંતુ જીએસટી તંત્રની ઉંઘ ઉડતી નથી.

# ગુજરાતમાં ભારતીય રેલવેના રેકોર્ડ રોકાણથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને નવી ગતિ

## ₹17,366 કરોડની ઐતિહાસિક ફાળવણી: કનેક્ટિવિટી અને સુરક્ષાનું થશે વિસ્તરણ, સુરક્ષા, બુલેટ ટ્રેન અને આધુનિક સ્ટેશનોથી રાજ્યમાં રેલ પરિવહનનો નવો યુગ



**ગાંધીનગર, તા.23**

ભારતીય રેલવેએ ગુજરાતમાં રેકોર્ડ બજેટ ફાળવણી અને ઝડપી અવસંરચના વિકાસ દ્વારા રેલ પરિવહન ક્ષેત્રમાં નવું કીર્તિમાન સ્થાપિત કર્યું છે 17,366 કરોડના ઐતિહાસિક બજેટ ફાળવણી સાથે રાજ્યમાં આધુનિક, સુરક્ષિત અને મુસાફર-કેન્દ્રિત રેલવે નેટવર્કના વિકાસને અભૂતપૂર્વ ગતિ મળી છે.

વર્ષ 2009-14 દરમિયાન ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટ ફાળવણી 589 કરોડ હતી, જે વર્ષ 2026-27 માં વધીને 17,366 કરોડ થઈ ગઈ છે. આ લગભગ 29 ગણો વધારો રાજ્યમાં કનેક્ટિવિટી, ક્ષમતા વિસ્તરણ અને રેલવે અવસંરચનાને મજબૂત બનાવવાની દિશામાં સરકારની દૃઢ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ગુજરાતમાં હાલમાં 1,28,748 કરોડના ખર્ચે રેલવે અવસંરચના પ્રોજેક્ટ્સ પ્રગતિ પર છે. તેમાં નવી રેલવે લાઈનોનું નિર્માણ, સ્ટેશનોનું પુનર્વિકાસ તેમજ મહત્વપૂર્ણ સુરક્ષા સુધારાઓનો સમાવેશ થાય છે, જે લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને કાર્યક્ષમ સંચાલન સુનિશ્ચિત કરશે.

ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર હેઠળ પશ્ચિમ ફ્રેટ કોરિડોર દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને પંજાબને જોડે છે. સુરતમાં પૂર્વ અને પશ્ચિમ ફ્રેટ કોરિડોરને જોડવામાં આવશે અને ત્યાં એક મહત્વપૂર્ણ જંકશન વિકસાવવામાં આવશે.

આ પૂર્વ-પશ્ચિમ કોરિડોર ગુજરાતના પશ્ચિમ કિનારે આવેલા બંદરોને દેશના વિવિધ રાજ્યો સાથે જોડશે તેના માધ્યમથી મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હરિયાણા અને ઉત્તર પ્રદેશને પણ વધુ સારી કનેક્ટિવિટી મળશે.

ગુજરાતે 100% રેલવે વિદ્યુતીકરણનું લક્ષ્ય હાંસલ કરી લીધું છે રાજ્યમાં 87 સ્ટેશનો પર નિર્માણ કાર્ય ચાલુ છે અમદાવાદ-મુંબઈ હાઈ-સ્પીડ રેલ (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટ ઝડપી ગતિએ પ્રગતિ કરી રહ્યો છે. બીજી સુરંગની બ્રેકથ્રૂ પ્રક્રિયા જલ્દી પૂર્ણ થશે અને વ્યાવસાયિક સંચાલન આગામી વર્ષે શરૂ કરવાનો લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીના સતત માર્ગદર્શન અને નિયમિત સમીક્ષા હેઠળ ટીમ સતત કાર્યરત છે.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે, જેમાં આધુનિક નિર્માણ તકનીક, અદ્યતન ટેકનોલોજી અને વિશેષ ટ્રેક સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

અમૃત સ્ટેશન યોજનાના અંતર્ગત ગુજરાતના 87 રેલવે સ્ટેશનોને 6,058 કરોડના ખર્ચે વ્યાપક પુનર્વિકાસ માટે પસંદ કરવામાં આવ્યા છે તેમાંના 19 સ્ટેશનો - સામાખ્યાલી, ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા અને પોરબંદર સહિત - નો પુનર્વિકાસ કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે તેથી મુસાફર સુવિધાઓ અને સ્ટેશનોની સૌંદર્યાત્મક ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે.

આધુનિક ટ્રેન સેવાઓની શરૂઆતથી ગુજરાતમાં મુસાફરોની સુવિધા અને મુસાફરીની કાર્યક્ષમતા માં નોંધપાત્ર વધારો થયો છે. હાલમાં રાજ્યમાં નીચે મુજબની ટ્રેનો સંચાલિત થાય છે:

આ સેવાઓ મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને વધુ આરામદાયક મુસાફરીના વિકલ્પો પ્રદાન કરી રહી છે.

વર્ષ 2014 પછીથી ગુજરાતના રેલવે નેટવર્કનું ઝડપી વિસ્તરણ થયુ છે. લગભગ 2,900 કિલોમીટર નવી રેલવે લાઈનો નાખવામાં આવી છે, જે ઘણા યુરોપિયન દેશોના કુલ રેલવે નેટવર્ક કરતાં વધુ છે. રાજ્યમાં 4,005 કિલોમીટર રેલ માર્ગોનું 100% વિદ્યુતીકરણ પૂર્ણ થઈ ગયું છે, જેના કારણે હરિત અને ઊર્જા-કાર્યક્ષમ સંચાલન સુનિશ્ચિત થયું છે.

તે ઉપરાંત, લેવલ ક્રોસિંગ દૂર કરવા માટે 1,177 ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવામાં આવ્યા છે, જેના કારણે સુરક્ષામાં વધારો થયો છે અને માર્ગ-રેલ વાહનવ્યવહાર વધુ સુગમ બન્યો છે.

રેલ સુરક્ષાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતાં ભારતીય રેલવે ગુજરાતમાં સ્વદેશી 'કવચ' ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ અમલમાં મૂકી રહી છે. મંજૂર થયેલા 1,842 રૂટ કિલોમીટરમાંથી 96 રૂટ કિલોમીટર પર 'કવચ' સ્થાપિત કરવામાં આવ્યું છે, જ્યારે 1,674 રૂટ કિલોમીટર પર કામ પ્રગતિમાં છે. આ રેલ સુરક્ષા ધોરણોમાં મહત્વપૂર્ણ સુધારો દર્શાવે છે.

રેકોર્ડ રોકાણ, આધુનિક સ્ટેશન, પ્રીમિયમ ટ્રેન સેવાઓ, સંપૂર્ણ વિદ્યુતીકરણ અને અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ સાથે ભારતીય રેલવે ગુજરાતના અવસંરચના વિકાસ અને સમગ્ર સામાજિક-આર્થિક પ્રગતિમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

**હોળી પર્વને લઈ એસટી વિભાગ સજ્જ**

# વડોદરા ST નિગમ દ્વારા હોળીના તહેવારને લઈ વડોદરાથી વધારાની 325 એક્સ્ટ્રા બસો દોડાવાશે



**વડોદરા, તા.23**

આગામી હોળી-ધૂળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના વડોદરા વિભાગ દ્વારા મુસાફરોની સુવિધા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તહેવાર દરમિયાન વતન જતા મુસાફરોના ધસારાને પહોંચી વળવા માટે વડોદરા મધ્યસ્થ બસ સ્ટેશનથી તા.27/02/2026 થી તા. 03/03/2026 દરમિયાન કુલ 325 વધારાની એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે.

હોળી ધુળેટીના તહેવારને ધ્યાનમાં રાખી વડોદરા એસટી વિભાગે વધારાની બસો દોડાવવાનો નિર્ણય કર્યો છે. ત્યારે વડોદરા મધ્ય ઝોનમાં હોવાથી આખા ગુજરાતમાં અહીંયાથી લોકો મુસાફરી કરી જતા હોય છે. ત્યારે ખાસ કરીને દાહોદ, ઝાલોદ, ડાકોર, છોટાઉદેપુર, બારીયા અને ગોધરા તરફ જતા મુસાફરોની સંખ્યાને ધ્યાને રાખીને આ વધારાની ટ્રિપ્સનું આયોજન કરાયું છે.

વિભાગીય નિયામક એસ.ટી. વડોદરાના જણાવ્યા અનુસાર, મુસાફરોને કોઈ અગવડતા ન પડે અને તેઓ સુરક્ષિત રીતે પોતાના ઘરે પહોંચી શકે તે માટે આ એક્સ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું છે. મુસાફરોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે.

# 16 વર્ષીય સગીરાની છેડતીના આરોપીએ બહેનપણીને પણ ફસાવી: અશ્લીલ ફોટો વાયરલ કરવાની ધમકી આપી 15000 પડાવ્યા

## 4 મહિનાથી અલગ-અલગ જગ્યાએ લઈ જઈ કુકર્મ કરતા પોલીસે દબોચ્યો



**સુરત, તા.23**

સુરતના કાપોદ્રા વિસ્તારમાં 16 વર્ષીય સગીરાની છેડતીના ગુનામાં ધરપકડ બાદ તેની જ 15 વર્ષીય સગીર બહેનપણીને મોહજાળમાં ફસાવી દુષ્કર્મ આચર્યું હતું. આ સાથે જ અશ્લીલ ફોટો વાયરલ કરવાનું કહી 15 હજાર પડાવી લીધાની ઘટનાં કાપોદ્રામાં પ્રકાશમાં આવી હતી. જેના આધારે કાપોદ્રા પોલીસ દ્વારા ગણતરીની કલાકોમાં આરોપી યુવકની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કાપોદ્રા વિસ્તારમાં રહેતી 15 વર્ષીય સગીરા ગત 20મીની સાંજે સોસાયટીનાં નાકે નાસ્તો લેવા ગયા બાદ કલાકો બાદ ઘરે આવતાં ચિંતિત માતાએ પૂછપરછ કરતાં તેને કાપોદ્રા રામકૃપા સોસાયટીમાં રહેતો ચેતન ઉર્ફે કાનો રમેશ હેડતરા (ઉ.વ. 19) બાઈક પર બેસાડી તેના મિત્રને ઘરે લઇ ગયો હતો અને ત્યાં દુષ્કર્મ આચર્યાનું જણાવતાં મામલો ગંભીર બન્યો હતો.

તરૂણીએ માતાને વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લાં કેટલાંક સમયથી તેને ઓળખતી હતી. છેલ્લાં ચાર મહિનાથી તે અલગ-અલગ વિસ્તારમાં લઈ જઈ દુષ્કર્મ આચરતો હતો. તેણે અશ્લીલ ફોટો પણ પાડી લીધા હતા અને તે વાયરલ કરવાની ધમકી આપી પૈસા પણ પડાવતો હતો. અત્યાર સુધી તેની પાસેથી 15 હજાર રૂપિયા પણ લઈ ચૂક્યો હતો. મામલો કાપોદ્રા પોલીસે મથકે પહોંચતાં ચેતન ઉર્ફે કાનાની ધરપકડ કરાઈ હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ચેતન ઉર્ફે કાના વિરૂદ્ધ ગત ઓક્ટોબર મહિનામાં છેડતીનો ગુનો નોંધાયો હતો. આ સગીરાની જ 16 વર્ષીય બહેનપણીને તેણે મોહજાળમાં ફસાવી હતી, પરંતુ તે સગીરાની માતાએ તેનો વિરોધ કરતાં તેણે સંબંધ તોડી નાંખતાં અપહરણ કરી ગળા અને કાંડા પર ચપ્પુના ઘસરકા કરી પોતાની સાથે સંબંધ રાખવા દબાણ કરતાં ધરપકડ થઇ હતી. જેલમુક્ત થયા બાદ આ સગીરાની બહેનપણીને જ ફસાવી વાસનાનો શિકાર બનાવી હતી.

# સુરત યુવક કોંગ્રેસ અને ભાજપ વચ્ચે મોરેમોરો: કાર્યાલય સામે વિરોધ પ્રદર્શન કરતા ભાજપની મહિલા કાર્યકરોએ મોરચો સંભાળ્યો



**સુરત, તા.23**

દેશમાં એકતરફ મેક ઈન ઈન્ડિયા અને આત્મનિર્ભર ભારતની વાતો કરવામાં આવી રહી છે ત્યારે બીજી તરફ ટેકનોલોજીના નામે જનતાની આંખમાં ધૂળ નાખવામાં આવતી હોવાના આક્ષેપ સાથે સુરત શહેર યુવક કોંગ્રેસ દ્વારા આજે એક આશ્ચર્યજનક વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. યુવક કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે તાજેતરમાં યોજાયેલી એઆઈ સમિટમાં રજૂ કરવામાં આવેલા પ્રોજેક્ટ્સ અસલમાં ચાઈનાથી મંગાવવામાં આવ્યા છે અને તેને પોતાના બતાવીને દેશની જનતાને છેતરવામાં આવી રહી છે.

યુવક કોંગ્રેસના કાર્યકરોએ વિરોધ પ્રદર્શન દરમિયાન સૂત્રોચ્ચાર કરતા જણાવ્યું હતું કે, જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે એપસ્ટીન ફાઈલમાં કેન્દ્રીય મંત્રીઓના નામ ઉછળે છે ત્યારે તેને દેશનું અપમાન ગણવામાં આવતું નથી, પરંતુ જ્યારે સ્થાનિક સ્તરે સરકારના ખોખલા દાવાઓનો પર્દાફાશ કરવામાં આવે ત્યારે તેને નકારાત્મકતા ગણાવવામાં આવે છે. કાર્યકરોએ આક્ષેપ કર્યો કે AI સમિટના નામે માત્ર મોટી વાતો કરવામાં આવી છે વાસ્તવમાં ટેકનોલોજીના મૂળ ચાઈનામાં રહેલા છે.

વિરોધ પ્રદર્શનમાં હાજર આગેવાનોએ જણાવ્યું કે, "સરકાર એઆઈના નામે જે પ્રોજેક્ટ્સ રજૂ કરી રહી છે તેની તપાસ કરવામાં આવે તો સત્ય બહાર આવશે. ચાઈનાથી તૈયાર પ્રોજેક્ટ્સ મંગાવીને તેના પર પોતાની મહોર મારી દેવી એ દેશની પ્રતિભાનું અપમાન છે. આ રીતે જનતાની આંખમાં ધૂળ નાંખીને વાહવાહી મેળવવી એ લાંબો સમય ચાલશે નહીં."

સુરતના ભાજપ કાર્યાલય સામે યોજાયેલા આ કાર્યક્રમમાં યુવક કોંગ્રેસે પ્રતીકાત્મક રીતે 'મેડ ઈન ચાઈના' અને 'મેક ઈન ઈન્ડિયા' વચ્ચેના તફાવતને રજૂ કરતા બેનરો દર્શાવ્યા હતા. આ આશ્ચર્યજનક કાર્યક્રમને પગલે પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. યુવક કોંગ્રેસે ચીમકી ઉચ્ચારી છે કે જો સરકાર આ મામલે સ્પષ્ટતા નહીં કરે નહીં કરે તો આવનારા દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે.

આ વિરોધ પ્રદર્શન ભાજપ કાર્યાલય સામે જ કરવામાં આવ્યું હતું તેમાં હાય રેભાજપ હાયહાયના સૂત્રોચાર કરવામાં આવ્યા હતા જોકે ભાજપ કાર્યાલય પાસે કોંગ્રેસના કાર્યકરો પહોંચે તે પહેલા જ પોલીસના કાફલાએ તરત જ કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી હતી અને બે ગાડીમાં બધા જ કાર્યકરોને ભરીને લઈ જવામાં આવ્યા હતા. જોકે કોંગ્રેસ કાર્યકરો દ્વારા ભારે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

સામે ભાજપના કાર્યકરો દ્વારા પણ કોંગ્રેસ હાય હાય અને દેશના ગદ્દારોને જુત્તા મારો જેવા સૂત્રો દ્વારા કોંગ્રેસનો વિરોધ કરવામાં આવ્યો હતો ભાજપના એક કાર્ય કરે જણાવ્યું હતું કે કોઈ ધરણા આપે ધમાલ કરે તો અમારા કાર્ય કરો શાંત થોડા બેસવાના છે.

# બુટલેગરોના અવનવા કીમિયા: SMCની સમા વિસ્તારમાં રેડ, દારૂની 2658 બોટલ જમીનમાંથી કાઢતા પરસેવો છૂટ્યો



**વડોદરા, તા.23**

વડોદરા શહેરમાં વધુ એક વાર સ્ટેટ મોનિટરિંગ સેલે કાર્યવાહી કરી લાખો રૂપિયાનો દારૂ જમીનમાંથી એક એક બોટલ અલગ અલગ બ્રાન્ડની બહાર કાઢી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ કાર્યવાહીમાં 08 આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ મામલે હાલમાં સમા પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરી એકવાર શહેર પોલીસ સામે અનેક સવાલો ઉભા થયા છે. વડોદરા શહેરમાં અવાર નવાર સ્થાનિક પોલીસ વિદેશી દારૂ સામે કાર્યવાહી કરે છે પરંતુ અસરકારક કામગીરી સામે પૂર્ણવિરામ માત્રને માત્ર સ્ટેટ મોનિટરિંગ સેલ મૂકે છે. સમા પોલીસ મથક હદ વિસ્તારમાં ગત મોડી રાત્રે દુમાડ ક્રોસ રોડ પાસે આવેલ આરોપી સરોજબેન ભલાભાઈ માળીના રહેણાંક મકાનમાં રેડ કરવામાં આવી હતી. આ દરમ્યાન સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પણ ચોંકી ઊઠી હતી. કારણ કે આરોપીએ દારૂ ઘરમાં અંડરગ્રાઉન્ડ ભોયરુ બનાવો સંતાડ્યો હતો.

સ્ટેટ મોનિટરિંગ ટીમે અલગ અલગ બ્રાન્ડની કુલ 2658 બોટલ ભારતીય બનાવટના વિદેશી દારૂની ઝડપી પાડી છે. આ દારૂની કુલ કિંમત રૂપિયા 13,09,655 સાથે દેશ બનાવટનો 250 લિટર દારૂ પણ ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે એક વાહન, મોબાઈલ અને રોકડ સહિત કુલ રૂપિયા 14,14,855 ના મુદ્દામાલ સાથે ત્રણ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે સાથે 08 આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

આ કાર્યવાહીમાં સ્ટેટ મોનિટરિંગ સેલે ત્રણ આરોપીને ઝડપી પાડ્યા છે. જેમાં કનુ પુત્ર ભલાભાઈ માળી ( રહે. યોગેશ્વર પેટ્રોલ પંપ, દુમાડ ક્રોસ રોડ, તળાવ પાસે, સમા, વડોદરા શહેર ), હિમ્મત ઉર્ફે અબ્બો સુ. શંકરભાઈ માળી (રહે,સંજીવનગર, સમા, વડોદરા), ગૌતમસિંહ ગોપાલસિંહ પરમાર (રહેસ્વામિનારાયણ ટેનામેન્ટ, આશાપુરી મંદિર પાસે, છાણી, વડોદરા)ને ઝડપી લીધા છે.

જ્યારે મુખ્ય આરોપી સરોજબેન ભલાભાઈ માળી (રહે .સામે યોગેશ્વર પેટ્રોલ પંપ, દુમાડ ક્રોસ રોડ, તળાવ પાસે, સમા, વડોદરા શહેર), કૈલાશબેન શંકરભાઈ માળી (રહે રેસી. સામે યોગેશ્વર પેટ્રોલ પંપ, દુમાડ ક્રોસ રોડ, તળાવ પાસે, સમા વડોદરા શહેર), સંકર ભલાભાઈ માળી ( રહે . સામે યોગેશ્વર પેટ્રોલ પંપ, દુમાડ ક્રોસ રોડ, તળાવ પાસે, સમા વડોદરા શહેર), બાંટો, શાહરૂખ શેખ સપ્લાયર, સન્ની સિંહ ઉર્ફે બાપુ, રફીક દિવાન, રવિ રાજપૂત સપ્લાયરને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. આ તમામ સામે સમા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે ગઈ કાલે વડોદરા શહેર પોલીસની પીસીબી ટીમે ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ બુટલેગરના ઘરમાં POP માં સંતાડેલ બોટલો કાઢી હતી. આજે SMC ટીમે ઘરમાં અંડરગ્રાઉન્ડ જમીનમાં સંતાડેલી દારૂની બોટલ સાથે ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. ત્યારે સ્થાનિક પોલીસ સામે અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

# આગમાં આસારામને ઈજા પહોંચી, મોટી દુર્ઘટના ટાળી: ઉધનામાં મકાનમાં આગ લાગતા અફરાતફરી



**સુરત, તા.23**

સુરત શહેરના ઉધના વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં આજે બપોર બાદ અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઉધનાના વિજયનગરમાં આવેલા એક મકાનમાં લાગેલી આ આગમાં ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ હતી. જોકે, ગેસના સિલિન્ડર સમયસર બહાર કાઢી લેવાતા એક મોટી હોનારત ટળી હતી. આ દરમિયાન સિલિન્ડર બહાર કાઢતા આસારામ નામના વ્યક્તિને સામાન્ય ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની વિગત મુજબ, ઉધના વિસ્તારમાં આવેલી વિજયનગર સોસાયટીના ઘર નંબર 84માં બપોર બાદ અંદાજે 3:25 વાગ્યે અચાનક આગ લાગી હતી. રહેણાંક વિસ્તાર હોવાથી આસપાસના લોકોમાં ભારે ગભરાટ ફેલાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ ઉધના ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો.

ઉધના ફાયર સ્ટેશનના સબ ફાયર ઓફિસર નરોત્તમ કે. ખલાસીએ જણાવ્યું હતું કે, અમને 3:25 કલાકે આગનો કોલ મળ્યો હતો. સોસાયટીના સાંકડા રસ્તાઓને કારણે ફાયરની ગાડી અંદર જઈ શકે તેમ નહોતી, તેથી ગાડી બહાર ઊભી રાખી પાણીની લાંબી પાઈપ લંબાવીને કામગીરી શરૂ કરવામાં આવી હતી. ઘરમાં ધુમાડો એટલો પ્રચંડ હતો કે અમારા જવાનોએ ઓક્સિજન માસ્ક પહેરીને અંદર પ્રવેશ કરવો પડ્યો હતો.

આગ લાગી ત્યારે ઘરમાં ગેસના બે સિલિન્ડર હોવાથી બ્લાસ્ટ થવાની પૂરેપૂરી શક્યતા હતી. આ દરમિયાન આસારામભાઈ નામના વ્યક્તિએ જીવના જોખમે ગેસના બોટલ બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. ગેસ સિલિન્ડર સુરક્ષિત બહાર કાઢતી વખતે તેમને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. જો આ સિલિન્ડર સમયસર બહાર ન નીકળ્યા હોત તો મોટી જાનહાનિ થઈ શકી હોત.

ફાયર વિભાગની પ્રાથમિક તપાસ મુજબ, આ આગ મકાનમાં થયેલા શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું મનાય રહ્યું છે. આગને કારણે ઘરમાં રહેલી ઘરવખરી અને કિંમતી સામાન બળીને રાખ થઈ ગયો હતો, પરંતુ ફાયર બ્રિગેડની સતર્કતાને કારણે આગ વધુ ફેલાતા અટકી હતી અને મોટી દુર્ઘટના ટળી હતી.

# એરપોર્ટ પર એન્ટ્રી પાસ માંગતા આસિ. સબ ઈન્સ્પેક્ટરને લાફો માર્યો



**અમદાવાદ, તા.23**

ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર એન્ટ્રી પાસ માગતા સીઆઈએસએફના આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર પર હુમલો કરીને લાફો મારી દીધો હતો. આ બનાવ અંગે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી ધરપકડ કરી હતી.

મેઘાણીનગરમાં રહેતા અને સીઆઈએસએફમાં આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા જવાને એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં રખિયાલમાં રહેતા યુવક સામે ફરિયાદ નોધાવી છે કે ગઈકાલે સાંજે ઈન્ટરનેશનલ એરપોર્ટના ટમનલ-રના સ્ટાફ સાથે ગેટ પર ફરજ ઉપર હાજર હતા.

ત્યારે સુરક્ષાના પ્રોટોકોલ મુજબ આરોપીને રોકીને તેની પાસે એરપોર્ટમાં પ્રવેશવા માટેનો એન્ટ્રી પાસ માંગ્યો હતો. જો કે આરોપીએ તેની પાસે પાસ ન હોવાનું કહેતા સુરક્ષા જવાને તેને પાસ વગર અંદર પ્રવેશવાની ના પાડી હતી. ત્યારે ઉશ્કેરાઈ ગયો હતો અને સુરક્ષા કર્મચારીને લાફો માર્યા બાદ આરોપીએ ત્યાંથી ભાગવાનો પ્રયાસ કરતા દોડીને પકડી પાડયો હતો.

# પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે અમદાવાદ મંડળના બે કર્મચારીઓને સુરક્ષામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માનિત કર્યા



**ગાંધીનગર, તા.23**

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક (પ્રભારી) શ્રી પ્રદીપ કુમારે પશ્ચિમ રેલવે મુખ્યાલય, મુંબઈ ખાતે આયોજિત સમારોહમાં અમદાવાદ મંડળના બે કર્મચારીઓને રેલ સુરક્ષામાં ઉત્કૃષ્ટ કામગીરી, સતર્કતા તથા સલામત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન બદલ "મેન ઓફ દ મન્થ" (જાન્યુઆરી-2025) સુરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા.આ કર્મચારીઓની સજાગતા અને ત્વરિત કામગીરીના કારણે સંભવિત અકસ્માતો ટળ્યા અને રેલ સંપત્તિ તથા મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત થઈ.

તા. 19.01.2026 ના રોજ શ્રી રવિ પ્રકાશ શર્મા, પોઈન્ટ્સમેન, કટોસણ રોડ સ્ટેશન પર એલ.સી. નંબર 29 પર ફરજ પર હતા. ગાડી સંખ્યા IFFCO/MB એલ.સી. સંખ્યા 29 પરથી પસાર થઈ રહી હતી. 'ઓલ રાઈટ' સિગ્નલ આપતા સમયે તેમણે જોયું કે બ્રેકવાનથી નવમા વેગનમાં એક હેંગિંગ પાર્ટ બહાર લટકતો હતો.પરિસ્થિતિની ગંભીરતા સમજી તેમણે તરત જ ખતરા માટે લાલ સંકેત દર્શાવ્યો અને ફરજ પર હાજર સ્ટેશન માસ્ટરને જાણ કરી. સ્ટેશન માસ્ટરે લોકોપાઈલટ સાથે સંપર્ક કરી ગાડીને ફરી કટોસણ રોડ સ્ટેશન પર રોકાવી. તપાસ દરમિયાન વેગનમાં હેંગિંગ પાર્ટ જોવા મળ્યો, જેને સુરક્ષિત રીતે બાંધી દેવામાં આવ્યો. ત્યારબાદ જરૂરી કાર્યવાહી સુનિશ્ચિત કરવામાં આવી.

તા. 10.01.2026 ના રોજ શ્રી ચંદ્રપાલ સિંહ, ટેકનિશિયન ગ્રેડ-II, ટી.આર.ડી. ડિપો મહેસાણા દ્વારા આંબલિયાસણ-જગુદન સેક્સન વચ્ચે ઓએચઈ સેકશનની ફૂટ પેટ્રોલિંગ દરમિયાન કેટેનરી વાયર ડ્રોપર ક્લિપનો બોલ્ટ ઢીલો હોવાનું નોંધાયું, જે કોઈપણ સમયે છૂટો પડી શકે તેવી સ્થિતિમાં હતો. સમયસર આ ખામીની ઓળખ ન થઈ હોત તો પેન્ટોગ્રાફ ફસાવાને કારણે ઓએચઈમાં ગંભીર ખામી ઊભી થઈ શકતી, જેના પરિણામે રેલવે ટ્રાફિકમાં અવરોધ ઉભો થવા સાથે ગંભીર સુરક્ષા જોખમ પણ સર્જાઈ શકતું. શ્રી ચંદ્રપાલ સિંહ દ્વારા સમયસર ખામીની ઓળખ તથા સુધારાત્મક કાર્યવાહી કરવાથી મોટી તકનીકી ખામી અને સંભવિત અકસ્માતને ટાળી શકાયો.

પશ્ચિમ રેલવેને પોતાના આવા કર્તવ્યનિષ્ઠ અને સતર્ક કર્મચારીઓ પર ગર્વ છે, જે મુસાફરોની સુરક્ષા અને રેલ સંચાલનની વિશ્વસનીયતા જાળવી રાખવામાં સતત યોગદાન આપી રહ્યા છે. આવા પ્રશંસનીય પ્રયાસો રેલવેમાં સંરક્ષા સંસ્કૃતિને વધુ મજબૂત બનાવે છે.

# સાઉથ આફ્રિકા સામે પરાજય બાદ સ્ટાર ખેલાડીઓનું ટીમ ઈન્ડિયામાંથી કપાશે પત્તું! સહાયક કોચે આપ્યા સંકેત

**નવી દિલ્હી, તા.23**

સુપર-8માં સાઉથ આફ્રિકા સામે 76 રને ભારતીય ટીમની હાર થઈ. ટીમ મેનેજમેન્ટ એક આઉટ-ઑફ-ફોર્મ બેટરને બહાર કરવા પર ગંભીરતાથી વિચાર કરી રહ્યું છે. તેવામાં સાઉથ આફ્રિકા સામે પરાજય બાદ સ્ટાર ખેલાડીઓનું ટીમ ઈન્ડિયામાંથી પત્તું કપાઈ શકે છે. આ મામલે મુખ્ય કોચ ગૌતમ ગંભીરના સહાયક કોચ રેયાન ટેન ડેશકાટે અને બેટર કોચ સિતાંશુ કોટક સંકેત આપ્યા છે કે, આગામી મેચમાં પ્લેઈંગ-11માં ફેરફાર થશે. ભારતને હવે સુપર-8માં 26 ફેબ્રુઆરીએ જિમ્બાબ્વે સામે ચેન્નાઈમાં અને 1 માર્ચે કોલકાતામાં વેસ્ટઈન્ડીઝ સામે રમશે.



સુપર-8માં સાઉથ આફ્રિકા સામે હાર બાદ ટોપ ઓર્ડરને લઈને સવાલો ઉઠ્યા છે. અભિષેક શર્માએ ચાર મેચમાં માત્ર 15 રન કર્યા છે. તિલક વર્માએ 5 મેચમાં 107 રન છે, પરંતુ સ્ટ્રાઈક રેટ 118 છે. ફિનિશર રિંકુ સિંહએ 29 બોલમાં 24 રન કરવાની સાથે 82.75 સ્ટ્રાઈક રેટ છે. તેવામાં ટીમ મેનેજમેન્ટ પાસે ફેરફારને લઈને વિચાર કરવા સિવાય કોઈ વિકલ્પ રહેતો નથી.

બેટર કોચ સિતાંશુ કોટકે સ્પષ્ટ કહ્યું કે, 'જો હેડ કોચ અને ટીમ મેનેજમેન્ટને લાગે છે કે આપણે કાંઈક અલગ કરવું પડશે તો અમે ફેરફાર કરીશું. અત્યારે આપણે વિચારવું પડશે કે શું બદલીએ અને કઈ રીતે. આમ, એ નક્કી કરવું પડશે કે પહેલાની ટીમ પ્રમાણે ચાલીએ કે કોઈ નવી યોજના બનાવીએ.'

સહાયક કોચ રેયાન ટેન ડેશકાટેએ સંકેત આપ્યા કે, ડાબા-જમણા હાથના બેટરના સંતુલન પર પણ ચર્ચા થઈ રહી છે. તેમણે કહ્યું કે, ' છેલ્લા 18 મહિનામાં સારું પ્રદર્શન કરનારા ખેલાડી સાથે કન્ટીન્યૂ કરીએ કે પછી સંજુને મોકો આપીએ. સંજુ એક શાનદાર ખેલાડી છે અને તે ટોપ ઓર્ડરમાં જમણા હાથનો વિકલ્પ છે. આગામી બે મેચ પહેલા આ મામલો ચોક્કસપણે ચર્ચાનો વિષય રહેશે.'

ડેશકાટેના નિવેદન બાદ સંભાવના છે કે, સુપર-8ની આગામી બે મેચમાં અભિષેક કે તિલકની જગ્યાએ સંજુ સેમસનને ફરી એકવાર પ્લેઈંગ-11માં સામેલ કરી શકે છે. ટીમમાં બેકઅપ બેટરની અછત પણ ચિંતાનો વિષય છે. જમણા હાથના બેટરને સામેલ કરી ટોપ ઓર્ડરની એકરૂપતા તોડી શકાશે. રિંકુ સિંહને લઈને સહાયક કોચે કહ્યું કે, '7-8 નંબર પર બેટિંગ કરવી એ મુશ્કેલ છે. રિંકુને વધુ મોકો નથી મળ્યો, પરંતુ હવે સમય પ્રદર્શનનો છે.'

ટેન ડેશકાટેએ અભિષેકની તૈયારીઓ પર પણ ચર્ચા કરી હતી. તેમણે કહ્યું, 'હું અભિષેક માટે બહાનું નહીં બનાવું, પરંતુ ફૂડ પોઈઝનિંગથી તેની તૈયારીઓ પર અસર પડી છે. જ્યારે તમે ત્રણ વખત શૂન્ય પર આઉટ થાઓ છો, ત્યારે દબાણ વધવું સ્વાભાવિક છે. તિલક વર્મા પણ અપેક્ષા મુજબ સારો સ્કોર કરી રહ્યો નથી.' જ્યારે કોચ સિતાંશુ કોટકનું માનવું છે કે, વધુ પડતી સલાહ આપવાથી વિપરીત પરિણામ આવી શકે છે.

# કેપ્ટન સૂર્યાનું છલકાયું દર્દ, અમદાવાદમાં દ. આફ્રિકા સામે હારનું ઠીકરું જુઓ કોના પર ફોડ્યું

**અમદાવાદ, તા.23**

અમદાવાદમાં રમાયેલા ટી20 વર્લ્ડ કપના સુપર-8 મુકાબલામાં સાઉથ આફ્રિકા સામે ભારતનો ૭૬ રને પરાજય થયો છે. સતત 12 મેચ જીત્યા બાદ ટીમ ઈન્ડિયાની આ પહેલી હાર છે, જેના કારણે સેમીફાઈનલના સમીકરણો હવે રસપ્રદ બન્યા છે.



187 રનના વિશાળ લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત અત્યંત ખરાબ રહી હતી. કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્વીકાર્યું કે 180થી વધુ રનના ચેઝમાં મેચ પાવરપ્લેમાં જીતી શકાતી નથી, પરંતુ ત્યાં હારી જરૂર શકાય છે. ભારતે પાવરપ્લેમાં જ ત્રણ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી, જેના કારણે રનચેઝ દબાણમાં આવી ગયુ હતું અને ટીમ નાની ભાગીદારીઓ પણ નોંધાવી શકી નહોતી.

વિશ્વના નંબર-1 ટી20 બેટ્સમેન અભિષેક શર્મા આ મેચમાં પણ માત્ર 14 રન બનાવી આઉટ થતા ટીમ મેનેજમેન્ટની ચિંતા વધી છે. બીજી તરફ, સાઉથ આફ્રિકા માટે ડેવિડ મિલર 'પ્લેયર ઓફ ધ મેચ' સાબિત થયો હતો. મિલરે માત્ર 35 બોલમાં 63 રનની વિસ્ફોટક ઈનિંગ રમીને મેચનું પાસું પલટી નાખ્યું હતું. મિલરે જણાવ્યું કે આ જીત સાબિત કરે છે કે ભારતને હરાવી શકાય છે.


હાર બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે જણાવ્યું કે આ હાર એક પાઠ છે, આંચકો નથી. તેમણે સ્પષ્ટ કર્યું કે ટીમ પોતાની આક્રમક ક્રિકેટની શૈલીમાં કોઈ ફેરફાર નહીં કરે અને ગભરાટમાં આવીને કોઈ મોટા ફેરફાર કરવામાં આવશે નહીં. સૂર્યાને પૂરો ભરોસો છે કે ટીમ ઈન્ડિયા જોરદાર વાપસી કરશે અને નૉકઆઉટમાં પોતાની જગ્યા નિશ્ચિત કરશે.

સુપર-8માં સેમીફાઈનલની આશા જીવંત રાખવા માટે હવે ભારતને ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ સામેની મેચો જીતવી અનિવાર્ય છે. ભારતનો હવે પછીનો મુકાબલો ચેન્નાઈમાં રમાશે, જે સેમીફાઈનલની રેસ માટે નિર્ણાયક સાબિત થશે. જો સાઉથ આફ્રિકા પોતાની જીતની લય જાળવી રાખે તો ભારત માટે એક જીત પણ રસ્તો ખોલી શકે છે.

# એક પરાજયે ટીમ ઈન્ડિયાની મુશ્કેલી વધારી, હવે સેમિ ફાઈનલમાં પહોંચવું અઘરું

**નવી દિલ્હી, તા.23**

T20 વર્લ્ડ કપ 2026 હવે તેના સૌથી રોમાંચક તબક્કા એટલે કે 'સુપર-8'માં પહોંચી ગયો છે. 20 ટીમો વચ્ચે શરૂ થયેલો આ મહાસંગ્રામ હવે માત્ર 8 ટીમો વચ્ચે સમેટાયો છે, જ્યાં દરેક મેચ સમીકરણો બદલી રહી છે. રવિવારે અમદાવાદના મેદાન પર સાઉથ આફ્રિકા સામે ભારતની 76 રને થયેલી કારમી હારને કારણે હવે ટીમ ઈન્ડિયા માટે સેમીફાઈનલની રાહ અત્યંત મુશ્કેલ બની ગઈ છે. છેલ્લી12 મેચોથી અજેય રહેલી ભારતીય ટીમ પર હવે ટૂર્નામેન્ટમાંથી બહાર થવાનું જોખમ તોળાઈ રહ્યું છે. 0સુપર-8માં



ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી છે. ભારત ગ્રુપ-1માં છે, જ્યાં સાઉથ આફ્રિકા અત્યારે 2 પોઈન્ટ્સ અને +3.800ના શાનદાર નેટ રન રેટ સાથે પ્રથમ સ્થાને છે. સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા 188 રન બનાવ્યા હતા અને ભારતને માત્ર 111 રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. આ મોટી હારને કારણે ભારત અત્યારે 0 પોઈન્ટ અને -3.800ના ખરાબ નેટ રન રેટ સાથે ચોથા સ્થાને ફેંકાઈ ગયું છે. હવે સેમીફાઈનલમાં પહોંચવા માટે ભારતને તેની આગામી બંને મેચો(ઝિમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ સામે) માત્ર જીતવી જ નહીં, પરંતુ મોટા અંતરથી જીતવી પડશે જેથી રન રેટમાં સુધારો થઈ શકે. બીજી તરફ ગ્રુપ-2માં ઈંગ્લેન્ડ 2 પોઈન્ટ્સ સાથે ટોપ પર છે. પાકિસ્તાન અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની મેચ વરસાદને કારણે રદ થતા બંને ટીમોને 1-1 પોઈન્ટ મળ્યો છે, જ્યારે શ્રીલંકા હાર સાથે છેલ્લા સ્થાને છે. જો ભારત સેમીફાઈનલમાં ક્વોલિફાય કરવું હોય તો હવે નસીબ અને પ્રદર્શન બંનેનો સાથ જરૂરી છે.

# 'રન રેટ 9.5 હતો 15 નહીં, તો આટલી ઉતાવળ કેમ?', ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી પર ભડક્યા ગાવસ્કર

**અમદાવાદ, તા.23**

સાઉથ આફ્રિકા સામેની શરમજનક હાર બાદ ભારતીય ટીમની બેટિંગ રણનીતિ પર સવાલો ઉઠી રહ્યા છે. ખાસ કરીને નંબર-3 પર રમવા આવેલા તિલક વર્માના વલણથી દિગ્ગજ ક્રિકેટર સુનીલ ગાવસ્કર ભારે નારાજ દેખાયા છે. તેમણે તિલકને તેની જવાબદારીનું ભાન કરાવતા આકરા શબ્દોમાં ટીકા કરી છે.

અમદાવાદમાં રમાયેલા સુપર-8 મુકાબલામાં 188 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતે ઈશાન કિશનની વિકેટ વહેલી ગુમાવી દીધી હતી. ત્યારબાદ ક્રિઝ પર આવેલા તિલક વર્મા પાસેથી પારી સંભાળવાની આશા હતી, પરંતુ તે માત્ર 1 રન બનાવી માર્કો



જાનસેનનો શિકાર બન્યો હતો. સુનીલ ગાવસ્કરે આ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, 'તિલક સમજદાર બેટ્સમેન છે, પણ તેના અભિગમથી હું નિરાશ છું. રન રેટ 9.5 હતો, 15 નહીં. તમારે થોડો સમય આપવાની જરૂર હતી. અભિષેક રન નહોતો બનાવી રહ્યો, તેથી પાવરપ્લે સુધી પાર્ટનરશિપ કરવાની જવાબદારી તમારી હતી.'

ચિંતાની વાત એ છે કે દક્ષિણ આફ્રિકા સામે ભૂતકાળમાં શાનદાર રેકોર્ડ ધરાવનાર તિલક આ વર્લ્ડ કપમાં ફ્લોપ સાબિત થઈ રહ્યો છે. આ પહેલા તેણે આફ્રિકા સામે 70.85ની એવરેજથી 496 રન બનાવ્યા હતા, જેમાં બે સદી પણ સામેલ હતી. જોકે, વર્તમાન ટૂર્નામેન્ટની 5 મેચમાં તે માત્ર 107 રન જ બનાવી શક્યો છે, જે તેની ક્ષમતા કરતા ઘણું ઓછું પ્રદર્શન છે.

ટોપ ઓર્ડરની સતત નિષ્ફળતા બાદ હવે ટીમમાં ફેરફારના સંકેત મળી રહ્યા છે. સહાયક કોચ રયાન ટેન ડોશેટે સંકેત આપ્યા છે કે આગામી મેચોમાં તિલક વર્માના સ્થાને સંજુ સેમસનને તક આપવામાં આવી શકે છે. સેમસને નામિબિયા સામે આક્રમક બેટિંગ કરીને પોતાની લય બતાવી હતી. હવે જીમ્બાબ્વે અને વેસ્ટ ઈન્ડિઝ સામેની નિર્ણાયક મેચોમાં ટીમ મેનેજમેન્ટ કેવા ફેરફાર કરે છે તે જોવું રસપ્રદ રહેશે.

# ઈમરાન હાશ્મી 'ધુરંધર 2'નો 'મોટા સાહેબ' બનશે!: ફિલ્મમાં એક્ટરની એન્ટ્રીની ચર્ચા, 19 માર્ચે બ્લોકબસ્ટર ફિલ્મની સિક્વલ રિલીઝ થશે

**મુંબઈ, તા.23**

બોલિવૂડની સૌથી પ્રતીક્ષિત ફિલ્મોમાંની એક 'ધુરંધર 2: ધ રિવેન્જ' વિશે મોટા સમાચાર સામે આવ્યા છે. રણવીર સિંહની આ બ્લોકબસ્ટર સિક્વલ ફિલ્મમાં હવે એક સસ્પેન્સભર્યું અપડેટ આવ્યું છે, જે 'મોટા સાહેબ'ના પાત્ર સાથે જોડાયેલું છે. છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા અને ફિલ્મ જગતમાં આ પાત્રને લઈને ઘણી ચર્ચાઓ ચાલી રહી હતી, પરંતુ હવે Letterboxd (સોશિયલ નેટવર્કિંગ પ્લેટફોર્મ) ના રિપોર્ટ અનુસાર આ વખતે 'મોટા સાહેબ'ની ભૂમિકામાં ઈમરાન હાશ્મીના સામેલ થવાની વાત સામે આવી છે.




પહેલાં એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું કે, મોટા સાહેબ દાઉદ ઈબ્રાહિમ જેવા અસલી ગેંગસ્ટર અથવા કેટલાક મોટા સપોર્ટિંગ પાત્રથી પ્રેરિત હોઈ શકે છે. પરંતુ હવે સામે આવેલી લીક કાસ્ટ લિસ્ટમાં ઈમરાન હાશ્મીનું નામ સામેલ થવાથી ચાહકોમાં ઉત્સાહ વધુ વધી ગયો છે. જોકે, આ જાણકારી હજુ ફિલ્મ મેકર્સ દ્વારા સત્તાવાર રીતે પુષ્ટિ કરવામાં આવી નથી. એટલે કે, એ કહેવું ઉતાવળિયું હશે કે ઈમરાન હાશ્મી મોટા સાહેબનું પાત્ર ભજવી રહ્યો છે કે કોઈ અન્ય રોલમાં હશે.

ફિલ્મમાં ઈમરાન હાશ્મીની એન્ટ્રીના સમાચારથી સોશિયલ મીડિયા પર તીવ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. ચર્ચા એ વાતની થઈ રહી છે કે ઈમરાન ફિલ્મમાં મુખ્ય વિલનની ભૂમિકામાં હશે કે વાર્તામાં કોઈ અલગ વળાંક લાવશે. પહેલા પણ ઘણી અફવાઓ હતી કે, 'ધુરંધર 2'માં મોટા સાહેબ દાઉદ ઈબ્રાહિમ અથવા કોઈ અન્ય કુખ્યાત નામ પર આધારિત હોઈ શકે છે, પરંતુ હવે આ અટકળો પર થોડું સસ્પેન્સ છવાયેલું છે.

'ધુરંધર 2'ના ડિરેક્ટર આદિત્ય ધરની પહેલી ફિલ્મ 'ધુરંધર'ને ગયા વર્ષે બોક્સ ઓફિસ પર જબરદસ્ત સફળતા મળી હતી. આ ફિલ્મ ભારત અને વિદેશમાં રેકોર્ડ તોડ કમાણી કરવામાં સફળ રહી અને રણવીર સિંહના કરિયરની એક નવી ઊંચાઈ સાબિત થઈ. તે જ સમયે, સિક્વલની તૈયારીઓ પણ ઝડપથી ચાલી રહી છે અને તેના ટીઝર તથા પ્રોમોને પણ દર્શકોએ ખૂબ વખાણ્યા છે.

ફિલ્મની રિલીઝ ડેટ પણ પહેલાથી નક્કી છે અને 19 માર્ચ 2026 ના રોજ મોટા પડદા પર 'ધુરંધર 2' આવવાની છે. આ જ દિવસે KGF સ્ટાર યશની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'ટોક્સિક' પણ રિલીઝ થવાની છે. બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર આમને-સામને આવી રહી છે, જે પોતે એક મોટો પાન-ઈન્ડિયા પ્રોજેક્ટ છે.

# કેરલ સ્ટોરીઝનો સર્જક વિપુલ શાહ ભારે લાલચુ છેઃ અનુરાગ કશ્યપ...

## ફિલ્મમાં જે રીતે બીફ ખવડાવવાનો સીન દર્શાવાયો છે તે રીતે કોઈ કોઈને ખિચડી પણ ખવડાતું નથી

**મુંબઈ, તા.23**

ફિલ્મ દિગ્દર્શક અનુરાગ કશ્યપે 'કેરલ સ્ટોરીઝ ટુ' ફિલ્મને પ્રોપેગેન્ડા ફિલ્મ ગણાવી છે અને આ ફિલ્મનો સર્જક વિપુલ શાહ ભારે લાલચુ હોવાનો આરોપ મૂક્યો છે.



આ ફિલ્મનાં ટ્રેલરમાં એક મહિલાને પરાણે બીફ ખવડાવાતું હોવાનું દર્શાવાયું છે. અનુરાગ કશ્યપે આ સીનની ભારે ટીકા કરતાં કહ્યું હતું કે આ રીતે કોઈ બીફ તો શું કોઈને ખિચડી પણ ખવડાવતું નથી. અનુરાગ કશ્યપે વિપુલ શાહની આકરી ટીકા કરતાં કહ્યું હતું કે તે મહાલાલચુ છે. તેને લોકો વચ્ચે વૈમનસ્ય ફેલાવીને પૈસા કમાવવામાં જ રસ છે.

ઉલ્લેખનીય છે કે 'કેરલ સ્ટોરીઝ ટુ'ને અપાયેલાં સેન્સર સર્ટિફિકેટ સામે કેરલમાંથી અરજી થઈ છે. તે સંદર્ભમાં સેન્સર બોર્ડ દ્વારા ગયાં સપ્તાહે આ ફિલ્મના સર્જક વિપુલ શાહને નોટિસ પણ અપાઈ છે. કેરલના મુખ્ય પ્રધાન પિનારાઈ વિજયને કહ્યું હતું કે આ ફિલ્મ હળાહળ જુઠ્ઠાણું અને દ્વેષ ફેલાવતી ફિલ્મ છે અને તે કેરળના સમાજને ખોટી રીતે ચિતરે છે. જોકે, વિપુલ શાહે અગાઉ એવી સ્પષ્ટતા કરી હતી કે આ ફિલ્મ કોર્ટોમાં ખરેખર લડવામાં આવેલા કેટલાક કેસો પર આધારિત છે.

# મલાઈકાએ નવા બોયફ્રેન્ડ સાથે ઈટલીમાં વેલેન્ટાઈન વીક મનાવ્યું

## મલાઈકાએ અગાઉ હર્ષ સાથે રિલેશનશિપનો ઈન્કાર કર્યો હતો પણ રોમાન્ટિક તસવીરોથી ફરી અટકળો

**મુંબઈ, તા.23**

મલાઈકા અરોરાએ વેલેન્ટાઈન વીક ડાયમંડ મર્ચન્ટ હર્ષ મહેતા સાથે ઈટલિમાં વિતાવ્યું હોવાનું તેની નવી તસવીરો પરથી સ્પષ્ટ થયું છે. મલાઈકા અને હર્ષ રિલેશનશિપમાં હોવાની અટકળો ફરી શરુ થઈ છે.

અગાઉ મલાઈકા અને હર્ષ મુંબઈમાં એક કોન્સર્ટમાં સાથે દેખાયાં તે પછી બંનેની રિલેશનશિપની અટકળો શરુ થઈ હતી. જોકે, તે પછી એક વાતચીતમમાં મલાઈકાએ હર્ષ સાથે રિલેશનશિપનો ઈન્કાર કર્યો હતો. તેણે કહ્યું હતું કે હું કોઈની પણ સાથે હરુ ફરું તે પરથી લોકો મારી સાથે તેનું નામ જોડી દે છે પરંતુ દર વખતે કોઈ સાથે કોઈ પ્રસંગ માણવાનો મતલબ ગાઢ સંબંધ હોતો નથી. પરંતુ, હવે મલાઈકા અને હર્ષ રોમમાં વેલેન્ટાઈન વીકમાં જ સાથે દેખાયાં છે અને બંનેની બેહદ રોમાન્ટિક પોઝ સાથેની તસવીરો પણ વાયરલ થઈ ગઈ છે.



અગાઉ પણ મલાઈકા તેના કરતાં વયમાં બહુ નાના અર્જુન કપૂર સાથે વર્ષો સુધી રિલેશનશિપમાં રહી હતી. જોકે, મેરેજ બાબતે કોઈ કમીટમેન્ટ ન થતાં છેવટે તેમનું બ્રેકઅપ થઈ ગયું હતું.

# કરીના કપૂરની દાયરા ફિલ્મમાં એક પણ ગીત નહિ હોય

## મેઘનાની આ પહેલાંની તમામ છ ફિલ્મોનાં ગીત તેના પિતા ગુલઝારે લખ્યાં છે



**મુંબઈ, તા.23**

કરીના કપૂર અને પૃથ્વીરાજ સુકુમારનની આગામી ફિલ્મ 'દાયરા'માં એક પણ ગીત નહિ હોય. ફિલ્મની સર્જક મેઘના ગુલઝારે જણાવ્યું છે કે ફિલ્મની વાર્તા જે પ્રકારની છે તેમાં કોઈ ગીતને અવકાશ જ નથી. તેણે કહ્યું હતું કે ફિલ્મમાં ગીત અપ્રાસંગિક તથા કથા પ્રવાહને અવરોધશે તેમ લાગતાં કોઈપણ ગીત રાખવામાં આવ્યું નથી. ગીતકાર ગુલઝારની દીકરી હોવા છતાં પણ મેઘનાએ ફિલ્મમાં બિનજરુરી ગીતો નહિ રાખવાનો મક્કમ નિર્ણય કર્યો હતો. મેઘનાની આ પહેલાંની તમામ છ ફિલ્મોનાં ગીતો તેના પિતા ગુલઝારે જ લખ્યાં છે. જોકે, 'દાયરા'માં તેણે પિતાને કોઈ ગીત નહિ આપવા જણાવી દીધું હતું. આ ફિલ્મમાં અગાઉ આયુષમાન ખુરાના કામ કરવાનો હતો. પરંતુ, તેને પોતાના રોલમાં દમ નહિ લાગતાં તેણે આ ફિલ્મ છોડી દીધી હતી. બાદમાં તેની જગ્યાએ પૃથ્વીરાજ સુકુમારન ગોઠવાયો હતો. ફિલ્મ તેનાં મૂળ શિડયૂલ કરતાં મોડી શરુ થઈ હતી અને હવે આ વર્ષમાં રીલિઝ થાય તેવી ધારણા છે.

# રશ્મિકા-વિજય ઉદયપુર પહોંચ્યા, રોયલ વેડિંગ પહેલાની તસવીરો આવી સામે, સ્ટાઈલિશ લુકમાં જોવા મળી દુલ્હન

**મુંબઈ, તા.23**

સાઉથ સિનેમાનું સૌથી ફેવરિટ અને પાવર કપલ ગણાતા વિજય દેવરકોંડા અને રશ્મિકા મંદાના આખરે લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે. લાંબા સમયની ડેટિંગની અફવાઓ બાદ, આ કપલે સોશિયલ મીડિયા પર પોતાની વેડિંગને 'Virosh'(વિરોશ) ટાઈટલ આપીને સત્તાવાર રીતે લગ્નની જાહેરાત કરી દીધી છે. હાલમાં જ આ જોડી ઉદયપુરમાં પોતાના શાહી લગ્ન માટે એરપોર્ટ પર જોવા મળી હતી, જ્યાં બંનેનો અંદાજ ચાહકોના દિલ જીતી રહ્યો છે.



એરપોર્ટ પર 'બ્રાઈડ ટુ બી' રશ્મિકા મંદાનાનો લુક ખૂબ જ ચર્ચામાં રહ્યો છે. રશ્મિકાએ ટ્રેડિશનલ કપડાંને બદલે બ્લુ કલરના સૂટ-બૂટમાં બોસી લુક સાથે સ્ટાઈલિશ એન્ટ્રી કરી હતી. બ્લેઝર, વ્હાઈટ શર્ટ અને ફ્લેયર્ડ પેન્ટ્સમાં તે ખૂબ જ કોન્ફિડન્ટ લાગતી હતી. તેના ચહેરા પર લગ્નનો ગ્લો દેખાઈ રહ્યો હતો. ખાસ વાત એ હતી કે એરપોર્ટ પર પેપ્સને જોઈને રશ્મિકાએ હાથ જોડીને નમસ્તે કર્યું હતું, તેના આ સંસ્કારી અંદાજે સોશિયલ મીડિયા પર લોકોના દિલ જીતી લીધા છે. મિનિમલ જ્વેલરી, બ્લેક સનગ્લાસ અને મરૂન હીલ્સ સાથે તેણે પોતાનો લુક કમ્પ્લીટ કર્યો હતો.

બીજી તરફ, 'દૂલ્હે રાજા' વિજય દેવરકોંડા પણ પોતાના સ્વેગમાં જોવા મળ્યો હતો. વિજયે વ્હાઈટ શર્ટ પર બ્લેક લેધર જેકેટ અને બ્લેક પેન્ટ પહેરીને કુલ લુક ધારણ કર્યો હતો. ચશ્મા અને મૂછોના તાણ સાથે વિજયનો અંદાજ એકદમ શાનદાર લાગતો હતો. વિજયની સાથે તેનો ભાઈ આનંદ દેવરકોંડા અને તેના પિતા પણ ઉદયપુર પહોંચ્યા છે. આનંદે પણ બ્લેક જેકેટ અને ગ્રીન ટી-શર્ટમાં ભાઈ જેવો જ સ્ટાઈલિશ લુક રાખ્યો હતો.

આ શાહી લગ્નના ફંક્શન આવતીકાલે એટલે કે 24 ફેબ્રુઆરીથી શરૂ થશે અને 26 ફેબ્રુઆરીએ આ કપલ સાત ફેરા લેશે. આ લગ્નમાં પરિવારના સભ્યો ઉપરાંત સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક દિગ્ગજ સિતારાઓ હાજરી આપે તેવી શક્યતા છે. વિજય અને રશ્મિકાના લગ્નને લઈને ચાહકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને તેમની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહી છે.

# સોનું ₹3 હજાર મોંઘું, ₹1.58 લાખ પર પહોંચ્યું: ચાંદી ₹15 હજાર મોંઘી થઈને ₹2.65 લાખ પ્રતિ કિલો થઈ, અમદાવાદમાં સોનું 1.61 લાખને પાર થયું

**નવી દિલ્હી, તા.23**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 23 ફેબ્રુઆરીએ તેજી જોવા મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 3,362 રૂપિયા વધીને 1,58,428 રૂપિયા પર પહોંચી ગયો છે. આ પહેલા તે 1,55,066 રૂપિયા પર હતો. અમદાવાદમાં આજે 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 1.61 લાખને પાર થયો છે.

જ્યારે, એક કિલો ચાંદીની કિંમત 15,236 રૂપિયા વધીને 2,65,550 રૂપિયા પર આવી ગઈ છે. ગઈકાલે તેની કિંમત 2,50,314 રૂપિયા પ્રતિ કિલો હતી. એક્સપર્ટ્સના મતે આગામી દિવસોમાં સોના-ચાંદીની કિંમતો હજી વધી શકે છે.



આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. સોનું 2026માં અત્યાર સુધીમાં 25,000 રૂપિયા અને ચાંદી 35,000 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ પર પહોંચી હતી.

2025 માં સોનું 57 હજાર (75%) વધ્યું છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76 હજારનું હતું, જે 31 ડિસેમ્બર 2025ના રોજ 1.33 લાખ રૂપિયા થઈ ગયું.

આ સમયગાળા દરમિયાન ચાંદી 1.44 લાખ (167%) વધી. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદી 86 હજારની હતી, જે વર્ષના છેલ્લા દિવસે 2.30 લાખ પ્રતિ કિલો થઈ ગઈ.

ઈન્વેસ્ટમેન્ટ બેન્કિંગ કંપની UBS અનુસાર, સોનાની માંગમાં તેજી જળવાઈ રહી છે. 2025માં વિશ્વભરની કેન્દ્રીય બેંકોએ 863 ટન સોનું ખરીદ્યું હતું. હવે અનુમાન છે કે 2026માં આ ખરીદી વધીને 950 ટન સુધી પહોંચી શકે છે. આ સાથે, ગોલ્ડ ETF (ETF) માં રોકાણ પણ વધીને 825 ટન થવાની અપેક્ષા છે.

UBS ને પૂરો વિશ્વાસ છે કે 2026માં સોનાની કિંમતો હજી વધશે. રિપોર્ટ અનુસાર, વર્ષના મધ્ય સુધીમાં સોનું 6,200 ડોલર પ્રતિ ઔંસના ઊંચા સ્તરને સ્પર્શી શકે છે. જો રૂપિયાના હિસાબે વાત કરીએ તો સોનાનો ભાવ 1.80 લાખ રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઇટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

## અનિલ અંબાણીને બેંક હવે 'ફ્રોડ' જાહેર કરી શકશે

# 40,000 કરોડની છેતરપિંડીના કેસમાં બોમ્બે હાઈકોર્ટનો નિર્ણય, પહેલા રાહત આપી હતી...

**મુંબઈ, તા.23**

બોમ્બે હાઈકોર્ટે આજે એટલે કે 23 ફેબ્રુઆરીના રોજ રિલાયન્સ ગ્રુપના ચેરમેન અનિલ અંબાણીને મળેલો રાહતનો આદેશ રદ કર્યો છે. આ નિર્ણય બાદ હવે બેંકો તેમને 'ફ્રોડ' જાહેર કરવાની કાર્યવાહી ફરીથી શરૂ કરી શકશે. આ પહેલા કોર્ટે 40 હજાર કરોડ રૂપિયાના બેંક ફ્રોડ કેસમાં બેંકોની આ પ્રક્રિયા પર રોક લગાવી દીધી હતી.

SBI એ એક ઓડિટ રિપોર્ટના આધારે અંબાણીના ખાતાઓને ફ્રોડની શ્રેણીમાં મૂકી દીધા હતા. અંબાણીએ આ કાર્યવાહીને પડકારી. કહ્યું કે બેંકોએ સુપ્રીમ કોર્ટના સિદ્ધાંતોનું પાલન કર્યું નથી. ડિસેમ્બર 2025માં બોમ્બે હાઈકોર્ટે અનિલ અંબાણીના ખાતાઓને ફ્રોડ જાહેર કરવા પર રોક લગાવી દીધી.

બેંક ઓફ બરોડા, ઈન્ડિયન ઓવરસીઝ બેંક અને IDBI બેંકે જાન્યુઆરી 2026માં સિંગલ બેન્ચના સ્ટે ઓર્ડરને પડકાર્યો હતો.



બેંકોનો તર્ક હતો કે તેઓ ફોરેન્સિક ઓડિટના આધારે કાર્યવાહી કરવા માંગે છે. હવે બેંક કાયદા મુજબ આગળની કાર્યવાહી કરી શકશે.

ગયા અઠવાડિયે અનિલ અંબાણીએ કોર્ટને ખાતરી આપી હતી કે તેઓ દેશ છોડીને ક્યાંય નહીં જાય અને પરવાનગી વગર વિદેશ પ્રવાસ નહીં કરે.

અનિલ અંબાણીએ એમ પણ કહ્યું હતું કે રિલાયન્સ ગ્રુપ (ADAG) ની કંપનીઓ વિરુદ્ધ ચાલી રહેલી ED અને CBI ની તપાસમાં પૂરો સહયોગ કરશે.

આ મહિનાની શરૂઆતમાં ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે કેસની તપાસમાં થઈ રહેલા વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે તપાસ એજન્સીઓ (ED અને CBI) ને પૂછ્યું હતું કે તપાસમાં આટલો સમય કેમ લાગી રહ્યો છે. આ સાથે જ કોર્ટે ED ને એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ગઠિત કરવાનો આદેશ આપ્યો હતો જેથી 40,000 કરોડના આ કથિત કૌભાંડની તપાસમાં ઝડપ લાવી શકાય.

# સોના-ચાંદીની આયાત પર નાણામંત્રી અને RBI ગવર્નરનું મોટું નિવેદન......

**મુંબઈ, તા.23**

ભારતીય રિઝર્વ બેન્ક (RBI) ના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની 61મી બેઠક સોમવારે (23મી ફેબ્રુઆરી) નવી દિલ્હી સ્થિત RBI ભવન ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ અને RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ દેશની આર્થિક સ્થિતિ, સોના-ચાંદીની આયાત અને અમેરિકા દ્વારા લાદવામાં આવતા સંભવિત ટેરિફ મુદ્દે મહત્ત્વની સ્પષ્ટતા કરી હતી.

સોના-ચાંદી અંગે નાણામંત્રી નિર્મલા સીતારમણે સ્પષ્ટ કર્યું હતું કે, 'દેશમાં સોના અને ચાંદીની આયાત હાલ ચિંતાજનક સ્તરે નથી. વૈશ્વિક સ્તરે કેન્દ્રીય બેન્કો દ્વારા થઈ રહેલી મોટી ખરીદીને કારણે સોનાના ભાવ વધ્યા છે. ભારતીય ઘરોમાં સોનું પરંપરાગત રોકાણ છે અને તહેવારોમાં તેની



માંગ રહે જ છે. જોકે, ભાવ હજુ ચોક્કસ મર્યાદા પાર કરી શક્યા નથી અને પરિસ્થિતિ સંપૂર્ણપણે નિયંત્રણમાં છે.'

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા સંભવિત ટેરિફ ફેરફારો અંગે નાણાંમંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, 'અમેરિકાના ટેરિફ ફેરફારોની અર્થતંત્ર પર શું અસર થશે તે અંગે ટિપ્પણી કરવી હજુ વહેલું ગણાશે. વાણિજ્ય મંત્રી પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે. બેન્કોએ વીમા ઉત્પાદનોનું ખોટી રીતે વેચાણ કરવાને બદલે તેમના મુખ્ય વ્યવસાય પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.'

આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ ખાતરી આપી હતી કે સોનાની આયાત અંગે કોઈ નોંધપાત્ર ચિંતા નથી. બાહ્ય ક્ષેત્ર મજબૂત છે અને ચાલુ ખાતાની ખાધ વ્યવસ્થાપિત સ્તરની અંદર છે. આરબીઆઈ અર્થતંત્રની ઉત્પાદક જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે પૂરતી તરલતા પૂરી પાડવા માટે પ્રતિબદ્ધ છે.

# IDFC ફર્સ્ટ બેંકનો શેર 20% ઘટીને ₹67 પર આવ્યો: 590 કરોડના ફ્રોડ પછી ભાવમાં ઘટાડો

**મુંબઈ, તા.23**

IDFC ફર્સ્ટ બેંકના શેર આજે એટલે કે 23 ફેબ્રુઆરીના રોજ 20% ઘટીને 67 રૂપિયા પર આવી ગયા. બેંકની ચંદીગઢ બ્રાન્ચમાં 590 કરોડનું ફ્રોડ સામે આવ્યા બાદ શેર ઘટ્યા છે. આ ફ્રોડ હરિયાણા સરકાર સાથે સંકળાયેલી સંસ્થાઓના બેંક ખાતાઓમાં અનધિકૃત ટ્રાન્ઝેક્શન દ્વારા કરવામાં આવ્યું છે.

જેટલાનું આ ફ્રોડ છે, તે બેંકના ત્રીજા ક્વાર્ટરના નફા 503 કરોડથી પણ વધારે છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણ સાથે એક જોઈન્ટ પ્રેસ કોન્ફરન્સમાં RBI ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું, 'અમે આ ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છીએ, સિસ્ટમમાં કોઈ સમસ્યા નથી.'

મામલો સામે આવતા જ IDFC ફર્સ્ટ બેંકે ચંદીગઢ બ્રાન્ચના 4 અધિકારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે. આ ઉપરાંત પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.




સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ માટે ઈન્ડિપેન્ડન્ટ ફોરેન્સિક ઈન્વેસ્ટિગેટર તરીકે 'KPMG' ને નિયુક્ત કરવામાં આવ્યા છે.

બેંકને હરિયાણા સરકારના એક ખાસ વિભાગ તરફથી પોતાનું ખાતું બંધ કરવા અને ફંડને બીજી બેંકમાં ટ્રાન્સફર કરવાની વિનંતી મળી હતી. આ પ્રક્રિયા દરમિયાન, ખાતામાં રહેલા બેલેન્સ અને જણાવેલી રકમ વચ્ચે કેટલીક ગડબડ જોવા મળી.

18 ફેબ્રુઆરી, 2026 થી હરિયાણા સરકારની કેટલીક અન્ય સંસ્થાઓએ બેંકમાં પોતાના ખાતાઓ અંગે સંપર્ક કર્યો. આ દરમિયાન પણ બેંક ખાતાઓના બેલેન્સ અને હરિયાણા સરકારની આ સંસ્થાઓ દ્વારા જણાવવામાં આવેલા બેલેન્સ વચ્ચે તફાવત જોવા મળ્યો. પ્રારંભિક આંતરિક સમીક્ષાના આધારે જાણવા મળ્યું છે કે આ મામલો ફક્ત હરિયાણા સરકાર સાથે સંકળાયેલા તે ખાસ ખાતાઓ સુધી મર્યાદિત છે, જે ચંદીગઢની આ શાખામાંથી સંચાલિત કરવામાં આવી રહ્યા હતા. ચંદીગઢ શાખાના અન્ય ગ્રાહકો પર તેની કોઈ અસર નથી.

બેંકના એમડી અને સીઈઓ વી. વૈદ્યનાથને જણાવ્યું હતું કે, "આ કોઈ માળખાકીય નબળાઈ કે સિસ્ટમ લેવલનો મુદ્દો નથી, પરંતુ આંતરિક મિલીભગતનો મામલો છે. અમારી પાસે મેકર, ચેકર અને ઓથોરાઈઝર જેવા કડક નિયંત્રણો છે. બેંક છેલ્લા 10 વર્ષથી કાર્યરત છે અને 1,000 થી વધુ શાખાઓ ધરાવે છે, પરંતુ અગાઉ ક્યારેય આવું બન્યું નથી."

બેંકે એવા ખાતાઓને ફ્રીઝ કરવા માટે અન્ય બેંકોને 'રિકોલ નોટિસ' જાહેર કરી છે, જેમાં છેતરપિંડીના પૈસા ટ્રાન્સફર થયા હોવાની શંકા છે. બેંકને તેનાથી અમુક અંશે રિકવરીની અપેક્ષા છે.

ગ્લોબલ બ્રોકરેજ ફર્મ UBS અનુસાર, આ છેતરપિંડી બેંકના નાણાકીય વર્ષ 2026ના અંદાજિત નફાના લગભગ 22% છે. જ્યારે મોર્ગન સ્ટેનલીએ તેને પ્રી-ટેક્સ પ્રોફિટના 20% ગણાવ્યું છે.

ઈન્વેસ્ટેકે બેંકના શેર પર 'બાય' રેટિંગ તો જાળવી રાખ્યું છે, પરંતુ ટાર્ગેટ પ્રાઈસ 105 થી ઘટાડીને 92 કરી દીધી છે. જાણકારોનું કહેવું છે કે ફોરેન્સિક ઓડિટ ન થાય ત્યાં સુધી શેર પર દબાણ રહી શકે છે.

કોઈ કંપની કે બેંકમાં નાણાકીય ગેરરીતિની શંકા હોય છે, ત્યારે ફોરેન્સિક ઓડિટ કરાવવામાં આવે છે. તેમાં સામાન્ય ઓડિટની સરખામણીમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ થાય છે જેથી તેને કોર્ટમાં પુરાવા તરીકે રજૂ કરી શકાય. તેમાં ઈમેઈલ, ડિલીટ કરાયેલા ડેટા અને ટ્રાન્ઝેક્શનની કડીઓને જોડવામાં આવે છે. આ ફ્રોડ બેંકના આંતરિક સિસ્ટમ અને સરકારી ખાતાઓ સાથે સંકળાયેલું છે, રિટેલ ગ્રાહકોના પૈસા પર હાલ કોઈ ખતરો નથી.

# સેન્સેક્સ 480 પોઈન્ટ વધીને 83,295 પર બંધ થયો: નિફ્ટીમાં 142 પોઈન્ટનો ઉછાળો રહ્યો, બેન્કિંગ અને ઓટો શેરોમાં ખરીદી


**મુંબઈ, તા.23**

સેન્સેક્સમાં આજે એટલે કે સોમવાર, 23 ફેબ્રુઆરીએ તેજી જોવા મળી. તે 480 પોઈન્ટ (0.58%) વધીને 83,295 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 142 પોઈન્ટ (0.55%)નો ઉછાળો જોવા મળ્યો. તે 25,713ના સ્તરે બંધ થયો. આજના કારોબારમાં ઓટો અને બેંકોના શેરોમાં ખરીદી જોવા મળી.

IDFC ફર્સ્ટ બેંકના શેર આજે 16% ઘટીને 70.09 રૂપિયા પર આવી ગયા છે. ચંદીગઢની એક શાખામાં લગભગ 590 કરોડ રૂપિયાનું કૌભાંડ સામે આવ્યું છે જેના કારણે શેર ઘટ્યા છે.

આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે હરિયાણા સરકારના એક વિભાગે શંકાસ્પદ ટ્રાન્ઝેક્શનની જાણકારી આપી. બેંકે હાલમાં આ મામલામાં સામેલ 4 શંકાસ્પદ કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે.

સમ્રાટના જન્મદિવસને કારણે જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ આજે




બંધ છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી 0.65% વધીને 5,846 ના સ્તરે બંધ થયો. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 2.53% વધીને 27,082 પર બંધ થયો. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 14 ફેબ્રુઆરીથી બંધ છે.

ડાઉ જોન્સ 230 પોઈન્ટ (0.47%) વધીને 49,625 પર બંધ થયો.

ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.90% વધીને 22,886 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 47 પોઈન્ટ (0.69%) વધીને 6,909 પર બંધ થયો.

વિદેશી રોકાણકારો (FII) એ 19 ફેબ્રુઆરીના રોજ 934 કરોડ રૂપિયાના શેર વેચ્યા. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII) એ 2637 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

આ મહિને એટલે કે ફેબ્રુઆરીમાં અત્યાર સુધી FIIs એ 2,011 કરોડ રૂપિયાના શેર વેચ્યા છે. આ સમયગાળા દરમિયાન DIIs એ 14,111 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

જાન્યુઆરી 2026માં FIIs એ કુલ 41,435 કરોડના શેર વેચ્યા હતા. આ સમયગાળા દરમિયાન DIIs એ 69,220 કરોડના શેર ખરીદ્યા હતા.

રિન્યુએબલ એનર્જી કંપની ક્લીન મેક્સ એન્વાયરો એનર્જી સોલ્યુશન્સનો ઈનિશિયલ પબ્લિક ઓફર (IPO) આજથી ખુલ્યો છે. રોકાણકારો 25 ફેબ્રુઆરી સુધી તેમાં બોલી લગાવી શકશે.

કંપની આ IPO દ્વારા 3,100 રૂપિયા એકત્ર કરવા માંગે છે. કંપની આ ઈશ્યૂ દ્વારા ફ્રેશ શેર અને ઓફર ફોર સેલ (OFS) બંને લાવી રહી છે.

છેલ્લા પાંચ કારોબારી સત્રોમાં સેન્સેક્સ 0.2% વધ્યો. જ્યારે શુક્રવારે તે 316 પોઈન્ટ એટલે કે 0.38% વધીને 82,814ના સ્તરે બંધ થયો. જ્યારે, નિફ્ટી 50 આ અઠવાડિયે 0.4% મજબૂત થયો. શુક્રવારે તેમાં 117 પોઈન્ટ એટલે કે 0.46% નો ઉછાળો આવ્યો અને તે 25,571 પર બંધ થયો.

# PM કિસાન સમ્માન નિધિનો 22મો હપ્તો માર્ચમાં આવી શકે: 9 કરોડ ખેડૂતોના ખાતામાં 2,000 આવશે, ત્રણ હપ્તામાં મળે છે કુલ 6,000 રૂપિયા.....

**નવી દિલ્હી, તા.22**

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના લાભાર્થીઓ માટે આગામી હપ્તો ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયાથી લઈને માર્ચ 2026ની વચ્ચે ખાતામાં ટ્રાન્સફર થઈ શકે છે. જોકે, સરકારે હજુ સુધી તેની સત્તાવાર તારીખની જાહેરાત કરી નથી.

આ યોજના હેઠળ નાના અને સીમાંત ખેડૂતોને વર્ષમાં 2-2 હજાર રૂપિયાના ત્રણ હપ્તા (કુલ 6000 રૂપિયા) આપવામાં આવે છે. આ રકમ લાભાર્થીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે.

પોર્ટલ મુજબ, તમામ નોંધાયેલા ખેડૂતો માટે eKYC કરાવવું ફરજિયાત છે. જો તમારું eKYC પેન્ડિંગ હોય, તો હપ્તો અટકી શકે છે. ખેડૂતો પોતે PM કિસાન પોર્ટલ પર જઈને OTP દ્વારા eKYC કરી શકે છે અથવા નજીકના કોમન સર્વિસ સેન્ટર (CSC) પર જઈને બાયોમેટ્રિક રીતે તેને પૂર્ણ કરાવી શકે છે.



PM કિસાન યોજનાનો 21મો હપ્તો નવેમ્બર 2025માં બહાર પાડવામાં આવ્યો હતો. નિયમ મુજબ, દર ચાર મહિનાના અંતરાલ પર 2,000નો હપ્તો આપવામાં આવે છે. આ હિસાબે આગળના હપ્તાનો સમય ફેબ્રુઆરી-માર્ચ 2026 બેસી રહ્યો છે.

PM-કિસાન યોજના ફેબ્રુઆરી 2019માં શરૂ થઈ હતી. આ અંતર્ગત પાત્ર ખેડૂતોને દર વર્ષે 6,000ની આર્થિક સહાય આપવામાં આવે છે, જે ત્રણ હપ્તામાં સીધા તેમના બેંક ખાતામાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) દ્વારા મોકલવામાં આવે છે. હાલમાં દેશભરમાં 9 કરોડથી વધુ ખેડૂતો આ યોજનાનો લાભ લઈ રહ્યા છે.

આ યોજના નાના ખેડૂતોની આવક વધારવા માટે શરૂ કરવામાં આવી છે. જેથી તેઓ ખેતીમાં વધુ સારું રોકાણ કરી શકે. બિયારણ, ખાતર અને મશીનરી ખરીદી શકે, અને પરિવારની જરૂરિયાતો પૂરી કરી શકે. આ સંપૂર્ણપણે કેન્દ્ર સરકારની યોજના છે, જેમાં સરકાર દ્વારા સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવામાં આવે છે.

કોને મળે છે આ મદદ? યોજના જણાવે છે કે તમામ જમીનધારક ખેડૂત પરિવારોને આ લાભ મળી શકે છે. અહીં 'પરિવાર' નો અર્થ પતિ, પત્ની અને તેમના સગીર બાળકો છે. પરંતુ કેટલાક લોકો બાકાત રાખવામાં આવ્યા છે, જેથી મદદ યોગ્ય હાથોમાં પહોંચે. જેમ કે: જો કોઈ સંસ્થા કે કંપનીના નામે જમીન હોય, તો નહીં.

પૂર્વ કે વર્તમાન મંત્રી, સાંસદ, ધારાસભ્ય, મેયર કે જિલ્લા પંચાયત અધ્યક્ષ જેવા મોટા પદ ધરાવતા લોકો બાકાત. સરકારી અધિકારી કે કર્મચારી લઈ શકતા નથી. જેમનું પેન્શન 10,000 રૂપિયાથી વધુ છે, તેઓ પણ બાકાત. આવકવેરો ભરનારા, ડોક્ટર, એન્જિનિયર, વકીલ જેવા વ્યાવસાયિક લોકો નહીં.

# EPFOએ ગુડ ન્યૂઝ આપી, વધુ પેન્શનવાળી આ સુવિધા ફરી બહાલ કરી!

**મુંબઈ, તા.23**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO)એ એક મોટી ગુડ ન્યૂઝ આપી છે. એક સ્પષ્ટતામાં તેણે જણાવ્યું કે, હાયર પેન્શન સંબંધિત એક જોગવાઈ ફરીથી બહાલ કરી દેવામાં આવી છે. આ જોગવાઈ હેઠળ કેટલાક કર્મચારીઓને તેમના વાસ્તવિક મૂળ પગાર અને મોંઘવારી ભથ્થા (DA)ના આધાર પર તેમના પેન્શનમાં યોગદાન આપવાની મંજૂરી હતી. આ સુવિધા ફરી બહાલ થવાથી હવે કર્મચારીઓ પોતાના વાસ્તવિક પગારના આધાર પર વધુ પેન્શન યોગદાનનો વિકલ્પ પસંદ કરી શકશે. તો ચાલો એ સમજીએ કે આ કેવી રીતે કામ કરશે અને આખરે કયા કર્મચારીઓને લાભ થશે.

1 સપ્ટેમ્બર, 2014 પહેલા કર્મચારીઓને પોતાના મૂળ પગારના આધાર પર પેન્શન યોગદાન વધારવાનો વિકલ્પ મળતો હતો. આનાથી ખાસ કરીને PSU કર્મચારીઓને મોટો ફાયદો થતો હતો, પરંતુ પછી પગાર મર્યાદા નક્કી કર્યા આ હાયર પેન્શનનો વિકલ્પ બંધ કરી દેવામાં આવ્યો. તમને જણાવી દઈએ કે, EPSનું કેલ્ક્યુલેશન જે પેન્શન યોગ્ય પગાર પર થાય છે, તેની મેક્સિમમ લિમિટ 15,000 રૂપિયા નક્કી કરવામાં આવી છે અને આ મોટું કારણ છે કે પેન્શન પણ આ જ આધાર પર મળે છે.

આને સરળ શબ્દોમાં સમજીએ તો 2014માં લાગુ કરાયેલી વર્તમાન મર્યાદા પ્રમાણે લઘુત્તમ EPS માસિક પેન્શન 1,000 છે અને મહત્તમ પેન્શનપાત્ર પગાર 15,000 (મૂળ પગાર + DA) છે. જેના કારણે આ મહત્તમ શક્ય EPS માસિક પેન્શન 7,500 સુધી મર્યાદિત કરી દેવામાં આવ્યું છે. 2014 બાદ ભરતી થયેલા અથવા જેમનો પગાર આ મર્યાદા કરતાં વધુ છે તેવા કર્મચારીઓ પોતાના પેન્શન યોગદાનને તેમના વાસ્તવિક મૂળ પગાર પર આધારિત નથી કરી શકતા, જેના કારણે તેમના સંભવિત પેન્શન લાભો મર્યાદિત થઈ જાય છે.

EPFOના વર્તમાન નિયમો જોઈએ તો કર્મચારીઓ અને એમ્પ્લોયર બંને પોતાના મૂળ પગારના અને DAનો 12% હિસ્સો EPF ખાતામાં જમા કરે છે.




આમાંથી એમ્પ્લોયરના યોગદાનમાંથી 8.33% હિસ્સો કર્મચારી પેન્શન યોજના (EPS)માં જતો રહે છે. બીજી તરફ 3.67% PF ખાતામાં જમા થાય છે. EPSમાં જમા કરાયેલા પૈસા કર્મચારીને નિવૃત્તિ પછી માસિક પેન્શન તરીકે મળે છે.

સરકાર દ્વારા આપવામાં આવેલી સ્પષ્ટતા પ્રમાણે હાયર પેન્શન બહાલ સુવિધાનો લાભ માત્ર તે કર્મચારીઓને જ મળશે, જેમણે 1 સપ્ટેમ્બર, 2014ના સુધારા પહેલા હાયર પેન્શન વિકલ્પ પસંદ કર્યો હતો. આનો અર્થ એ છે કે, તે બધા EPFO સભ્યોને લાગુ નથી પડતું.

એક અહેવાલમાં અધિકારીઓના હવાલે જણાવવામાં આવ્યું છે કે, આ કોઈ નવો લાભ નથી, પરંતુ માત્ર અગાઉની જોગવાઈને ફરીથી સ્થાપિત કરવાનો છે. જોકે, EPFO દ્વારા આ બહાલીને 2014માં પગાર મર્યાદાના અમલીકરણ પછી થી ચાલી રહેલી મૂંઝવણને દૂર કરવા તરફના એક મોટા પગલા તરીકે જોવામાં આવી રહ્યું છે. આને સરળ શબ્દોમાં સમજીએ તો 2014માં લાગુ કરાયેલી વર્તમાન મર્યાદા પ્રમાણે લઘુત્તમ EPS માસિક પેન્શન 1,000 છે અને મહત્તમ પેન્શનપાત્ર પગાર 15,000 (મૂળ પગાર + DA) છે. જેના કારણે આ મહત્તમ શક્ય EPS માસિક પેન્શન 7,500 સુધી મર્યાદિત કરી દેવામાં આવ્યું છે. 2014 બાદ ભરતી થયેલા અથવા જેમનો પગાર આ મર્યાદા કરતાં વધુ છે તેવા કર્મચારીઓ પોતાના પેન્શન યોગદાનને તેમના વાસ્તવિક મૂળ પગાર પર આધારિત નથી કરી શકતા, જેના કારણે તેમના સંભવિત પેન્શન લાભો મર્યાદિત થઈ જાય છે.

પશ્ચિમ રેલવે
અમદાવાદ મંડળ

**એર ડ્રાયરની સપ્લાય, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ**

**ઈ-ટેન્ડર નોટિસ નં. 13, 2025-26 તારીખ 23.02.2026 કામનું નામ:** CPOH ADI ખાતે POH દરમિયાન ટ્રેક મશીનો પર એર ડ્રાયરની સપ્લાય, ઈન્સ્ટોલેશન અને કમિશનિંગ. **ટેન્ડર નં.: CWMCPOHADI2025-26-13 જાહેરાત કરાયેલ NIT કિંમત:** ૪૩૫૦૮૭૨.૦૫/- **EMD કિંમત રૂ.:** ૮૭૧૦૦.૦૦/- **ટેન્ડર બંધ કરવાની તારીખ:** ૨૩/૦૩/૨૦૨૬ @ ૧૧:૦૦ કલાકે. **ટેન્ડર ખોલવાની તારીખ:** ૨૩/૦૩/૨૦૨૬ @ ૧૧:૧૫ કલાકે **IREPS પર ટેન્ડર અપલોડ કરવાની તારીખ:** ૨૩.૦૨.૨૦૨૬

ADI 282

અમને લાઇક કરો: facebook.com/WesternRly



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
ગુજરાત બજેટ 2026-27
વિકસિત ગુજરાત



ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું

# સૌથી મોટું બજેટ

## ₹ ૪ લાખ ૮ હજાર ૫૩ કરોડ

## 'અર્નિંગ વેલ, લિવિંગ વેલ'નો ધ્યેય થશે સિદ્ધ

**રાજ્ય સરકારનો સર્વગ્રાહી અને સર્વ-સમાવેશી અભિગમ**

પાંચ સ્તંભ-સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતર માળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથ પર આધારિત બજેટ

સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ
**₹૧૬,૧૧૬ કરોડની જોગવાઇ**

દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાનો વિસ્તાર અને કચ્છ એમ ૬ (છ) ક્ષેત્ર માટે
**₹૨૦૦૦ કરોડની જોગવાઇ**


**"સૌના માટે ઘર"**નો સંકલ્પને સાકાર કરવા વિવિધ આવાસ યોજનાઓ હેઠળ આશરે ૩.૧૫ લાખથી વધુ આવાસો બનાવવા
**₹૪૨૭૨ કરોડની જોગવાઇ**

૨૫ જી.આઇ.ડી.સી.ને આધુનિક ટેક્નોલૉજીથી સ્માર્ટ બનાવવા
**₹૧૨૫૦ કરોડનું રોકાણ તેમજ ₹૫૦ કરોડના રોકાણથી**
૧૨૦ મીની GIDCનું નવીનીકરણ.

પ્રધાનમંત્રી જન આરોગ્ય-મુખ્યમંત્રી **"અમૃતમ્ (મા યોજના)"** યોજના હેઠળ
**₹૩૪૭૨ કરોડની જોગવાઇ**

નમો શક્તિ એક્સપ્રેસ-વે તેમજ સોમનાથ દ્વારકા એક્સપ્રેસ-વે પ્રોજેક્ટ માટે વધુ
**₹૩૦૦૦ કરોડની જોગવાઇ**

VB-G RAM G (વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)) યોજના હેઠળ કામના દિવસો 100થી વધારી ૧૨૫ કરવામાં આવ્યા, **જેના માટે કુલ ₹૧૫૦૦ કરોડનું આયોજન**



સામાજિક ન્યાય, આદિજાતિ તથા શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે **૯૭ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ માટે ₹ ૫૯૬૭ કરોડની જોગવાઇ**

નિકાસને વધુ વેગ આપવા ગુજરાત સ્ટેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GEPC)ની સ્થાપના કરવાનો નિર્ણય

કૃષિ યાંત્રિકીકરણના વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવા **₹ ૧૫૬૫ કરોડની જોગવાઇ**

મહિલાઓ દ્વારા સંચાલિત સ્વ-રોજગાર પ્રવૃત્તિઓ વિસ્તારવા **₹ ૪૭ કરોડની જોગવાઇ**

મોટા શહેરો પરનું ભારણ ઘટે અને રોજગારી વધારવા પાંચ નવા સેટેલાઇટ ટાઉન કલોલ, સાણંદ, સાવલી, બારડોલી અને હિરાસરના વિકાસનું આયોજન.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ **₹ ૫૬૦૦ કરોડની જોગવાઇ**

અદ્યતન પરિવહન સુવિધા માટે ૨૪૬૩ જેટલી નવી બસો (જે પૈકી ૫૦૦ AC ઇલેક્ટ્રિક બસો) તેમજ આદિજાતિ તેમજ ઔદ્યોગિક વિસ્તારમાં ૫૦૦ મીડી બસ મૂકવામાં આવશે. જેના માટે કુલ **₹ ૧૨૮૬ કરોડની જોગવાઇ**

ગુજરાત પોલીસ માટે Data Fusion Centre & Centre of Excellence for AI in Policingની સ્થાપના માટે **₹ ૬૦ કરોડની જોગવાઇ**

આશ્રમશાળાઓ અને ગ્રાન્ટ-ઇન-એઇડ છાત્રાલયોમાં અભ્યાસ કરતા આદિજાતિ, અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ તેમજ આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મળતી માસિક સહાય **₹ ૩૪૦ નો વધારો કરી ₹ ૨૫૦૦ કરવાનો નિર્ણય**

> **"ગરવા ગુજરાતની પ્રગતિને આગવી ગતિ આપતું આ ઐતિહાસિક બજેટ વર્ષ ૨૦૨૬-૨૭ નાગરિક જીવનના તમામ પાસાને સ્પર્શી તેને બળ આપનારું અને સૌને વિકાસની સમાન તકો આપનારું બની રહેશે."**
>
> **- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

